સમાજ, સાહિત્ય અને સંસ્કારનું નૂતન માસિક

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ



જં સેયં તં સમાયરે

સંપાદક
સોમચંદ ડી. શાહ

[ વર્ષ ૧ લું. અંક ૬-૭ મો    શ્રાવણ, ભાદરવો સં. ૨૦૦૨ ]

વીર સં. ૨૪૭૨ અંક : ૬ : ૭ જુનું વર્ષ ૩ જું;
વી. સં. ૨૦૦૨ શ્રાવણ-ભાદરવો નવું વર્ષ ૧ લું;

# વિજય દર્શન


| | | | |
|---|---|---|---|
| નમ્ર નિવેદન | ... | સોમચંદ શાહ | ૧૪૯ |
| સંપાદકીય | ... | સંપાદક | ૧૫૦ |
| પળમાં પેલે પાર | ... | પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી | ૧૫૨ |
| શ્રી સિદ્ધગિરિ | ... | પૂ. મુનિરાજશ્રી દીપવિજયજી | ૧૫૫ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ | ... | પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી | ૧૫૭ |
| એની કાંઈ સમજ નથી | ... | શ્રી પ્રકર્ષ | ૧૫૯ |
| પ્રતિબિંબ પાડતા હસ્તાક્ષરો | ... | શ્રી પ્રવાસી | ૧૬૧ |
| પ્રાચીન પ્રથાનો નાશ | ... | પૂ. પં. પ્રવિણવિજયજી મ. | ૧૬૩ |
| મહાવિદેહ | ... | શ્રી પન્નાલાલ જ. મશાલીઆ | ૧૬૬ |
| કચુમ્બર | ... | શ્રી ચંદ્ર | ૧૬૯ |
| આરાધનાની સફળતા | ... | પૂ. આ. વિજયલબ્ધિસૂરીશ્વરજી | ૧૭૧ |
| જ્ઞાન ગોચરી | .... | સંપાદક | ૧૭૩ |
| સમાજને ચેતવણી | ... | પૂ. આ. વિજયભુવનતિલકસૂરીશ્વરજી | ૧૭૮ |
| શોધકદૃષ્ટિ અને સિદ્ધદૃષ્ટિ | ... | પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી | ૧૮૦ |
| મહાસાગરનાં મોતી | ... | પૂ. આ. વિજયરામચંદ્રસૂરીશ્વરજી | ૧૮૧ |
| કષાયોનું સ્વરૂપ | ... | પૂ. આ. વિજયામૃતસૂરીશ્વરજી | ૧૮૨ |
| સુસાધુ દુનિયાનો દીવો છે | ... | શ્રી મફતલાલ સંઘવી | ૧૮૪ |
| સાધર્મિક વાત્સલ્યનાં જમણો | ... | પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી | ૧૮૭ |
| શંકા–સમાધાન | ... | કું. મુ. દોશી | ૧૮૯ |
| રે મહત્વાકાંક્ષા તારા પાપે– | ... | શ્રી દર્શક | ૧૯૦ |
| એ રાજકુમારો | .... | શ્રી સોમચંદ શાહ | ૧૯૪ |
| નવી નજરે | ... | શ્રી નિરીક્ષક | ૧૯૭ |
| નવા સભ્યો | | | ૧૯૯ |
| લોક કહેવતોમાં સુભાષિતો | ... | પૂ. મુનિરાજશ્રી મહીમાવિજયજી | ૨૦૦ |
| ધર્મમાં સ્થિરીકરણ | ... | પૂ. મુનિરાજશ્રી રૂચકવિજયજી | ૨૦૧ |
| અહિંસાનો સાચો ખ્યાલ | ... | શ્રી વિપમ | ૨૦૩ |
| તરૂણ વીરને | ... | શ્રી અજ્ઞેય | ૨૦૪ |
| એ દિવ્ય આત્મા! | ... | મળેલું | ટાઇટલ પેજ |


છેલ્લા ફર્માના આઠ પેજનો નંબર ૨૦૫ થી ૨૧૨ સુધીનો સમજવો.

જૈન સંસ્કૃતિનું
# કલ્યાણ
સંદેશવાહક

| શ્રાવણ | અંક | લવાજમ |
|---|---|---|
| ભાદરવો | ૬.૭ | રૂા. ૪-૦-૦ |


卐

## 'કલ્યાણ'ના સભ્ય થવાના પ્રકારો

- રૂા. ૨૦૧) સંરક્ષક આજીવન સભ્ય.
- રૂા. ૧૦૧) સહાયક આજીવન સભ્ય.
- રૂા. ૫૧) શુભેચ્છક આજીવન સભ્ય.
- રૂા. ૨૧) પંચવર્ષીય શુભેચ્છક સભ્ય.
- રૂા. ૧૧) દ્વિવર્ષીય શુભેચ્છક સભ્ય.
- રૂા. ૪) માં વાર્ષિક ગ્રાહક.

સભ્ય બન્યા પછી લવાજમ ભરવાનું રહેતું નથી.

# નમ્ર નિવેદન

આપ સૌ સારી રીતે જાણો છો કે, મોંઘવારી આજે સીતમ છે. યુદ્ધ સમય કરતાં પણ પ્રીન્ટીંગ વગેરેના ભાવો આજે વધુ આપવા પડે છે, તેમજ ત્રિમાસિક મટી માસિક થયું એટલે સ્વાભાવિક રીતે ખર્ચ વધુ આવે.

ત્રિમાસિકરૂપે ચાલુ હતું ત્યારે વર્ષ દહાડે ૩૯ થી ૪૦ ફર્માનું વાચન અપાતું હતું ત્યારે આજે વર્ષે ૫૦ ફર્માનું વાચન અપાય છે, તેમજ ટાઈટલ વગેરેનો ખર્ચ પણ વધ્યો; છતાં લવાજમ તો રૂા. ચાર હતું તેને તે રાખ્યું છે.

'કલ્યાણ'નો વાર્ષિક ખર્ચ રૂા. ત્રણહજારનો છે, ત્યારે આવક બહુ ઓછી છે. છતાં સૌ કોઇના સહકારબળે જીવનનાવ મુશ્કેલીનો માર્ગ કાપી રહ્યું છે. અમારી ભાવના કલ્યાણ માટે ઘણી ઉચ્ચ છે અને એક નમુનેદાર પત્ર બનાવવાની ભાવના સેવી રહ્યા છીએ, પણ અમારી ઉચ્ચ ભાવનાની સફળતા ગ્રાહકો, શુભેચ્છકો, સહાયકો અને સભ્યો ઉપર અવલંબે છે.

પર્વાધિરાજ પર્યુષણપર્વના માંગલિક દિવસો નજીકમાં આવી રહ્યા છે, તે શુભ પ્રસંગે સૌ શુભેચ્છકો, ફુલ નહિ તો ફુલની પાંખડી મોકલી કલ્યાણને ખોટમાંથી ઉગારી લેશે. અને અમારી આર્થિક મુંઝવણને દુર કરશે.

પૂ. આચાર્યદેવાદિ મુનિવરો પણ કલ્યાણને હરેક રીતે સમૃદ્ધ બનાવવા ઘટતું કરશે, એવી શ્રદ્ધાપૂર્વકનું અમારૂં ટુંકું નિવેદન સમાપ્ત કરીએ છીએ. સહકાર નોંધાવી સૌ કોઇ સંતોષકારક અમારા નિવેદનનો જવાબ આપે, એજ એક શુભેચ્છા.

સોમચંદ શાહ




**પર્વાધિરાજ**

પર્યુષણ મહાપર્વનું શુભ આગમન ભાવુક આત્માઓને માટે પરમ માંગલિકનું કારણ છે. અનેક પૂણ્યશાલી ધર્માત્માઓ ધર્માનુષ્ઠાનો, તપશ્ચર્યાઓ, અને શાસનપ્રભાવનાનાં શુભકાર્યો કરી જીવનને ધન્ય બનાવશે. શહેરે–શહેર, ગામે–ગામ આરાધનાનું મહાપર્વ ચાલુ હશે. ત્યારે અમારા માનવંતા ગ્રાહક મહાશયોના હાથમાં "કલ્યાણ" પહોંચી ગયું હશે.

જૈન શાસનનાં મહા–પર્વો લોકોત્તર છે અને રહેવાનાં. લોકોત્તર માર્ગે પ્રયાણ કરવાની ઇંતેજારી સેવનારા જ લોકોત્તર પર્વોનું વાસ્તવિક આરાધન કરી શકે છે. આરાધક, આરાધન દ્વારા અવ્યાબાધ, અખંડ અને અદ્વિતીય એવા મોક્ષસુખને પામી શકે છે, પણ જેઓ જડવાદ અને બુદ્ધિવાદમાં ચકચૂર બન્યા છે તેઓ સંસારના સુખભોગોને મેળવવા અને વધારવા જતાં પર્યુષણ જેવા માંગલિક પર્વોનું વાસ્તવિક આરાધન કરી શક્તા નથી અને પરિણામે જીવનમાં સુખને બદલે દુઃખ આવી પડે છે.

વેરનું મારણ વેર નથી પણ ક્ષમા છે. ક્ષમા એ જીવનનો શત્રુ નથી પણ સાચો મિત્ર છે. જીવનને મહાન ઉલ્કાપાતોમાંથી પણ બચાવી લેવાની તેનામાં શક્તિ છે. જેઓ ક્ષમાના રહસ્યને પામી શકયા છે. અને આચરી ચૂકયા છે. તેઓ જ ધ્યેયને સિદ્ધ કરી શકે છે. અમે પણ 'કલ્યાણ' માસિકના સંચાલન અંગે ઘણાઓના સંસર્ગમાં આવ્યા છીએ એથી જાણે–અજાણે અમારાથી કોઇનોય અપરાધ થયો હોય તેની અંતરથી ક્ષમા યાચના કરીએ છીએ.

સૌ કોઇ આરાધનાના મહાપર્વનું વાસ્તવિક મહત્ત્વ સમજી કલ્યાણના માર્ગે વળે એજ અમે તો ઇચ્છીએ છીએ.

**કોમી રમખાણુઃ**

વર્તમાનમાં પ્રગતિનામે જડવાદ જોર કરી રહ્યો છે. કોમી રમખાણો જેવી ભયંકર અને દુઃખદ ઘટનાઓ ભારતના માનવીઓને નજરે નિહાળવી પડે છે એટલું જ નહિ પણ તેના ભોગ બનવું પડે છે. સાચું કહીએ તો એ જડવાદનું પરિણામ છે. એક કોમ બીજી કોમ ઉપર આક્રમણ કરી નિર્દય અને ક્રુર રીતે હુમલો કરે અને નિર્દોષ અને નિખાલસ હૃદયી માણસને પણ છરીનો ભોગ બનાવે અને મૃત્યના મ્હોંમાં ધકેલી દે એ પુણ્યભૂમિ ઉપર કેમજ બને ? છતાં આજે અંધાધુંધી ભેફાટ વધતી જાય છે ત્યારે માનવું પડે કે, ભારતના માનવીમાંથી આર્યત્વનું બહુમાન અને ખમીર ઓસરી ગયું છે. અમદાવાદના હુલ્લડના છાંટા બીજે પણ ઉડયા હતા અને કોમી વેર–ઝેરની ભભુકતી જવાળાને જોર આપ્યું હતું. હુલ્લડના રાક્ષસી પંજાથી જૈનોને પણ ઓછું નુકશાન થયું નથી. આપણા રક્ષણ કાજે આપણે શું કરવું જોઇએ તેનો વિચાર દરેકે કરી લેવાની આજે આવશ્યક્તા ઉભી થઈ છે. શાસનદેવ સૌને સદ્બુદ્ધિ આપે એજ ઇચ્છવા જોગ છે.

**ઉદ્દેશની ચોખવટઃ**

કલ્યાણના ઉદ્દેશ સંબંધી ઘણી વખત અમે લખી ગયા છીએ અને માસિકનું ધ્યેયબિન્દુ શું છે તેનો ખ્યાલ સૌ કોઇને આપ્યો છે, છતાં વિઘ્નસંતોષીઓ કે હિતશત્રુઓ

તરફથી અવળા પ્રચારની અવળનીતિ અખત્યાર કરાય છે અને **કલ્યાણ**ને જનતાની દ્રષ્ટિએ હલકું પાડવાની કોશીષ થાય છે. દુધમાંથી પોરા કાઢવાની ટેવ જેનામાં પડેલી છે તેવા માણસો **કલ્યાણ**ના માર્ગમાં કાંટા વેરવાનું કામ કરે છે તે વખતે અમારી ફરજ એ છે કે, તે કાંટાઓ ઉપાડી કોઈને ન વાગે તેવી જગ્યાએ ફેંકી દેવા અને જનતાને ચેતવણી આપવી કે, કાંટા વેરનારાઓથી ચેતતા રહેવું. **કલ્યાણ**ની પ્રગતિને રૂંધવા માટે યેનકેન પ્રકાર હાથ ધરી જનતાની આંખે પાટા બાંધવાનું કામ કરવું એ પોતાની જાત માટે પણ અહિતકર છે. હિતદ્રષ્ટિએ **કલ્યાણ**ને જેઓ સલાહ, સૂચના અને અમારી ખામીઓને જણાવે છે તેનો અમે આભાર સાથે સ્વીકાર કરીએ છીએ, એટલું જ નહિ પણ અમે તેઓના ઋણી છીએ. બાકી કોઇ ખોટી રીતે વગોવવાનો ઢોલ ગળામાં વળગાડી પીટતા હોય તો તેઓ જનતાની દ્રષ્ટિએ હાંસીને પાત્ર છે.

### સંયુક્ત અંક કેમ ?

તા. ૧૧-૭-૪૬ થી તા. ૪-૮-૪૬ સુધી પોસ્ટમાં હડતાળ હોવાથી વખતસર અમને લેખો મળ્યા ન હતા, તેમજ અન્ય કેટલાંક અનિવાર્ય કારણોને લઈ આ વખતે 'શ્રાવણ અને ભાદરવો અંક ૬-૭ સાથે કાઢવામાં આવ્યા છે. હવે પછી આસો મહીનાનો અંક તા. ૧૫-૧૦-૪૬ ના રોજ બહાર પડશે તેની ગ્રાહકબન્ધુઓ નોંધ લે. કેટલાક સંજોગોને લઇ **કલ્યાણ**ની વ્યવસ્થામાં ખામી આવે છે, પણ ~~તે ન~~ છૂટકે તેને અમારે તાબે થવું પડે છે ગ્રાહકો અમને દરગૂજર કરશે.

### ગ્રાહક નંબર

**કલ્યાણ**ના રેપર ઉપર લખવામાં આવતો ગ્રાહક નંબર તમારી ડાયરીબુકમાં લખી લ્યો અને જ્યારે કલ્યાણ સંબંધી પત્રવ્યવહાર કરો ત્યારે કાર્ડના મથાળે ગ્રાહક નંબર લખવા ચૂકવું નહિ, જેથી અમને અને તમને બેઉને વધુ સાનુકૂળતા રહેશે.

### અસાડ મહીનાનો અંક

અમદાવાદ-મુંબઇના અમારા માનવંતા ગ્રાહકોને અસાડ મહીનાનો અંક હડતાળને અંગે રવાના કર્યો ન હતો. તા. ૧૦-૮-૪૬ ના રોજ રવાના કર્યો છે. જે બન્ધુઓને અંક ન મળ્યો હોય તેઓએ તુરત જ જણાવવું.

### સહકાર

જે શુભેચ્છકો "કલ્યાણ" ની પ્રગતિમાં પોતાનો સહકાર નોંધાવી 'કલ્યાણ'ને સમૃદ્ધ બનાવવા કોશીષ કરે છે તે સૌનો આ સ્થાને આભાર માનીએ છીએ અને દિનપ્રતિદિન વધુ ને વધુ સહકાર આપશે એવી આશા રાખીએ છીએ. દરેક ગ્રાહકબન્ધુઓ પોતાની લાગવગનો ઉપયોગ કરી સભ્ય છેવટે ગ્રાહક બનાવી, "કલ્યાણ"ના ગ્રાહકો તેમજ સભ્યોમાં વધારો કરાવી આપશે.

### લેખકોને

ઘણા લેખો અમને સમયસર મળી જાય છે પણ પ્રેસની મુશ્કેલીને અંગે મેટર ઘણું વહેલું પ્રેસમાં આપવું પડે છે એટલે લેખો જેમ બને તેમ વહેલાસર મોકલવાની નમ્ર ભલામણ કરીએ છીએ. લેખો સીલીકમાં જો હોય તો હડતાળ જેવા અનિવાર્ય સંજોગોમાં પણ 'કલ્યાણ'નું કામ ખોરંભે ન પડે. કલ્યાણની પ્રગતિનો ખરો આધાર લેખક મહાશયો ઉપર જ છે અને તેઓશ્રીએ અમને આજસુધીમાં ઘણો સહકાર આપ્યો છે તે બદલ આભારી છીએ.

# પળમાં પાપને પેલે પાર

પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજ

આ વિરાટ વિશ્વમાં અનંતાનંત પ્રાણીઓ ભિન્ન ભિન્ન યોનિઓમાં અનંતા જન્મ–મરણ કરે છે. એમાં પ્રાણી અખૂટ કાળ વીત્યે, એક માત્ર સ્પર્શનેન્દ્રિય (શરીર) ધારી એકેન્દ્રિયજીવની અવસ્થામાંથી નદી ઘોળ પાષાણ ન્યાયે ઉંચી બેઇન્દ્રિયઆદિની અવસ્થામાં ચઢે છે, યાવત્ પુણ્યના પ્રાગ્ભારથી અમૂલ્ય માનવજીવન પણ પામે છે, પરંતુ જેને લઈને અનંતી કર્મરજ આત્માને મલિન કરી, ફરી નીચેની અવસ્થામાં પાછો ધકેલી દે છે; એવા અવિરતિ આદિ આશ્રવ (કર્મબંધના હેતુ) ને નિર્ભયપણે અને રસપૂર્વક એ સેવે જાય છે; અને એથી વિરતિ વગેરેનાં મોંઘામૂલાં–અનુપમ ફલને અવગણી, ૫-૫૦ વર્ષના અતિઅલ્પ માનવ આયુષ્ય જીવવાના બદલામાં પુનઃ અપાર સંસાર અટવીમાં, અસંખ્યકાળ દુર્ગતિઓમાં દોડવાનું ઉપાર્જે છે. વિરતિ આદિ સમ્યગ્ધર્મના બળે જે ટુંકી જિંદગી ભાવિ અનંતો કાળ સુધારી શકે, જે વિનશ્વરજીવન, અવિનાશી પદ પ્રાપ્ત કરાવી શકે, જે ફોગટ આયુષ્ય, મહાકિંમતી સમૃદ્ધિ મેળવી આપે એની આટલીબધી અવગણના ! !

વિચારો કે, તિર્યંચ કે મનુષ્ય મરીમરીને ફરી એવો જ જન્મ પામે તો સાત, આઠવાર, દેવતા, નારકી તો તુરત જ બીજો જન્મ એવો પામી શકે જ નહિ. જ્યારે દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવો એનો એ જન્મ સળંગ અખ્યાતા વર્ષો સુધી પામી શકે, પરંતુ એકેન્દ્રિય વધુમાં વધુ અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી ( એકેકમાં ૧૦ કોડાકોડી સાગરોપમ વર્ષો સમાય ) કે અનંતકાલચક્ર સુધી એવા ને એવા જન્મ પામી શકે છે; એ શાના બળે ? મિથ્યાત્વનો અભિનિવેશ એને નથી. ક્રોધ, માન, માયા, લોભ કષાયોનું જોર એને તેવું નથી, અને યોગ એટલે મન, વચન, કાયાની પ્રવૃત્તિ દોડધામવાળી એને નથી; હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ સર્વ શાસ્ત્રસંમત આ પાંચ મહાપાપમાંના કયા એનામાં પ્રગટ દેખાય છે ? છતાં અવિરતિ નામના આશ્રવના બળે કર્મલેપથી એવો લેપાયેલો રહે છે કે, યુગના યુગ વીત્યે પણ ઉંચો આવતો નથી.

વિરતિ એટલે પાપ ન કરવાનું પચ્ચક્ખાણ ( પ્રતિજ્ઞા ) અને એનું પાલન, પ્રતિજ્ઞા ન હોવી તે અવિરતિ. આ અવિરતિ પણ અઢળક કર્મ બંધાવે છે. નહિતર, ઉપર કહ્યું તેમ, એકેન્દ્રિય દા. ત. એક ઝાડનો જીવ હિંસા, જૂઠ વગેરે પાપ ન આચરવા છતાં કેમ મોક્ષ પામતો નથી ? લોકમાં તો કહેવાય છે કે, ' કરે તે ભરે ' આ જીવ જો પાપ કરતો નથી તો પાપના દંડરુપ દીર્ઘસંસારને શા માટે ભરે ? માટે અહીં સમજવું જોઈએ કે, આ જીવ દેખીતી રીતે પાપ કરતો નથી, પરંતુ એને પાપ ન કરવાની પ્રતિજ્ઞા (વિરતિ) નહિ હોવાથી, અવિરતિને લઈને, પાપ ન કરવા છતાં, અગણ્ય કર્મ અને દીર્ઘસંસાર ઉપાર્જે છે. આ રીતે વિચારતાં માનવ જેવો માનવ પણ જો વિરતિ માર્ગે ન ચઢે, તો ન આચારમાં આવતાં એવાં પણ અસંખ્ય પાપોની જવાબદારીમાંથી કેમ જ છૂટી શકે ? કર્મબંધ ક્યાંથી અટકે ? જ્યાંસુધી અવિરતિ છે એટલે કે પાપને વર્યો છે, પાપથી છૂટાછેડા નથી કર્યા ત્યાંસુધી દંડ ભરવાનું ચાલુ છે.

**પ્રશ્ન**—પાપ કરે નહિ છતાં કર્મ બંધાય એ શી રીતે ?

**ઉ૦—દુઃખં પાપાત્ સુખં ધર્માત્ સર્વ શાસ્ત્રેષુ સંસ્થિતિઃ**। સર્વ શાસ્ત્રો કહે છે કે, પાપથી દુઃખ અને ધર્મથી સુખ થાય; એટલે કે પાપ કાર્ય કરવાથી અશુભકર્મ બંધાય, અને એનું ફળ દુઃખ; ધર્મ કરવાથી શુભ કર્મ બંધાય, અને એનું ફળ સુખ. હવે અહીં ખાસ એ

સમજવાનું છે કે, પાપ કે ધર્મ કરવાનું ત્રણ રીતે બને— ( ૧ ) સ્વયં કરે ( ૨ ) બીજા પાસે કરાવે, કે ( ૩ ) કોઈ કરે એમાં સંમતિ કે રાજીપો રાખે અથવા એની પ્રશંસા કરે. અનાદિકાળથી આત્માએ આ ત્રણમાંથી કોઈને કોઈ રીતે પાપ કરવાનું ચાલુ રાખ્યું છે. પાંચે ઇંદ્રિયોનાં મનગમતાં વિષયસુખો અને એનાં સાધનો મેળવવા, ભોગવવા, સાચવવા, વધારવા વગેરેનાં તેમજ એને અંગે કરાતાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ ( સંગ્રહ અને મૂર્છા ), ક્રોધાદિકષાયો વગેરેનાં સંખ્યાબંધ પાપો કેટલાંય પોતે કરે છે, કેટલાંય બીજા પાસે કરાવે છે, અને બીજાથી કરાતાં ઘણુંય પાપોમાં પોતે સંમત હોય છે, પોતે એને સારાં માને છે, પ્રશંસે છે, ઈત્યાદિ આ ત્રીજા પ્રકારનું પાપ વિશેષે સમજવા જેવું છે એને અનુમોદના-અનુમતિનું પાપ કહે છે. અમેરિકન કંપની જીવોના મહાન આરંભ–સમારંભ કરી ઘરાક માટે માલ બનાવતી હોય અને દૂરદેશના ઘરાક તે માલ લેતા હોય, માલને સારો માનતા હોય, એટલે સહેજે ઘરાકની એ આરંભાદિમાં અનુમતિ રહી, કોઈ જીવે ગતભવમાં એક યંત્રશાળ ઉભી કરી હતી, પણ મરી ગયા બાદ આ બીજા જીવનસુધી એમાંથી પોતાની અનુમતિ ઉઠાવી ન લીધી ત્યાંસુધી એનું પાપ, એને અંગે કર્મબંધ પોતાને લાગે. કહેશો કે, હવે તો ત્યાં બીજો જીવ એ યંત્રશાળ ચલાવે છે, એમાં આ જીવને શું ? તો સમજો કે, જો કદાચ એ બીજો જીવ આ જીવને એ સોંપવા કે એનો નફો આપવા તૈયાર થાય તો આ લે કે નહિ ? તમને લાગશે કે, જ્યારે એ લે ત્યારે તો પાપ લાગે પણ તે પહેલાં શાનું ? એ માટે વિચારવું જરૂરી છે કે, આ જીવ એ યંત્રશાળ પાછી લેવા તૈયાર થાય છે તે કઈ બુદ્ધિએ ? એ બુદ્ધિએ કે 'ગતજન્મમાં મેં એ વોસરાવી–ત્યજી દીધી નથી. એ પાછી ન લેવાની મારે પ્રતિજ્ઞા ( વ્રત ) નથી, એટલે લેવામાં કોઈ વ્રત ભાંગતું નથી.' આ શું સૂચવે છે ? એ, કે યંત્રશાળ ન રાખવા–ચલાવવાના સોગન (નિયમ) ન હોવાથી, જીવને એ રાખવા–ચલાવવાની છૂટ છે, સંમત છે; અને યંત્રશાળ પાછી નથી લીધી ત્યાં-સુધી પણ સંમતિ ચાલુ છે તો પછી સંમતિનું પાપ કેમ ન લાગે ? 'મારે તો ભાઈ, 'માંસ ન ખાવાની પ્રતિજ્ઞા નથી' એનો ભાવ એ છે કે 'મારે એ ખાવાની છૂટ છે, વ્રતનો બાધ નથી' એટલે માંસ તો જે ખાશે ત્યારે ખાશે, પરંતુ 'આપણે તો ભાઈ, છૂટા છીએ' આ બુદ્ધિથી એને અવિરતિનું પાપ સદા પ્રતિક્ષણ જાગ્રત છે, ચાલુ છે. માટે કહેવાય કે, અનાદિકાળથી આ જીવને અવિરતિ સાથે સંબંધ છે, એમાંથી જેટલા જેટલા પ્રમાણમાં પ્રતિજ્ઞા રૂપી નોટીસ આપી છૂટો થાય, તેટલા અંશે પાપમાંથી બચે.

જેમ મ્યુનિસિપાલીટીને જો નોટીસ આપ્યા વિના બારમાસ સુધી ઘરધણી બહારગામ રહે અને તેથી એનો પાણીનો નળ કે ગટર ન વાપરે, તોપણ એનો ટેક્ષ ભરવો પડે, કેમકે પાણી ગટર વાપર્યા નથી પરંતુ વાપરવાની સંભાવના-સંમતિ હતી. એવી રીતે ભાગીદારીની દુકાનમાં 'બારમાસ માટે નફા–નુકસાનમાં મારો ભાગ નહિ' આવી નોટીસ આપ્યા વિના ભાગીદાર બહારગામ જાય તો તે દરમીયાન પોતે ખોટનો વેપાર ન કરવા છતાં ભાગીદારે કરેલા વેપારની ખોટના ભાગી બનવું પડે. જેમ વ્યાજ ઠરાવ્યા વિના એમને એમ શરાફને ત્યાં જમા કરાવેલ રકમનું વ્યાજ ન મળે.

જેમ વર્ષોથી ચાલ્યા આવતા ગુમાસ્તાને જાહેર નોટીસથી શેઠ પોતાના ધંધા અંગે વ્યવહાર કરવાનો અનધિકારી ન ઠરાવે ત્યાંસુધી, એ ગુમાસ્તાએ બીજાને ત્યાંથી ઉપાડેલ રકમની જવાબદારી શેઠ પર જ આવે, ભલે શેઠે જાતે રકમ ઉપાડી નથી કે ઉપડાવી નથી અને ગુમાસ્તાએ સ્વયં લુચ્ચાઇથી શેઠના નામે બીજેથી રકમો ઉપાડી છે તોપણ તે શેઠને રકમ ભરવી પડે છે, તેવી રીતે પાપની પ્રતિજ્ઞા કરી અવિરતિને નોટીસ આપી છૂટું ન થવાય ત્યાંસુધી એ પાપ ન કરવા છતાં કર્મબંધ લાગે.

શ્રી ભગવતીજીમાં કહ્યું છે કે, એક ઝાડનો જીવ કાળ કરી જાય તોપણ, એ ઝાડના લાકડામાંથી બનાવેલા બાણથી થતી પ્રાણાતિપાત આદિ પાંચે ક્રિયાઓ એ જીવને ભવાંતરમાં પણ લાગે એટલે અવિરતિ ( એ શરીરની મૂર્છા છોડવાની પ્રતિજ્ઞા નથી કરી તે ) ને લઇને કર્મબંધ ભવાંતરોમાં પણ ચાલુ રહે. અહીં ખુબી એ છે કે, એ જ ઝાડના લાકડામાંથી કોઈ પરમાત્માની મૂર્તિ બનાવી પૂજે તો એના પુણ્યનો હિસ્સો પેલા ઝાડમાંથી ગયેલા જીવને ન મળે. એનું કારણ પૂર્વે કહી આવ્યા છીએ કે, પુણ્ય પણ કાં સ્વયંધર્મ કરીને, કાં ધર્મ કરાવીને, કે કોઈ ધર્મ કરે એમાં સંમતિ, રાજીપો, પ્રશંસાદિ રાખીને બંધાય. ઝાડના જીવને આ ત્રણેમાંનું એકે નથી, એટલે પુણ્ય શી રીતે બંધાય ? જ્યારે બાણ બન્યું ત્યાં અવિરતિ તો છે, મૂર્છા ત્યજી નથી માટે, એટલે પાપકાર્યમાં સંમતિ હોવાથી, નિષેધ ન હોવાથી, પાપ બંધાય. પુત્રને લાખનો વારસો, ' આને બરાબર સાચવજે ' એમ ભલામણ કરી, આપી જનાર બાપને ભવાંતરમાં પણ એને અંગેનો પાપ કર્મબંધ લાગે; પણ પુત્ર સ્વેચ્છાથી એમાંથી પચાસ હજારનું ધર્મકાર્ય કરે, મંદિર બંધાવે, એ અંગે બાપને લગારેય શુભ પુણ્ય ન બંધાય; કેમકે બાપે સ્વયં તો એ ધર્મકાર્ય કર્યું નથી તેમ એ દીકરા પાસે પોતે કરાવ્યું પણ નથી, ' દીકરો એ ધર્મકાર્ય કરે તો સારૂં ' એવું ઇચ્છિયું નથી; એથી પુણ્યબંધનો ત્રણમાંથી એકેય માર્ગ રાખ્યો નથી, માટે એ અંગે લગારે પુણ્ય ન બાંધે.

(૧) આ ઉપરથી વિરતિમાર્ગની બલિહારી સમજી, પહેલું એ નક્કી કરી લેવું જોઇએ કે, જીવનમાં આપણને જરૂર જ ન પડે એવા કયા કયા પાપો છે; અને પછી એ ન કરવાના પચ્ચક્ખાણ ( પ્રતિજ્ઞા ) લઈ લેવા જોઇએ.

( ૨ ) જે પાપો જીવનમાં આચરવા પડે એવા છે એ પણ જીવનના કયા કયા સમયે આપણે આચરતા નથી એ નક્કી કરી એટલા સમય માટે એની વિરતિ લઈ લેવી જોઇએ.

( ૩ ) જે સમયે જે પાપો આચરવાં પડે છે તે સમયે પણ તે જેટલા અંશે આચરવાનાં હોય તેથી વધુ માટે વિરતિ કરી શકાય.

( ૪ ) જીવનમાં જરૂરી ગણાતામાંથી પણ, મનની વૃત્તિઓ ( તૃષ્ણા ) પર કાપ મૂકી શકાય અને પ્રતિજ્ઞા પાળી શકાય તે મુજબ, સંકોચ કરી તે અનુસારે વિરતિ સ્વીકારી શકાય, અથવા કારણ પડે એનો ઉપયોગ કરવો પડે એમ લાગતું હોય તોય ' આ આ....કારણ સિવાય આ આચરવું નહિ ' એમ વિરતિ લઈ શકાય.

જીવનમાં જે પાપ આપણે આચરવાના નથી એની પણ વિરતિ કરવાથી, એની અવિરતિથી થતા મહાન્ અશુભ કર્મ બંધાતાં અટકી જાય છે. એથી વિરતિ–પ્રતિજ્ઞા કરવાનું કાર્ય પળનું, અને લાભ, અગણિત પાપ ઓળંગી જવાનો. આથી જ કહેવાય કે ' પળમાં પાપને પેલે પાર ' કેમકે આમાં પ્રતિજ્ઞાની પળ સિવાય જીવનમાં બીજું સહવાનું શું છે ?

**શ્રી શત્રુંજયની યાત્રાએ તો ઘણા જાય છે પણ જોઈતો ઉપયોગ આજે રહ્યો નથી.**

# શ્રી સિદ્ધપ્રભાવિ સિદ્ધગિરિ

પૂ. મુનિરાજશ્રી દીપવિજયજી મહારાજ
સંવેગી જૈન ઉપાશ્રય : : : વઢવાણશહેર

કોડ સહસ ભવ ભ્રમણથી, કઠીન કર્મ કર્યાં જેહ;
શ્રી શત્રુંજય ધ્યાનથી, ડગલે પગલે ખેહ.

જે ગિરિરાજના પ્રભાવથી ક્રુર પ્રાણીઓ પણ એકાવતારી બની જાય તે સિદ્ધાચલની સન્મુખ વિધિ અને વિવેકપૂર્વક ડગલું ભરતાં ક્રોડ સહસ ભવનાં કરેલાં પાપો ક્ષય પામે છે; એ બિલકુલ અતિશયોક્તિ નહિ પરંતુ તદ્દન સત્ય છે.

'છ' રી પાળતાં જવું તે વિધિ અને ક્યારે કોની સાથે કેવી રીતે બોલવું કે વર્તવું તે જાતની વિચારણા તેનું નામ વિવેક. અદ્‌ભૂત ચમત્કારી શ્રી વિમલગિરિરાજની યાત્રા કરવાની ભાવના મૂર્તિપૂજક આત્માને થાય એ તો સ્વાભાવિક જ છે, પરંતુ જૈન–જૈનેતર, આર્ય કે અનાર્ય યાત્રા કે નિરીક્ષણ કરવાને આવનાર પણ આ ગિરિરાજની પવિત્રછાયાથી કંઇને કંઈ પામી જાય છે. જે ગિરિરાજ ઉપર જાતિવૈરથી લડનાર, ઝઘડનાર તિર્યંચો પણ એકાવતારીપણાને પામ્યાના દાખલાઓ શ્રી શત્રુંજય મહાત્મ્યાદિ ગ્રંથોમાં અનેક સ્થળે છે. તો પછી માનવપ્રાણી ગિરિરાજની ભક્તિથી શાશ્વતસુખને પામે એમાં તો શંકાને સ્થાન જ નથી.

ઉત્કૃષ્ટ વિધિ તો એ છે કે, ઘેરથી જ 'છ' રી પાળતાં જવું જોઈએ, પરંતુ દરવર્ષે કે દરવખત તેમ ન બની શકે તો પણ જીંદગીમાં એકાદ વખત તો જરૂર જવું જોઈએ. હવે વાહનથી જનારે પણ હેય, ઉપાદેય અને જ્ઞેયનો વિવેક તો રાખવો જોઈએ, તેમાં પ્રથમ હેય તરીકે રાત્રિભોજન, કંદમૂળ, બોળઅથાણું, મૈથુન, જુગાર, ગંજીપો, ચોપાટ, કે બીજી કોઈ કુતુહલની રમતો, કે નિંદા, વિકથા, ઈર્ષ્યા વગેરે દુર્ગુણોથી દૂર રહેવાની ખાસ કાળજી રાખવી જોઈએ.

ઉપાદેય તરીકે સામાયિક, ઉભયટંક આવશ્યક ક્રિયા, દર્શન, પૂજા, દાન, શીયલ, તપ, ભાવ વગેરે કે જે હંમેશાં કરવા યોગ્ય અનુષ્ઠાનો વધારે પ્રમાણમાં કરવાં. પણ સામાયિક મૂકયું શેરીમાં અને પ્રતિક્રમણ મૂક્યું પાધરમાં તેના જેવું ન થવું જોઈએ.

જ્ઞેય તરીકે, તીર્થ એટલે શું ? અને ત્યાં શા માટે જવું જોઈએ, નવાણુંયાત્રાનો હિસાબ કેમ ? સિદ્ધાચલ અન્યતીર્થો કરતાં અધિક પવિત્ર કેમ ? ગઈ ઉત્સર્પિણી અને વર્તમાન ચોવીસીમાં સિદ્ધિપદને પામેલા અસંખ્યાતા પૈકી પ્રસિદ્ધિમાં આવેલા મહાત્માઓમાંના કોણ, ક્યાં અને કેટલા પરિવાર સાથે મુક્તિને વર્યા તેનું જાણપણું મેળવવું તે જ્ઞેય કહેવાય છે.

પહેલાં તો નીચે ચાલતો જીવજંતુ દ્રષ્ટિથી દેખાય ત્યારે રહેઠાણથી અડવાણે પગે નીકળવું, તેમાં પ્રથમ જુની તલાટી કે જેમાં આદીશ્વરદાદા તથા ગૌતમસ્વામી અને શ્રી મણિવિજયજી મહારાજનાં પગલાં એમ ત્રણ જોડી પગલાંની ત્રણ દેરીઓ ખુશાલભુવનની પૂર્વદિશામાં પાણીની ટાંકી પાસે આવેલ છે. ત્યાં દર્શન કરી ગિરિરાજ સન્મુખ જયાણપૂર્વક ચાલતાં ભાતાની તલાટી આગળ ચાલતાં, આગમમંદિરના બારણાની સન્મુખ પૂર્વમાં ચોતરા ઉપર દેરીમાં ગોડીજીપાર્શ્વનાથની પાદુકા છે ત્યાં દર્શન કરી આગળ જતાં પરમપાવન શ્રી ગિરિરાજની તલાટી શોભે છે. ત્યાં ગિરિરાજને સોના-રૂપાનાં ફુલે યથાશક્તિ વધાવી વિધિપૂર્વક ચૈત્યવંદન કરી માનવભવ તથા તે દિવસને ધન્ય માનતાં ગિરિરાજ ઉપર

ચઢવાની શરૂઆત કરતાં જમણીબાજુની દેરીમાં ૨૮ લબ્ધિના ભંડાર ગુરૂ ગૌતમસ્વામી મહારાજનાં પગલાં અને આગળ શ્રી આદિનાથની જોડે શ્રી શાંતિનાથ અને અજિતનાથસ્વામીની પાદુકાનાં દર્શન કરી, આગળ જતાં કુંથુનાથજીનાં તથા બીજી ત્રણ દેરીઓમાં પગલાં છે. [ લેખ વંચાતા નથી ] ત્યાં દર્શન કરી 'હડા' ચડવાની શરૂઆત કરી, પહેલો છોડી, બીજે વિસામો ચઢતાં જમણીબાજુ શ્રી ભરતચક્રવર્તી કે જેઓ આ અવસર્પિણીમાં પ્રથમ ચતુર્વિધ સંઘ લઈને આવ્યા અને પહેલો ઉદ્ધાર પણ તેમણે જ કરાવ્યો, તેમજ આરિસાભુવનમાં અનિત્યભાવના ભાવતાં કેવળજ્ઞાન પામ્યા તેમના પગલાં છે. ત્યાંથી આગળ ચાલ્યા એટલે ત્રીજે વિસામો મૂકી ચોથે વિસામે જતાં જમણીબાજુ એક દેરીમાં પગલાં જોડી ત્રણ; તેમાં ૧ શ્રી નેમિનાથ ભગવાનનાં, ૨ શ્રી આદીશ્વર પ્રભુનાં, ૩ શ્રી વરદત્ત ગણધરનાં દર્શન કરી આગળ ચાલ્યા એટલે પાંચમો વિસામો છોડી, છઠે વિસામે કુમારકુંડની પાસે જમણી બાજુ જરા ઉંચાણમાં જે દેરી છે તેમાં શ્રી ઋષભદેવ સ્વામીનાં પગલાનાં દર્શન કરી ચાલ્યા એટલે **હીંગલાજનો હડો કેડે હાથ દઈ ચડો; ફુટયો પાપનો ઘડો, અને બાંધ્યો પુણ્યનો પડો.** તેનાં પગથીઆં ચડી રહ્યા પછી પાણીની પરબ સામે ઉભા રહેતાં ડાબા હાથ ભણી ચોતરા ઉપર દેરીમાં (૧૮૩૫ની સાલના લેખવાળા) શ્રી પાર્શ્વનાથના પગલાનાં દર્શન કરી, જરા આગળ વધ્યા એટલે ડાબી બાજુ સમવસરણને આકારે દેરીમાં (વર્ધમાન સ્વામીના નામના લેખવાળા) પગલાં છે. **'વીરજી આવ્યા રે; વિમલાચલકે મેદાન સુરપતિ પાયા રે, સમવસરણ મંડાણ,** અહીં પ્રભુ મહાવીરે દેશના આપી અને સૌધર્મેન્દ્રના પૂછવાથી પુંડરીકગિરિ આદિ ૧૦૮ ગિરિરાજનાં નામોનું વિસ્તારથી વર્ણન કર્યું હતું. તે વિસ્તાર જાણવા ઈચ્છનારે સુવિહિત શિરોમણી શ્રી ધનેશ્વરસૂરીશ્વરજીનું રચેલું શ્રી શત્રુંજય મહાત્મ્ય જેવું. અહીં દર્શન કરી આગળ જતાં 'છાલા કુંડ' પાસે એક દેરીમાં ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન એ ચાર શાશ્વત તીર્થંકરોનાં પગલાં છે, અને જમણી બાજુ ઉંચાણમાં એક પગ રસ્તે જરા ઉંચા ચઢતાં ગોરજી નામથી ઓળખાતા ઓરડામાં શ્રી પદ્માવતી દેવીના મસ્તક ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ બિરાજે છે. તે સિવાય કુંડ ઉપર તથા બાજુમાં પણ પગલાં છે. ત્યાંથી ઉતરવાને રસ્તેથી ચાલુ રસ્તે અવાય છે. ત્યાંથી બે હડા ચઢ્યા એટલે સપાટ જમીનમાં જરા આગળ ચાલતાં સામે એક પહોળા ચોતરા ઉપર દેરીમાં શ્યામ વર્ણની ઉભી ચાર મૂર્તિઓ કે જે ૧ દ્રાવિડ અને ૨ વારિખિલ્લ જેઓ ૧૦ ક્રોડ મુનિઓ સાથે કાર્તિક પૂર્ણિમાએ સિદ્ધિપદને પામ્યા છે. ચાલુ સમયમાં પણ કાર્તિકી મેળામાં આ સ્થાને મહોત્સવ થાય છે. અને વિવેકી જનો ત્યાં ચૈત્યવંદનાદિ કરી ભક્તિ કરે છે. આ દ્રાવિડ અને વારિખિલ્લ તે ઋષભદેવ સ્વામિના પૌત્ર થાય. તેમજ તે દેરીમાં ૩ જી મૂર્તિ અઈમુત્તા કે જે રાજીમતિના ભાઈ થતા હતા. તેઓ સંયમ લઈ કેવલી થયા. પછી નારદઋષિ પાસે શ્રી શત્રુંજય મહાત્મ્ય કહ્યું અને ચોથી મૂર્તિ શ્રી નારદ ઋષિની છે. શ્રી શત્રુંજય મહાત્મ્ય સાંભળ્યું અને તેઓ એકાણું (૯૧૦૦૦૦૦) લાખ મુનિઓ સાથે મોક્ષે પધાર્યા [ ચાલુ ]

# અમૃતમય ક્રિયા માટે દિગમ્બરાચાર્ય કુંદકુંદાચાર્ય શું કહે છે તે વાંચો !

## દ્રવ્યગુણપર્યાયનો રાસ

પૂ. મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મ૦

ભગવાન્ જિનેશ્વર દેવના શાસનની પવિત્ર એવી ધર્મક્રિયાઓ કરનારો વર્ગ, આજે સમાજમાં દિન-પ્રતિદિન ઘટતો જાય છે. જડવાદના પુરમાં તણાયેલા અને દુનિઆદારીના રંગરાગમાં ખુબ ખુબ મહાલનારા આત્માઓને આ ઉત્તમ ક્રિયાઓ કરવી પ્રાયઃ રૂચતી નથી. કેટલાક બિચારા જમાનાની અને દેશકાળની ઝેરી હવાથી એવા ગુંગળાઇ ગયા છે કે, જે ગુંગળાટમાં ને ગુંગળાટમાં એક મૂર્ખ માણસને છાજે એ રીતે જગતના ચોગાન વચ્ચે ખુલ્લંખુલ્લા કહે છે કે, "મંદિરમાં જવાથી વિશેષતા શું છે? ધર્મ તો આત્માના ઘરની વસ્તુ છે. અંતર, પવિત્ર હોય તો આત્મા એજ દેવ છે અને શરીર એ મંદિર છે." આવું બોલનારાઓ પાન, બીડી કે સીગારેટને ફુંકી ભક્ષ્યાભક્ષ્ય કે પેયાપેયનું ખાવા-પીવામાં ભાન ભૂલી શરીર રૂપી મંદિરને કે આત્મા રૂપી દેવને અભડાવતાં જરાએ સંકોચ કે શરમ પામતા નથી. એવાઓને સીનેમા-નાટકમાં ભટકવામાં, અશ્લિલ ચિત્રો જોવામાં કે કામ કથાઓ કરવામાં જરાએ કંટાળો આવતો નથી; પણ ઉપરથી રસ ઉત્પન્ન થાય છે. ખરેખર, જ્યારે એવાઓને ધર્મક્રિયા કરવાનો વખત આવે છે ત્યારે જ એ લોકો ઝટ બોલી ઉઠે છે કે, "અર્થ સમજ્યા વગરનું કામનું શું? પૌષધ, પ્રતિક્રમણ કે સામાયિક કરવા છતાં મન શુદ્ધ ન થાય તો આ બધું ફોગટ."

ખ્યાલમાં રાખવું જોઇએ કે, જે લોકો અમૃત-મય એવી ધર્મક્રિયાઓમાં ઈરાદાપૂર્વક આળસ અને પ્રમાદ કરે છે અને શાસ્ત્રની અપેક્ષિત વાતો લઇને પોતે નથી કરતા એ વ્યાજબી કરી રહ્યા છે, એવું જગતના હૈયામાં ઠોકી બેસાડવા પ્રયત્ન કરે છે, ત્યારે હરકોઇ આરાધકના હૈયામાં એમ થાય છે કે, જિનભાષિત એવી ધર્મક્રિયાઓ નહિ કરવાની ખુદ્દલ વૃત્તિજ આ પામરો પાસે આ જાતનું ધતીંગ ઉભું કરાવે છે.

જે લોકો ધર્મક્રિયા કરવામાં આળસુ અને પ્રમાદી છે, તેઓ પણ પોતાનાં હૈયામાં જીવતો અને જાગતો આરાધક ભાવ રાખવાની સાચી જ ભાવનાવાળા જો હોય, તો પહેલી જ તકે તેમણે અમૃતમય ક્રિયાઓ કરવામાં આડખીલી રૂપ એવા પોતાના પ્રમાદને પુનઃ પુનઃ ધિક્કારવો જોઇએ.

આજે તો પરિસ્થિતિ એ ઉભી થઇ છે કે, સમાજમાં એક મોટો વર્ગ એવો છે કે, જેઓના હૈયામાં ધર્મક્રિયા કરવાની સાચી રૂચી કે ધગશ બેઠી નથી. એજ સ્થિતિમાં એમની અરૂચિ એ પણ ગેરવ્યાજબી નથી, પણ વ્યાજબી છે. કેમકે જીવે ધર્મક્રિયાઓ અનંતીવાર કરી અને એને અંગે પૂણ્યરૂપી એંઠ ઘણી ભેગી કરી છતાં આત્માનો નિસ્તાર થયો નહિ. આથી આત્મ નિસ્તાર કરવાની જેના હૈયામાં સાચી ભાવના હોય, તેણે માત્ર આત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન ધરવું, દેહથી આત્મા જુદો છે એવું વિચારવું; કેમકે આજ સાચો ધર્મ છે." આવું કહેનાર કોઈ સદ્ગુરૂ જ્યારે મળી જાય છે ત્યારે પેલા વર્ગની દશા દારૂ પીધેલા વાંદરાને કોઈ વીંછુ કરડાવે એવી થાય છે.

એ લોકો ધર્મક્રિયાના રસીક એવા આત્માઓને કહે છે. જુઓ! અમે ન્હોંતા કહેતા કે, ધર્મક્રિયાઓ એ ધર્મ નથી, પણ આત્માનું શુદ્ધ સ્વરૂપ એજ ધર્મ છે. તમે લોકો અમારૂં કહ્યું માનતા ન્હોંતા. જુઓ! આ સદ્ગુરૂ દેવ (?) શું કહે છે. જરા એમને સાંભળો તો ખરા! આ બધી વાતની પાછળ નિષ્કર્ષ એ નીકળે છે કે, જે લોકોને ધર્મક્રિયાઓ ન્હોતી ગમતી તે લોકોને "જોઇતું તું ને વૈદ્યે કીધુ" એ ઉખાણાના ન્યાયે એમના જેવા સદ્ગુરૂ (?) પણ મળી જાય છે.

જિનેશ્વર દેવના શાસનની આરાધના કરનારા આત્માઓએ ધ્યાનમાં રાખવુ જોઇએ કે, અમૃતમય એવી ધર્મક્રિયાઓ એ ઉંચામાં ઉંચી કોટિનો સદાચાર છે, અપૂર્વ કોટિનું અમૃત છે અને આત્મ ગુણોને પુષ્ટ કરવા અજબ ગજબ કોટિનું રસાયણ છે. જાણે અજાણે પણ તેનું નિર્મૂલન કરનારા આત્માઓ પોતાના અને પારકાના આત્મ ગુણોને ખીલવવાનાં દ્વારોને બંધ કરનારા પ્રવચનપ્રત્યનિકો છે.

આપણે ગત અંકમાં જોઇ આવ્યા કે, સમર્થ વિદ્વાન શ્રીમાન્ કુંદકુંદાચાર્યે **સમયસાર** નામના ગ્રંથની રચના કરી શુદ્ધનયની અપેક્ષાએ આત્માના શુદ્ધ સ્વરૂપને જેમ સુંદર પ્રકારે છણ્યું છે. તેમ તેજ આચાર્યે **પ્રવચનસાર** નામના ગ્રંથમાં આત્માના શુભ ઉપયોગને ઘણો જરૂરી અને અવસ્ય કરણીય તરીકે ઓળખાવ્યો છે; છતાં પણ **સોનગઢવાસી કાનજી** સ્વામીજી એક શુદ્ધ ઉપયોગને જ ધર્મ તરીકે બતાવી સર્વ અવસ્થામાં અને સર્વ અપેક્ષાએ શુભ ઉપયોગને જે હેય તરીકે ઓળખાવે છે તે સુચવે છે કે, તેઓ કુંદકુંદાચાર્યનાં પ્રામાણિક વચનો ઉપર પગ મુકી પોતાની કપોલકલ્પિત માન્યતાનો જ પ્રચાર કરનારા છે. આમાં નથી તો તેઓ કરતા કુંદકુંદાચાર્યની સાચી ભક્તિ કે નથી તો સાચવતા પોતાના પરિચિતોની સાચી ભાવદયા. **અસ્તુ**! આપણે તો અહિં એ જોવું છે કે, શુભ ઉપયોગનું, અવસ્થા વિશેષમાં સમર્થન કરનાર કુંદકુંદાચાર્ય પોતાના બનાવેલા **પ્રવચનસાર** નામના ગ્રંથમાં શું શું ફરમાવે છે?

તેઓશ્રી **પ્રવચનસાર** નામના ગ્રંથમાં ચારિત્રાચારના અધિકાર વાળી ૨૯ મી ગાથામાં ફરમાવે છે કે—

**"एक्कं खलु तं भत्तं, अप्पडिपुण्णोदरं जहालद्धं;**
**चरणं भिक्खेण दिवा ण रसावेक्खं न मधुमंसं."**

**શબ્દાર્થ:**—નિર્વિકલ્પક સમાધિ પ્રાપ્ત કરવાની ઇચ્છા વાળા સાધુએ એકવાર ઉણોદરી પ્રાસુક અને નિર્દોષ એવો આહાર કરવો, તે આહાર પણ દિવસે, રસગૃદ્ધિ વગર, અને મધુમાંસઆદિ અભક્ષ્ય પદાર્થો વિનાનો હોવો જોઇએ.

આ વસ્તુનું સ્પષ્ટિકરણ કરતાં ટીકાકાર **અમૃતચંદ્રસૂરિજી** મહારાજ ફરમાવે છે કે, નિર્વિકલ્પક સમાધિના ઇચ્છુક એવા સાધુએ પોતાને માટે કરેલો, કરાવેલો કે અનુમોદેલો એવો આહાર કદી પણ લેવો નહિ. કારણ કે, દ્રવ્યહિંસા એ ભાવહિંસામાં કારણ છે અને ભાવહિંસા એ આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવામાં પ્રતિબંધક છે. જ્યારે દ્રવ્યઅહિંસા એ ભાવ અહિંસામાં કારણ છે અને ભાવ અહિંસા એ રાગાદિ ઉપાધિ રહિત ચિદાનન્દ સ્વરૂપ નિશ્ચય પ્રાણમાં કારણ છે. અર્થાત્ ચારિત્રનો ખપી એવો સાધુ પોતાને માટે એષણીય, પ્રાસુક અને કલ્પ્ય એવો આહાર ગ્રહણ કરે તો તે આહાર તેના માટે દ્રવ્ય અહિંસા વાળો કહેવાય અને એવો આહાર રાગાદિ ચેષ્ટા રૂપ ભાવ હિંસાને લાવતો નથી, એટલે કે ભાવ અહિંસામાં સહાયક બને છે અને ભાવ અહિંસા એ શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવામાં અનન્ય ઉપકારક બને છે.

**વિવેચનાર્થ:**—જે કુંદકુંદાચાર્યે **સમયસાર** નામના ગ્રંથમાં શુદ્ધનયની અપેક્ષાએ દેહ અને આત્માને ભિન્ન તરીકે સમજાવ્યા છે. તેજ આચાર્ય **પ્રવચનસાર**માં સાધુ માટે એક જ વાર ભોજન જોઇએ, એથી અધિક વાર ન જોઇએ, એમ કહી આચાર ઉપર કેટલો ભાર મુકે છે. ખરેખર જે લોકો આજે પાંચ સાત કે દશવાર દિવસમાં ખાય છે, અને રાત્રે ખાવામાં પણ વિવેક, મર્યાદા કે લજ્જા રાખતા નથી, તે લોકોની આગળ એમ કહ્યું કે, માત્ર શુદ્ધ સ્વરૂપ એજ ધર્મ છે અને દેહની અને આત્માની ક્રિયા જુદી છે. દેહ કાંઈ પણ ક્રિયા કરે તેમાં આત્માને કંઈ લાગતું-વળગતું નથી, કેમકે આત્મા કર્તા નથી; પણ માત્ર જ્ઞાતા છે." એ બાળકના હાથમાં રાજીસ ચપ્પુ આપવા જેવું શું નથી કે? જેણે ઘરબાર છોડયાં, કુટુંબ પરિવારનો ત્યાગ કર્યો, સ્વજનોનો સ્નેહ છોડયો, દ્રવ્યભાવથી સંસારનો ત્યાગ કર્યો તેવા મહર્ષિ માટે શ્રીમાન્ કુંદકુંદાચાર્ય જેવા સમર્થ વિદ્વાન્ એમ કહે કે, ભાગ્યશાળી નિર્વિકલ્પક સમાધિ જોઇતી હોય તો એકવાર પ્રાસુક, એષણીય અને ગૃદ્ધિ વગર વાપરવું. જ્યારે **સોનગઢવાસી કાનજી** સ્વામી જે સાંભળવા આવ્યો એ બધાને કહે કે, "ભાઈ! ખાવું એ સર્વ અપેક્ષાએ દેહની ક્રિયા છે, પણ આત્માની નથી. અને એને આત્માની માને તે મહામિથ્યાત્વી છે." વાહ! એમનું તત્વજ્ઞાન પણ ઘણું ઉંચું (?) લાગે છે કે, જેને તેને પાત્રાપાત્રનો વિવેક કર્યા વગર આત્માનો મળ કાઢયા વગર સિદ્ધાંત રૂપી ઉંચું રસાયણ આપે છે કે, જેથી જેના આત્મામાં મળ છે એ બીચારો આ રસાયણનો ઉપયોગ કરે તો એને તો ફુટી જ નીકળે ને?

# "એની કાંઈ સમજ પડતી નથી"

**શ્રી પ્રકર્ષ**

બકરાની માફક ગોંધનારી ટ્રેઈન–ટ્રામ અને બસની કંટાળા ભરેલી મુસાફરીને ન છુટકે નીભાવી લેવાની સમતા કેળવનારા પર્યુષણની વિશાળ સભામાં અને સાંવત્સરિક પ્રતિક્રમણ સમયે વેઠવી પડતી સંકડાશથી અકળાઇ જઈ શામાટે સમતા અને ધીરજ ગૂમાવી બેસતા હશે? **એની કાંઈ સમજ પડતી નથી.**

આજકાલ અમૂક ખાતાંઓમાં પૈસા ખરચવાની જરૂર નથી એમ બોલનારાઓ જે જે ખાતામાં તેમને જરૂર જણાય તેમાં આપવા માટે પોતાની કોથળીનું મોં કેમ ખુલ્લું નહિ મૂકતા હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

આજ કાલના જમાનામાં અમૂક ઉપદેશની જરૂર છે. અમૂક ઉપદેશ આપવાની હાલ જરૂર નથી એમ છાશવારે ને છાશવારે ઓર્ડીનન્સો છોડનારા, કઇ કાઉન્સીલમાંથી કઇ સત્તાના તથા જ્ઞાનના જોરે છોડતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

વટને ખાતર એક ધંટીના પડીયા માટે કોર્ટની દેવડીએ ચડી હજારો રૂપીયાની બરબાદી કરનારા આત્માની આબાદી કરનાર ધર્મની ટીપો ભરવા સમયે, "આજકાલ સમય બહુ બારીક આવ્યો છે". એમ શું જોઇને બોલતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

અઢાર પાપસ્થાનકોને સેવી ભેગી કરેલી લક્ષ્મીનો સાત ક્ષેત્રોમાં વ્યય કરવાની સુંદર કાર્યવાહીને છોડી પોતાના નામ રાખવાની લાલસા ખાતર પારકા પુત્રને ગોદે લાવી અજ્ઞાની આત્માઓ આ ભવમાં અને પર ભવમાં શા માટે ગોદા ખાવાનું સ્વીકારતા હશે? **એની કાંઈ સમજ પડતી નથી.**

કોઇ ગરીબ ડોશીમાનો છોકરો માંદો પડે ત્યારે તેની ખબર અંતર પૂછવા માટે બેદરકાર રહેનારા જ્યાં દૂર ખસો, શાન્તિ રાખો, અંદર હાલ અવાશે નહિ એમ કહી, ભૈયાજી ધક્કા મારી બહાર કાઢતા હોય ત્યાં ખુશીથી વિણ બોલાવે, કયા સ્વાર્થથી અગર કયા સન્માનના લોભે દોડયા જતા હશે? **એની કાંઈ સમજ પડતી નથી.**

સ્વનિંદા સાંભળી, ઉંચા નિચા થઇ જનારાઓને પારકાની પેટભરીને નિંદા કરતાં કેમ કાંઈ વિચાર નહિ આવતો હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

પોતે રામચંદ્રજી બનવા માટે બીલ્કુલ બેદરકાર રહેનારા પોતાની સ્ત્રીને સીતાજી બનાવવા માટેની હોંશ શું જોઇને રાખતા હશે? **એની કાંઈ સમજ પડતી નથી.**

પોતાના વડીલોની આજ્ઞાને ઠોકરે મારનારા, પોતાના શિષ્યો પાસે પોતાની આજ્ઞા મનાવવાના કોડ શું જોઇને સેવતા હશે? **એની કાંઈ સમજ પડતી નથી.**

પોતાનાં અઢારે વાંકાં અંગોને નહિ દેખી શકનારા અન્યનાં એકાદ બે વાંકાં અંગોને દેખવાનો બાલીશ પ્રયત્ન શા માટે કરતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

ઝવેરીની દુકાને મીઠું મરચું નહિ માગી શકાય એમ જાણનારા વીતરાગ ભગવાનના દરબારમાં જઈ વાડી, ગાડી અને લાડી આદિના પૌદ્ગલિક અને ક્ષણભંગુર પદાર્થોની માંગણી કરતા કેમ કાંઈ લાંબો વિચાર નહિ કરતા હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

હે ભગવાન! હું પાપી છું, હું અધર્મી છું, હું નાપાક છું એમ ભગવાન પાસે ગુન્હાની કબુલાત કરીને દહેરાસરથી બહાર નીકળનારાને કોઇ તેજ વિશેષણોથી નવાજે, તો તેની સાથે મોટા અવાજે ઝઘડવા તૈયાર થનારાની ભગવાન પાસે કરેલી ગુન્હાઓની કબુલાત કેવા પ્રકારની હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

એકજ ભાવ ( one rate ) નાં બહાર પાટીયાં લગાવનાર, દુકાનમાં ઘરાક સાથે અનેક ભાવો કરનાર; તે પાટીયાંની સાચી સાર્થકતા કરવાનો વિચાર કેમ નહિ કરતા હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

એરોપ્લેન, ટ્રેઈન અને સ્ટીમરોની મુસાફરી કરતાં પહેલાં વીમાન પડી જશે તો, ટ્રેઇનનો કોઈ એકસીડન્ટ થશે તો અને સ્ટીમર દરીઆઈ તોફાનમાં ડુબકી મારશે તો મરી જઇશું એવી જરાપણ શંકા લાવ્યા વિના, હોંશભેર તે તે મુસાફરી કરનારાઓ, જ્યારે ધર્મની

પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરવાની વાત આવે ત્યારે કદાચ પ્રતિજ્ઞા તૂટી જશે, તો એમ બોલી મુવાં પહેલાં મોકાણ શા માટે માંડતા હશે? **એની કાંઈ સમજ પડતી નથી.**

દાદર (નિસરણી) ઉપર ચઢતાં, ઉતરતાં છોકરાઓ અનેક વખત પડી જવા છતાં દાદરને નહિ ઉડાવનારાઓ, ધર્મથી પતિત થવાના ભયથી ધર્મને જ ઉડાવી દેવાની ગાંડી સલાહ શું જોઇને આપતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

દુનિયાદારીના જે જે ધંધામાં પોતે નિષ્ણાત (expert) નથી તે તે ધંધામાં માથું નહિ મારવામાં ડહાપણ સમજનારા, ધર્મનો એક અક્ષર પણ નહિ જાણવા છતાં, ધર્મના સિદ્ધાન્તમાં સલાહ આપવાનું દોઢ-ડહાપણ શા માટે કરતા હશે? **એની કાંઈ સમજ પડતી નથી.**

અન્યને કુવામાં પડતો દેખી પોતે કુવામાં પડવાનું નહિ પસંદ કરનારાઓ, ધર્માદા ખાતાની ઉઘરાણી લેવા આવનારને ફલાણો આપે તો હું આપું, એમ બોલવાની ધીઠાઈ શું જોઇને કરતા હશે? **એની કાંઈ સમજ પડતી નથી.**

પુખ્ત ઉંમરનો છોકરો બાયડીનાં ઘરેણાં વેચવામાં સ્વતંત્રતા, પોતાની સ્ત્રીને છોડી દઇ કોઈ સવેલી ઉઠાવી જવામાં સ્વતંત્રતા, કોર્ટે ચઢી બાપ પાસે ભાગ માગવામાં સ્વતંત્રતા, બાયડીનો ચઢાવ્યો માબાપને અલગ કરવામાં સ્વતંત્રતા સ્વીકારી લેનારા (જેમાં કોઇનું નહિ ચાલે તે બધામાં સ્વતંત્ર,) માત્ર સંસાર છોડતો હોય તે જ વખતે પરતંત્રતાની નોટીસ કેમ લાવતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

જે શરીરને બાળીને અંહીયાં જ રાખ કરવાની છે, એમ જાણવા છતાં તેના રક્ષણ માટે મકાન, દવા, કપડાં, ખોરાક, બુટ, છત્રી આદિ ગમે તે ભોગે અનેક પ્રકારની સગવડો ઉભી કરનારા, પરલોકમાં જનારા અને શાશ્વત રહેનારા આત્માના રક્ષણ માટે કેમ કાંઇ સગવડ કરવાની ચિંતા નહિ કરતા હોય? **એની કાંઈ સમજ પડતી નથી,**

પોતાના અઠ્ઠાણું પુત્રોની લેશ પણ ચિંતા નહિ કરનાર (કેશરીયાજી) આદીશ્વર ભગવાન પાસે પોતાના મરતા પુત્રને બચાવવાની શરતે તેમને ભારોભાર કેસર ચઢાવવાની માન્યતા કરનારા, તેમને ભગવાન તરીકે માને છે કે વૈદ્યરાજ તરીકે માને છે? **એની કાંઇ સમજ પડતી નથી.**

પુત્ર પરિવાર વિનાનો કોઈ ધનવાન પોતાની લક્ષ્મીને ધર્મકાર્યોમાં નહિ ખર્ચે, તો લોકો કહેશે કે, સાલાને કોઈ ખાનાર નથી; છતાં કેટલો કંજુસ છે? અને તેજ ધનવાન કદાચ ધર્મોપદેશને પામી છુટા હાથે ખર્ચવા તૈયાર થાય ત્યારે તેને લોકો કહેશે કે, કોઈ ખાનાર મળ્યો નથી અને તેથી ખર્ચે, એમાં શું મોટી ધાડમારી? આમ બે બાજુ જ્યાં ઢોલકી વાગી રહી હોય ત્યાં દુનિયાને એક રંગી કહેવી કે દો રંગી **એની કાંઇ સમજ પડતી નથી.**

ભદ્રિક આત્માઓની ધર્મક્રિયામાં થતી સ્ખલના અગર અવિધિને જોઈ ખોટી ટીકા કરનારાઓ, હમો પોતે બીલ્કુલ કરતા નથી તેના કરતાં આ કરનારા સારા છે એમ બોલવાની ઉદારતા કેમ નહિ રાખતા હોય? **એની કાંઈ સમજ પડતી નથી.**

પોતાના કપાળ ઉપરનો ચાંલ્લો જે જગ્યાએ જોઇએ અને જેવડો નાનો મોટો જોઇએ તેવો ન આવે તો દશ વખત કરી, દશ વખત ભુંસી નાખવામાં જતા સમયની દરકાર નહિ કરનારા, ભગવાનની પૂજામાં 'ટાઇમ ઈઝ મની' કહી ઝટ ભાગી જનારા પોતાનાં કપાળ પૂજાની મહત્તા સમજ્યા છે કે ભગવાનની પૂજાની મહત્તા સમજ્યા છે? **એની કાંઇ સમજ પડતી નથી.**

આખો દિવસ ઘરાકોને માલ આપ-લે કરનારા, કલાકો સુધી વાંકી કમરે નામું ઘસડનારાઓ અને કારીગરી કરનારા કારીગરો, દુકાનદારો અને મુનિમો એક સ્થાને બેસી રહેવાની અને કમ્મર આદિના દુ:ખાવાને સુખે દુ:ખે સહન કરી લેનારા, માત્ર ૪૮ મીનીટની સામાયિકમાં બેસી રહેવાની કિંમત કેમ નહિ આંકતા હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

પોતાના પુત્ર, ભત્રીજા અગર ભાણેજ આદિ પ્રત્યે સખ્ત કડકાઈ રાખી તેમની સામાન્ય સગવડ નહિ સાચવનારા સ્નેહીઓ, જ્યારે તે નાસી જાય છે ત્યારે ભાઈ! તું જ્યાં હોય ત્યાંથી પાછો આવ. હવે

# તમારા ચારિત્રનું પ્રતિબિંબ પાડતા હસ્તાક્ષરો

**મારા અક્ષરો બહુ સારા છે એમ કરીને ખુમારી અનુભવતા અને મારા હસ્તાક્ષરો આવા ખરાબ! એમ વિચારીને પસ્તાવો કરનારાઓને ખબર નહિ હોય કે, તેમના હસ્તાક્ષરો જ તેમની ખાસીઅતોનું પ્રતિબિંબ પાડે છે. જરા બારીક નિરીક્ષણ કરવાથી તમારા અક્ષરો જ તમારાં લક્ષણોનું ચિત્ર ખડું કરી દેશે!**

બહુ ઓછા લોકો જાણતા હશે કે, જેમ આરીસામાં માણસનું મુખ જોઇ શકાય; તેમ હસ્તાક્ષરમાં તેનું ચારિત્ર્ય પણ તેટલી જ સ્પષ્ટતાથી જોઇ શકાતું હોય છે. યાદ કરો કે, જ્યારે તમે નાનકડા બાળક હતા ને ભાઈ બેન કે માને પત્ર લખતા ત્યારે તમારા હસ્તાક્ષરો કેવા વાંકાચૂંકા, આડાઅવળા ને ગરબડિયા હતા! એ તમારી સરળતા નિર્દોષતા અને બાલવયના સૂચક હતા.

શાળામાં પ્રવેશ્યા ને તમારૂં જ્ઞાન વધ્યું ને તેની જ સાથે સાથે તમારા હસ્તાક્ષરો વધુ મરોડ વાળા ને ચોકખા બનતા ગયા. શાળામાંથી કોલેજમાં ને પછી જીવનમંદિરમાં તમે પ્રવેશ્યા ને તેમ તેમ તમારામાં આવેલી ગંભીરતા, તમારા હસ્તાક્ષરોમાં પણ તેટલી જ સ્પષ્ટતાથી આકાર પામતી ગઈ.

જેમ જેમ વર્ષો પસાર થતાં જાય છે, તેમ તેમ તમારા હસ્તાક્ષરો વધુ ઘડાય છે, માણસનાં શરીર ને મનની મજબૂતાઈ કે નબળાઇના પ્રમાણમાં મગજમાંના ધબકારા તેના હસ્તાક્ષરોને કેળવે છે.

હવે આપણે હસ્તાક્ષરો પરથી ચારિત્ર્ય કેમ વાંચવું તે જોઇએ.

## નિખાલસ સ્વભાવ

એક કોરા કાગળ પર શાહીથી ૩૦ જેટલા શબ્દોનાં અમુક વાકયો લખો.

૧ જો તમારા હસ્તાક્ષરોનો ઉપરનો ભાગ ગોળાકારે વળતો હોય તો તમે નિખાલસ સ્વાભાવના ને ખુલ્લા દિલના છો; અને કામ કરતાં તમને વખત લાગે છે.

૨. તમારા અક્ષરોનો ઉપલો ભાગ તીક્ષ્ણ જણાય તો તમે ઘણા જ ચપળ છો; ને તમારામાં મૌલિકતા તેમજ આત્મવિશ્વાસ ઘણાં પ્રબળ પ્રમાણમાં છે. કોઇ તમારૂં કહ્યું ન કરે તો તમે ચીડાઈ જાઓ છો.

૩. જો તમારા અક્ષરો મોટા હોય તો તમે ઘણા જ ઉત્સાહી છો. તમે ઘણા જ હોશિયાર હશો, પરંતુ તમારી કોઇ ખાસ નવીનતા નથી.

## એકાગ્રતા

૪. તમારા અક્ષરો નાના હોય તો તમારામાં એકાગ્રતા ખૂબ છે ને તમે ઝીણી ઝીણી બાબતોમાં હોશિયાર છો, તમારા સાહિત્યના શોખો પણ અમુક પ્રકારના જ હશે.

૫. જો તમારા અક્ષરો સીધા ને સાદા હોય તો તમે પ્રમાણિક ને ઉદાર છો; ને તેથી વિશ્વાસપાત્ર છો.

૬. જો તમારા અક્ષરો કોઇને મળતા ન આવે એ જાતના હોય તો એનો અર્થ એ કે, તમે સ્વાર્થી છો ને તમારી જાત માટે બહુ અભિમાની છો.

૭. જો તમારા અક્ષરો ખુલ્લી રીતે લખતા હો તો તમે આખા બોલા, નિખાલસ ને સત્યપ્રેમી છો. તમને તમારો અભિપ્રાય પૂછે ત્યારે તમે મનમાં આવે તે રીતે નિખાલસ જવાબ આપો છો. છુપાવવાની વૃત્તિ તમારામાં નથી. નિર્દોષને માફ કરવાનું ઔદાર્ય તમારામાં છે.

## ચેતીને ચાલનાર

૮. તમારા અક્ષરો બહુજ સાંકડા ને નાના હોય તો તમે ખૂબ એકલવાયા, ઓછાબોલા ને ચેતીને ચાલનારા છો. તમને તમારા પોતામાં જ રચ્યુંપચ્યું રહેવું ગમે છે કે તેથી લોકો તમને ઓછાબોલા ગણે છે.

૯. તમે ધીમે ધીમે લખો છો? તો તમે ધીરગંભીર, ચિંતક અને ચેતીને ચાલનારા છો. તમે

---

તને કાંઇ કહીએ નહિ. તું કહેશે તેમ કરીશું એમ જાહેર ખબરના પૈસા ખરચનારા સોના સાઠ કરે છે કે સાઠના સો કરે છે? **એની કાંઇ સમજ પડતી નથી.**

ગરજ પડે કોઈ પાસે રૂપીયા લેવા જતી વખતે દીકરા બનનારા, આપતી વખતે બાપ બની બેસનારા એક જ ભવમાં અનેક સગપણ કેમ કરતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

બહુ સારા વકતા નથી પણ તેનો અર્થ એમ નહિ કે, તમે ચિંતક પણ નથી. તમારામાં લાગણીઓ ઓછી છે.

૧૦. તમે કેટલી ઝડપથી લખો છો? તમે ઝડપથી અક્ષરો લખતા હો તો તમે લાગણીવાળા, ઉત્સાહી અને સુદક્ષ છો, તમારી સુંદર કલ્પનાઓ અને હાસ્યરસવડે તમે સારૂં લખાણુ લખી શકશો.

### એકાંતપ્રિય

૧૧. તમારૂં લખાણુ છૂટું છૂટું લાગે છે? તો તમે પ્રેમાળ અને સાચા મિત્ર છો. તમને નવીનવી ઓળખાણો કરવી ને મિત્રો બનાવવા ગમે છે. તમે સૌમાં ભળી જાઓ તેવા છો.

૧૨, જો તમારૂં લખાણુ સાંકડું ને ખૂબ પાસે પાસે લાગતું હોય તો તમે એકાંતપ્રિય છો. લોકોમાં હળીમળી જવું તમને નથી ગમતું, પૈસાની બાબતમાં તમે થોડા કંજૂસ છો.

૧૩. તમે ખૂબ સંભાળપૂર્વક લખનારા અને મીંડા કરવાં, જોડણી શુદ્ધ રાખવી વગેરે બાબતમાં ચોક્કસ છો ખરા? તો તમે રુઢિચુસ્ત ને લોકમતમાં માનનારા છો. તમે ચોક્કસ ને નિયમિત છો અને સાચા સમયે, સાચી વાતો કહેવામાં તમે પ્રવીણુ છો.

૧૪. તમારા અક્ષરો બેદરકાર રીતે લખાયેલા છે? એનો અર્થ એ કે, તમે ઉછાંછળા છો આને પરિણામે તમે ઘણી ગંભીર પરિસ્થિતિમાં સપડાઈ જાઓ છો, શબ્દોમાં નહિ તો કાર્યમાં તમે અપ્રમાણિક છો.

૧૫. તમે લીટીઓ વચ્ચે મોટું અંતર રાખો છો ખરા? ત્યારે તમે ખર્ચાળ છો ને તમારા માટે જેટલું ખર્ચો તેટલું બીજા માટે પણ ખર્ચો તેવા છો. તમે મોટા મનના અને પ્રેમાળ છો. લોકો તેમનાં દુઃખો ને સંકટો તમારી સમક્ષ પ્રગટ કરતાં અચકાતા નથી.

### ખોટી ઉદારતા

૧૬. તમારી લીટીઓ વચ્ચે ઓછું અંતર હોય તો એનો અર્થ એ જ કે, તમારામાં ઉદારતા ઓછી છે. બીજાપર સ્વામિત્વ રાખવાની તમને ટેવ છે; ને તમે એક ને એક નિર્ણય પકડી રાખનારા છો. સારા રસ્તે દોરવાતી હોય તો જ આ વૃત્તિ યોગ્ય ગણાય.

૧૭. તમને લખતી વેળા કલમપર ભાર દેવાની ટેવ ન હોય તો તમે વિનયી છો, અને દરેક વાતને તેના સાચા સ્વરૂપમાં ઓળખવાની તમારામાં સમજશક્તિ છે, પરંતુ ભાર દેવાની તમારી ટેવને લીધે તમે જીવનનો રસ પૂરેપુરો આનંદી નથી શકતા.

### મજબુત મનોવૃત્તિ

૧૮. લખતી વખતે તમે કલમપર ખૂબ ભાર દેતા હોય તો તમે ખૂબ મજબૂત મનોવૃત્તિવાળા છો. તમે આત્મવિશ્વાસુ અને આત્મસંતોષી છો, પરંતુ આ વિશ્વાસને જાળવી રાખવાની શક્તિ તમારામાં નથી.

૧૯. તમારી લીંટીઓ ઉપરના ભાગ તરફ આડી જાય છે ખરી? તો તમે આનંદી ને આશાવાદી છો. ને કોઇને માટે કંટાળારૂપ નથી બનતા. તમે મહાન આશાઓ સેવો છો અને તેને પાર પાડવા માટેનો ઉત્સાહ ને યોગ્ય બુદ્ધિ તમે ધરાવો છો.

૨૦. તમારી લીટીઓ નીચેના ભાગ તરફ જાય છે? તો તમે આશાહીન ને એકલવાયા છો; અને બીજા માણસને હંમેશ ખોટા જ માનો છો. મોટા ભાગ દરમ્યાન તમે નિરાશ ને દુઃખી જણાઓ છો. નિરાશ રહેવું તમને ગમતું હોય છે.

૨૧. તમારા અક્ષરો જમણી બાજુએ વળે છે તો તમારો સ્વભાવ ખુશમિજાજ છે અને સૌને તમે ચાહો છો. બીજાને મદદ કરવા તમે હંમેશ તત્પર હો છો ને તમારા શબ્દો ને કાર્યમાં ખૂબ ચોક્કસ ને નિખાલસ છો.

### તમારૂં ચારિત્ર્ય

૨૨. તમારા અક્ષરો ડાબી બાજુ વળે છે? તો તમારૂં મગજ વૈજ્ઞાનિક ને વિવેચક છે. તમારામાં લાગણીનું પ્રાધાન્ય ઓછું છે. તમે હૃદય કરતાં મગજવડે વધુ દોરાઓ છો.

વાંચ્યું? તમારૂં પોતાનું ચારિત્ર્ય તમને કેવું લાગ્યું? હવે તમને ચોક્કસ લાગશે કે, હસ્તાક્ષરો અરિસા સમાન હોય છે, જેમાં ચારિત્ર્ય અત્યંત સ્પષ્ટતાથી ઉઠી આવે છે.

[ પ્રવાસીના સૌજન્યથી ]

# વિધવાવિવાહના હિમાયતિઓની દલીલો પાંગળી બનતી જાય છે.

## પ્રાચીન પ્રથાનો નાશ

પૂ. પંન્યાસ શ્રી પ્રવિણવિજયજી મ.

ગયા અંકમાં વિધવાવિવાહના હિમાયતિઓના કેટલાક પ્રશ્નોના જવાબો અપાયા છે; બાકીના પ્રશ્નોના જવાબો અહીંથી શરૂ થાય છે,

હવે વિધવાવિવાહની તરફેણ કરનારા અહિંસાના હેતુને આગળ કરી જણાવે છે કે, "ઘણી વિધવા બાઇઓ પુનર્લગ્નના અભાવે ગર્ભપાત આદિનું મહાપાપ કરે છે, જો ઉપરોક્ત રિવાજ દાખલ કરવામાં આવે તો તેવી હિંસાથી તેમને બચાવી શકાય.

ઉપરોક્ત દલીલ અહિંસાને નહિ પણ હિંસાનેજ વધારવામાં મદદ કરનારી છે, જો કે, કોઈ કોઇ સ્થળોએ ગર્ભપાતના બનાવો જોવામાં આવતા હશે તેની ના નથી. પરન્તુ નાતરાના રિવાજથી હિંસાના બનાવો કઇ ગુણા વધી જશે તેનો પણ સાથે વિચાર કરી, બકરી કાઢતાં ઉંટ ન ઘુસી જાય તેનો પણ ખ્યાલ રાખવાની જરૂર છે.

દૃષ્ટાંત તરીકે કોઈ એક કન્યાને ધનાઢયના પુત્ર સાથે પરણાવવામાં આવી. હવે કોઇ કર્મવશાત્ ચઢતી-પડતીના પંજામાં ફસાઇ જવાથી કદાચ તે કંગાળ બની જાય અને ખાવાના પણ સાંસા પડે એવી સ્થિતિમાં તમો એમ માનો છો કે, તે સ્ત્રી પુનર્લગ્નના રિવાજનો લાભ ઉઠાવી પોતાના પતિને મારી નાંખવાનું સાહસ ન ખેડે ? કદાચ આર્થિક સ્થિતિ સારી હોય પરન્તુ ક્ષયઆદિના કારણે શારીરિક સ્થિતિમાં પલ્ટો આવી જાય તો પોતાની વિષયવાસનાને પુષ્ટ કરવા પતિને ઝેર આપવા જેટલી નીચી હદે શું નહિ પહોંચે ?

તદુપરાંત કન્યાના માતપિતાએ ધનના લોભને વશ બની કાળો, કદરૂપો સાવ ભોળો ભટાક અગર દમીયલ પતિ પસંદ કરી લાકડે માંકડું વળગાડી દીધું પાછળથી તેવા કફોડા સંજોગોમાં અકળાતાં, અને બીજો સુંદર પતિ પ્રાપ્તથતાં તમારો વિધવા રિવાજ તેના મૂળપતિને જોખમમાં નાંખ્યા વિના નહિ રહે એની શી ખાત્રી ?

વળી એમ માની લેવાની જરૂર નથી કે, સ્ત્રીઓનું કોમળ હૃદય આવું કરપીણ કાર્ય નહિ કરે ! બ્રહ્મા પણ પાર ન પામી શકે એવા તેમના સાહસો અને ચરિત્રો તપાસવા હોયતો સ્ત્રી ચરિત્રનાં પુસ્તકો વાંચી જોશો તો તમોને માલૂમ પડશે કે, સ્ત્રી અબલા કહેવાતી હોવા છતાં સબલાઓને પણ મોટા ખાડામાં ઉતારી શકે છે, ખાનદાનીને નહિ છોડનારી સ્ત્રીરત્નોની સંખ્યા આંગળીના વેઢા ઉપર ગણાય તેટલીજ હોય છે.

ઉપરની હકીકત એ સિદ્ધ કરે છે કે, ગણ્યા ગાંઠયા વિધવાઓદ્વારા થતાં ગર્ભપાતો કરતાં પુનર્લગ્નની પ્રથા મોટા મોટા યુવાનોના અને વૃદ્ધોના પ્રાણો ચૂસવામાં પાછીપાની નહિ કરે; કારણ કે તેઓ એમ સમજે છે કે, હમારે કાંઈ પતિ વિહોણું જીવન તો ગુજારવાનું છે જ નહિ "કણબીનો કુબો એક મુઓ અને બીજો ઉભો" એ કહેવતને ચરિતાર્થ કરનારો તમારો રિવાજ તેમની મદદમાં તૈયાર જ છે.

વળી ઘણી સ્ત્રીઓ પોતાના પતિના કલેશ-કંકાસથી, પોતાના પતિના દુરાચાર આદિના કારણે, અગર તો સાસુ, સાસરા આદિ તરફથી ગુજારવામાં આવતા અસહ્ય સંતાપોના કારણે; જેનો પતિ મરી ગયો છે એવી વિધવા બાઇ કરતાં પણ ઘણું દુઃખ અનુભવનારી હોય છે. અને તે દુઃખોમાંથી મુક્ત થવા માટે ગ્યાસતેલ છાંટી બળી મરવાના અને કુવા-ખાડી દ્વારા આપઘાત (Suicide) કર્યાના દૃષ્ટાંતો પણ સાંભળવામાં આવે છે.

ઉપરોક્ત પ્રતિકૂળ સંજોગોમાં સપડાયેલી સ્ત્રીઓની દયા કરવા માટે પુનર્લગ્નના (Re-marriage) રિવાજની માફક મોડો વહેલો સમાજમાં ફારગતી (Divorce) ના પણ રિવાજને ઘુસતાં વિલંબ નહિ થાય. જે રિવાજના પ્રભાવે પુનર્લગ્નથી થતાં નુકશાન કરતાં પણ અનેકવિધ અનિષ્ઠ પરિણામો ખડાં થવાનો ભય ઉભો જ છે, ફારગતી એટલે "લે તારી છાલી અને હું મારે ચાલી" એ કહેવત આજે યુરોપ આદિ દેશોમાં છાશવારે અને છાશવારે ચરિતાર્થ થઇ રહી છે, જે આજના ન્યુસપેપરોના વાંચકો જાણે જ

છે. માટે આર્યદેશમાં અનેકવિધ અનિષ્ટ પરિણામોને અને ગેરવ્યવસ્થાને ઉત્પન્ન કરનારી તે કુપ્રથાઓ ઘુસે નહિ એ હેતુથી દીર્ઘકાલથી ચાલી આવતા એક પતિવ્રતના સુંદર રિવાજનું ખુન કરવું એ ધાર્મિક દૃષ્ટિએ તથા વ્યવહારિક એમ બન્ને દૃષ્ટિબિન્દુએ હિતાવહ ગણી શકાય નહિ.

હવે પુરૂષોને અનેક વખત પરણવાનો હક અને સ્ત્રીઓને કેમ નહિ ? આ પ્રશ્ન પણ કેટલાક બુદ્ધિશાલી ભેજાઓમાંથી ઉપસ્થિત થતો સંભળાય છે. તે પ્રશ્ન પણ વજુદ વિનાનો હોઇ બીલ્કુલ અસ્થાને છે, એમ કહીએ તોપણ ચાલે. તેના ઉપર જરા દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવામાં આવશે તો તેનું પણ સમાધાન આપો--આપ થઈ જશે. પુરૂષોને એકથી અનેક વખત લગ્ન કરવાનો હક કોઈ સમાજે અગર ધર્મશાસ્ત્રકારોએ આપ્યો છે એવું કાંઇ જ નથી. તેમ કરવામાં તેઓની વિષયવાસનાની લાલસાજ કારણભૂત છે. ઘણા ભાગ્યશાલીઓ વિષયોના ક્રૂર પરિણામને સમજી, એકથી બીજી વખત લગ્ન નથી પણ કરતા. મહારાજા કુમારપાળને એકથી અનેક સ્ત્રીઓ મળતી હોવા છતાં તેઓ બીજી વખત પરણ્યા નથી અને કદાચ પુરૂષો એકથી અનેક વખત લગ્ન કરે એટલુંજ નહિ પણ એકી સાથે અનેક સ્ત્રીઓનું પાણીગ્રહણ કરે તો તે આજથી નહિ; પરંતુ અનાદિ કાળથી ચાલી આવતી પ્રથા છે. જુઓ, ચક્રવર્તીને ચોસઠ હજાર સ્ત્રીઓ હોય છે. વાસુદેવોને બત્રીશ હજાર સ્ત્રીઓ હોય છે. રાજા-મહારાજાઓને સેંકડો હોય છે; તેમજ શાલીભદ્રજી, ધન્નાજી અને જંબુસ્વામી વગેરે શેઠ-શાહુકારોને એકથી અનેક પત્નીઓ હતી, કહો ! કોઈપણ સમયમાં એવો ઇતિહાસ તમો બતાવી શકશો કે, એક રાણીને પાંચ પચ્ચીશ રાજાઓ પરણ્યા હોય, અગર એક શેઠાણી અનેક શેઠોની પત્ની કહેવાતી હોય ! અનાદિ કાળથી એમ કદી બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહિ.

વળી પુરૂષો ભોગવનારા છે જ્યારે સ્ત્રી એ ભોગ્ય વસ્તુ છે. ભોગવનારો એક હોય અને ભોગ્ય વસ્તુ અનેક હોય છે, તથા એક ધનાઢ્ય માણસ એકીસાથે અનેક સ્ત્રીઓને પરણી પોતાના ઘરમાં લાવી તેમના પાલન પોષણની અને વસ્ત્ર આભરણાદિ દરેક પ્રકારની સગવડ કરવામાં પોતે સ્વતંત્ર છે. તેજ મુજબ શું એક ધનાઢ્યની છોકરી અનેક પતિઓને પોતાના ઘરમાં લાવવા માટેની સ્વતંત્રતા ધરાવી શકે ખરી? કદાચ તે હઠ ઉપર આવીને તેમ કરવા ધારે તોપણ તેના માતા-પિતા તેની આ ગાંડી ઇચ્છાને કદી તાબે થાય એમ બને ખરૂં ? આથી બન્નેની સ્વતંત્રતામાં ફરક પડ્યો કે નહિ ? અરે ! નીતિશાસ્ત્રો તો સ્ત્રી મરે ત્યાંસુધી પરતંત્રજ હોય છે, એમ નીચેના શ્લોકમાં જણાવે છે.

**पिता रक्षति कौमारे, भर्ता रक्षति यौवने,**
**पुत्राश्च स्थाविरे भावे, न स्त्री स्वातंत्र्य मर्हति"**

**અર્થ**—બાલ્યાવસ્થામાં સ્ત્રીનું રક્ષણ પિતા કરે છે, યુવાવસ્થામાં પતિ કરે છે અને વૃદ્ધાવસ્થામાં તેનું રક્ષણ પુત્રો કરે છે, એટલે સ્ત્રી સ્વતંત્રતાને યોગ્ય નથી.

વ્યવહારમાં પણ જેને જેને હકો આપવામાં આવે છે. તેમાં પણ તેમની યોગ્યતાનો અને લાભ હાનિનો વિચાર પ્રથમથીજ કરવામાં આવે છે. દાખલા તરીકે સામાન્ય કલાર્કને, ન્યાયાધીશના હકો સમર્પણ કરવામાં આવે, પોલીસને કલેકટરના હકો સુપ્રત થાય અને એફ. આર. સી એસના હકો એમ. બી. બી. એસની ડીગ્રીવાલાને આપવામાં આવે તો સ્વપર કેટલું નુકશાન પહોંચે તેનો વિચાર વાંચકોએ સ્વયં કરવો જરૂરી છે. મા પોતે લાડુ ખાય અને તાવની બીમારીમાંથી તરતજ સાજા થએલા પોતાના પુત્રને ગેંસનું જ જમણ આપે તો તેમ કરવામાં માતાનો પુત્ર ઉપર સ્નેહ નથી અગર તેની ખાવાની સ્વતંત્રતા ઝુંટવી લેવામાં આવે છે, અગર તો તેના ઉપર અન્યાય થાય છે એમ કદી માની શકાય નહિ. તે પ્રકારના વર્તનમાં માતાનું પુત્ર પ્રત્યે વાત્સલ્ય અને હિતબુદ્ધિજ કારણ છે તેજ મુજબ સ્ત્રીઓની તુચ્છ પ્રકૃતિ, ઉદારવૃત્તિનો અભાવ આદિ સંજોગોને લક્ષ્યમાં રાખી જે જે હકો નિર્માણ થએલા છે, તે તે હકોમાં સ્વપરના હિતની ખાતર પણ કશો ફેરફાર કરવો આવશ્યક જણાતો નથી. શાન્તચિત્તે આજુબાજુની તથા ભવિષ્યની સઘલી વસ્તુનો વિચાર કરવામાં આવશે તો હકની ખોટી જક પકડનારાઓને સાચો રાહ જરૂર હાથ લાગશે.

વારૂ ! તો દ્રૌપદીને પાંચ પતિઓ હતા તેનું કેમ ? આ પ્રશ્ન કરનારાઓએ પણ સમજવું જોઇએ કે, સતી દ્રૌપદીએ ઇરાદાપૂર્વક પાંચ પતિઓ સાથે લગ્ન કર્યું છે, એવું કાંઈ નથી; તેમ તેમના સમયમાં સ્ત્રી એકી સાથે અનેક પતિઓ કરી શકે એવી પ્રથા પણ ન હતી. પરંતુ દ્રૌપદીએ સ્વયંવર મંડપમાં યુધિષ્ઠિરના ગળામાં વરમાળા નાંખી, તે વરમાલા પાંચે પાંડવોના ગળામાં પડતી સૌ કોઇએ દેખી અને તેમ થવામાં દ્રૌપદીએ પોતાના પૂર્વભવમાં એક વેશ્યાને પાંચ પુરૂષો સાથે હાવભાવ કરતી જોઇને નિયાણું કર્યું હતું. અને તે નિયાણાના પ્રભાવે જ તેને પાંચ પતિઓ થયા હતા. તે પ્રસંગને થયાને આજે હજારો વર્ષો વ્યતિત થયા છતાં એવો બીજો પ્રસંગ ઉપસ્થિત થવા પામ્યો નથી. એથી સિદ્ધ થાય છે કે, સતી દ્રૌપદીજીની આ ઘટનામાં નિમિત્ત રૂપે કુદરતી સંકેત ગણી શકાય. નહિ કે એકી સાથે સ્ત્રીઓ પણ અનેક પતિ કરી શકે છે, એવા રિવાજનું કારણ ગણી શકાય. માટે કવચિત કોઇ એક વ્યકિતના સંબંધમાં બનેલી ઘટનાને સિદ્ધાન્ત તરીકે મનાવવી એ ન્યાયયુક્ત ન કહી શકાય. પાંચ પતિઓ હોવા છતાં ભરહેસરની સજ્ઝાયમાં સતીઓના લીસ્ટમાં તેમનું પવિત્ર નામ દાખલ કરવામાં આવ્યું છે. જેનું સ્મરણ ચતુર્વિધ સંઘ સદા પ્રાતઃકાળમાં ઉઠીને હર્ષભેર કરે છે ! આવી એક પવિત્ર અને પ્રાતઃસ્મરણીય સતીના નામને પુનર્લગ્નની પ્રથામાં આગળ કરનારાઓને પાગલ કહેવા કે શાણા ?

હવે હિંસાની દૃષ્ટિએ તપાસીએ તો વિષય સેવનમાં આરૂઢ થએલો મનુષ્ય એક વખતના સ્ત્રી સંસર્ગથી નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિયનો, અસંખ્યાત બેઇંદ્રિય જીવોનો અને અસંખ્યાત સમૂર્ચ્છિમ આત્માઓના જીવનનો એકી સાથે નાશ કરે છે, એમ સર્વજ્ઞ ભગવાને જ્ઞાનથી જોઇને ફરમાવ્યું છે. આ વાતની કામશાસ્ત્ર પુષ્ટિ કરતાં જણાવે છે કે, સ્ત્રીની યોનિમાં અનેક જીવોની ઉત્પત્તિ થાય છે અને તેથી તેને વિષય સેવનની ઇચ્છા થાય છે. પુરૂષના સંસર્ગથી તે સઘળા જીવોનો નાશ થાય છે. આથી એટલું તો ચોક્કસજ થાય છે કે, બ્રહ્મચર્યને પાલન કરનારા અનેક જીવોને અભયદાન આપી, રક્ષાનું મહાન પુણ્ય ઉપાર્જન કરે છે, બ્રહ્મચર્યની મહત્તા બતાવતાં શાસ્ત્રકાર ફરમાવે છે કે,

**जोदेइ कणयकोडिं, अहवा कारेइ कणय जिण-**
**भवणं ।**
**तस्स न तत्तिय पुण्णं, जत्तिय बंभवयधरिए ॥**

**અર્થ**.–કોઈ મનુષ કનકની કોટીનું દાન કરે અથવા સોનાનું જિનમંદિર બંધાવે તેને તેનાથી તેટલું પુણ્ય નથી થતું કે, જેટલું બ્રહ્મચર્યવ્રત ધારણ કરનારાને થાય છે.

વળી પુરાણ ગ્રન્થમાં તેની મહત્તા જણાવતા કહે છે કે,

**एक रात्र्युषि तस्यापि, या गति ब्रह्मचारिण: ।**
**न सा शक्र सहस्रेण, वक्तुं शक्या युधिष्ठिर ! ॥**

**અર્થ**:–કૃષ્ણજી યુધિષ્ઠિરને કહે છે કે, હે યુધિષ્ઠિર ! એક જ રાત્રિ બ્રહ્મચર્યનું પાલન કરનારાની જે ગતિ થાય છે તે ગતિનું વર્ણન હજારો ઈંદ્રો પણ કરી શકે એમ નથી.

શીલના પરિપાલનમાં ઉપર જણાવ્યા મુજબ અનેક જીવોને અભયદાન મળતું હોઇ વિધવા વિવાહના પ્રશ્નનો, ધર્મ સાથે પણ નિકટનો સંબંધ સિદ્ધ થાય છે, એટલે તેવી કુપ્રથાને નિવારણ કરવા પ્રયત્નશીલ બનવાની દરેક સજ્જનની અતિ ફરજ ગણી શકાય.

અંતે એટલું જણાવવું આવશ્યક છે કે, બાળલગ્ન વૃદ્ધવિવાહ, કન્યાવિક્રય, મરણ પાછળના તથા વિષયભોગની અનુમોદના રૂપ પાપનું પારસલ પહોંચાડનારા, અઘરણી આદિના અનિષ્ટ જમણોની પ્રથાઓ ઉપર, લગ્ન પ્રસંગના બીન જરૂરી ખર્ચોના કુરિવાજ ઉપર સચોટ અંકુશ મૂકી, સીનેમા, નાટક, સરકસ, ટીપાર્ટી, અને ઉજાણી આદિ દ્વારા થતા પૈસાના દુર્વ્યયને અટકાવી, વિધવાઓને માટે શ્રાવિકાશ્રમ જેવી સુંદર સંસ્થા, ધાર્મિક શિક્ષણ ( Religious Instruction) આપનારી ઉચ્ચ પાઠશાળાઓ, ગરીબ શ્રાવકો–શ્રાવિકાઓના નિર્વાહ માટે વિશાળ ફંડોની સ્થાપના આદિ અનેકવિધ સાચા જરૂરી સુધારા કરી, જેઓ સુધારક નામ ધરાવતા હોય તેઓ સાચા સુધારક બને એજ એક અભિલાષા.

શાસન દેવ સૌને સદ્દબુદ્ધિ અર્પો.

## અમર ભોમને વાચા આપતી કાલ્પનિક સાહસ-કથા.

પ્રિયદર્શને અનેક શોધો કરી હતી, પણ એની "અજબગૅસ" ની શોધે એ જગમાનિત બન્યો, વૈજ્ઞાનિક જગતમાં એનું નામ અમર બની ગયું, એણે શોધી કાઢેલા ગૅસથી એનું સફેદ ગરુડ પ્રતિસેકંડે માઈલોના વેગથી અનન્ત આકાશમાં ધસે જતું. અવકાશમાં ઉંચે ઉડી, ઉત્તરધ્રુવ અને એથીએ વધુ આગળ જવા એના મગજની રગો ધમધમી રહી હતી, પોતાની શોધનો સંપૂર્ણ લાભ ઉઠાવવા યોજનાઓની હારમળા તે ઘડી રહ્યો હતો, ગમે તેવા સાહસમાં ઉતરવા આ મર્દ-યુવક તૈયાર બની ગયો હતો. એની મહત્વાકાંક્ષા દૂર મહાવિદેહની અમર ભોમ સુધી પહોંચી વળવાની હતી.

પ્રિયદર્શન શરીરે મજબુત, બુદ્ધિમાં કુશાગ્ર અને સંસ્કારી યુવક હતો, નિસર્ગનો પ્રેમી અને પ્રવાસ શોખીન હતો, આદર્શમાં એ કોઇથીએ ઉતરતો નહિ, ભારતીય સંસ્કૃતિનું ખમીર એની રગેરગમાં ધસમસ વહી રહ્યું હતું. એણે પોતાનું સફેદ ગરૂડ વૈજ્ઞાનિક સંપૂર્ણતા સહિત તૈયાર કર્યું. હેલ્મેટ, ગૅાગલ્સ અને રેઈનડીઅરનાં કપડામાં સજ્જ બની વિમાનની કૅાકપિટમાં એ જઇ બેઠો.

નમસ્તે ! સજલ નયને એણે સ્નેહિઓની વિદાય માગી અને ભયાનક ઘુઘવાટ સાથે એનું ગરુડ દૂર આકાશમાં અદ્રશ્ય બની ગયું. યુરોપને વિંધિ, બરફથી છવાએલ આર્કિટિક મહાસાગરને પણ એણે પાછળ મુકી દીધો. જ્યાં જતાં સર જૉન ફ્રેંકલીન જેવા કેઇક મૃત્યુંજયી વીરોએ ત્યાં બરફમાંજ કબર બનાવી લીધી હતી, પ્રિયદર્શન એથી પણ ઘણે દૂર-સુદૂર નીકળી ગયો હતો.

નિત્યયૌવના મહાવિદેહની પુન્ય-ધરતી કેવી હશે ? એની રમણીય કલ્પનાથી એનું મગજ ખુશનુમા ચિત્રો દોરી રહ્યું હતું, એની ગુલાબી સ્વપ્નસૃષ્ટિમાં પાંચસો-પાંચસો ધનુષ્ય ઉંચા-પડછંદ-પણ સૌમ્ય-માનવ દેહો દોડાદોડ કરી રહ્યા હતા, ઘણી વખત આ પ્રતાપી પુરુષો એમની ચીર યૌવન ભૂમિમાં આવી જવા એને સપ્રેમ આમંત્રણ આપતા.

"આહ !" એનાં મ્હોંમાંથી એક ધીમો નિઃશ્વાસ નીકળી ગયો. "મારૂં બૅરોમિટર તોફાની હવા દર્શાવે છે, કેમ થશે ?" ભાવિથી આશંકિત એની વજ્ર છાતી પણ ધડકવા લાગી. આ એકાન્ત પ્રદેશમાં પોતે એકલો છે, એનું હવે તેને ભાન થયું.

દૂર વૈતાઢયની પાછળથી જંગી ખડક સમા શ્યામલમેઘ વાદળોની લાંબી કતાર આકાશના શુભ્ર ફલક ઉપર ચઢી આવતી દેખાઇ, ઝંઝાવાત સાથે ગર્જનાઓના અવાજ થવા લાગ્યા અને વીજળીના ચમક-ઝબકારા પણ પ્રતિપળે વધવા લાગ્યા, થોડીવારે શ્યામ વાદળીઓ ઘટાટોપમાં એનું વાયુયાન અટવાઈ ગયું, વરસાદ શરૂ થયો, અને અંધારૂં એટલું તો ઘેરૂં બની ગયું હતું, કે એના માર્ગદર્શકના પ્રકાશમાં પણ સ્પષ્ટપણે કશું જ દેખી શકાતું ન હતું. મધરાત વિતી ગઇ હતી, પ્રિયદર્શને વિમાનને વાદળોથી પર વધારે ઉંચે લઇ જવા ધાર્યું પણ ત્યાંજ અધીરાઇ, ઉકળાટ અને અંધકારમાં એનાથી કૅાન્ટ્રોલ સ્ટિકનો ભળતો ઉપયોગ થઇ ગયો. ભયંકરધ્વનિ સાથેજ એનાં વિમાને, એક જબ્બર ઘુમરી ખાધી અને સફેદ ગરુડ નિચે સરકતું દેખાયું

"અરે પ્રભુ ! મ્હારી આશા અધુરીજ રહેવા સર્જાઈ છે કે શું ?" એનાથી બોલી જવાયું. નીચે ઉતરી જવું એને વધારે યોગ્ય જણાયું, વિદ્યુતના પ્રકાશમાં વૈતાઢય ઉપર એક મોટું મેદાન

તેની દ્રષ્ટિએ આવ્યું. પુરતી કાર્યદક્ષતા અને નૈપુણ્યતાથી એણે વિમાનને નીચે ઉતારી લીધું.

ઠંડી એટલી તો સખ્ત હતી કે, ન પુછો વાત ! ત્યારે થર્મોમીટરનો પારો શૂન્યથીયે ખુબ નીચે ઉતરી ગયો હતો. સાથે જલના પ્રપાત રચતો ધોધમાર તોફાની વર્ષા શરૂ થયો, કડાકાઓથી આખો વૈતાઢય ધણધણી ઉઠયો, જંગલનાં ચિત્ર–વિચિત્ર પ્રાણીઓ દોડાદોડ કરી રહ્યાં હતાં, રાત્રિ હજુ બાકી હોવાથી પ્રિયદર્શને વિમાનની અંદર જ થોડી નિંદ્રા ખેંચી લેવી યોગ્ય માની. રાત્રિ વ્યતિત થતાં વરસાદ કાંઇક ધીમો પડયો, મેઘઘટા ઓછી થતી ગઇ, અને દૂર ક્ષિતિજમાંથી સહસ્ત્રરશ્મિનો ઝાંખો પ્રકાશ દેખાવા લાગ્યો. પ્રિયદર્શન જાગી ઉઠયો. વિમાનમાંથી એ બહાર આવ્યો, નગાધિરાજ વૈતાઢયની સૌંદર્યલીલા અને પૃથ્વીદેવીનો નયન મનોહર લીલોછમ પ્રદેશ નિરખી એનાં હૃદય મહાસાગરમાં સાહસોત્સાહનાં પ્રચંડ મોજાં ઉછળવાં લાગ્યાં, જરાદૂર વિદ્યાધરોનાં નગરોની ભવ્ય પર્વત–શ્રેણિઓ નજરે પડી. વિદ્યાધરો એ આર્યવર્તની પ્રાચીન પ્રજા છે. આર્યસંસ્કૃતિનાં એ હંમેશના રક્ષકો છે, અને વૈતાઢય એ તો ભારતદેશનું ધ્યાન–નિકેતન છે. પ્રિયદર્શનને દૂરબીનમાંથી સુવર્ણ કળશોથી ઝળાંઝળાં થઇ રહેલ, ગગન વલ્લભાદિની રાજમહેલ સમી ઈમારતો સ્પષ્ટ દેખાઈ રહી. એણે એ તરફ જવા માંડયું, પણ અચાનક એનો પગ લપસી જવાથી એક મોટી ઉંડી ખીણ તરફ એ ગબડી પડયો, જરાક જ ચૂક થતાં એ જરૂર મોતને ભેટી ચૂકયો હોત, પણ એની સમયસુચકતા અને ચપળતાથી એક મોટાં વટવૃક્ષનાં મૂળને એ તરત વળગી પડયો, એ બચી જવા પામ્યો. નીચે ખીણમાં પુષ્પોના ભારથી લચી જતી વેલડીઓમાં કાળની જીવ્હા જેવો એક મોટો ફણીધર સર્પ ફુંફાડા મારતો જતો દેખાયો.

સમય ઘણો વ્યતિત થઇ જવાથી થોડાંક તાજાં ફળ ફુલ લઈ, પોતાના ગરુડમાં બેસી ગયો; પ્રોપેલરના ફરવા સાથે ગરુડ હવામાં કુદકા લેતું આગળ ધસ્યું, અનુક્રમે ઉત્તર ભરત લઘુ હિમવંત પર્વત, હિમવંતક્ષેત્ર, મહાહિમવંત પર્વત, હરિવર્ષક્ષેત્ર અને નિષધ પર્વત સુધી એનું વિમાન આવી ગયું, કોઈ કાળચક્રોથી ધ્યાનની તાળી લગાવી બેઠેલા ચારસો યોજન ઉંચા નિષધની નૈસર્ગિક સૌંદર્યતાથી આકર્ષાઇ પ્રિયદર્શન પર્વત ઉપરના એક વિશાળ મેદાનમાં ઉતર્યો. સફેદ બરફ જેવી આરસની ઉંચી સેખડો, ગિરિ ચરણેથી ઉતરતી સીતોદાનદીના વાંકા ચૂંકા રૂપેરી જલ પ્રવાહો, વનરાજિની દુર્ભેદ ઘટાઓ, ખળખળ વહેતાં નિર્મલ જલનાં શિતલ ઝરણાં, ઘણી ઉંચાઇએથી પડતા મહાન્ જલપ્રપાતો, અને મખમલના ગાલિચા જેવો લીલોછમ રસબસ ધરાતલ પ્રદેશ ! કેટલો બધો સરસ દેખાવ ! કેટલી બધી ઉજ્જવલતા અને હૃદયંગમ જીવંત રમ્યતા ! પૃથ્વીદેવીનાં આ પ્રાકૃતિક શોભનનું સાચું વર્ણન કઇ રીતે કરી શકાય ?

નિષધની રમણિયતાનું પાન કરતો પ્રિયદર્શન, તિગિચ્છ સરોવર પાસે આવી લાગ્યો. સરોવરમાં સેંકડો સહસ્ત્ર–પદ્મો ઉગી નીકળવાથી જાણે સ્મિત-હાસ્યથી એ સૌને બોલાવી રહ્યાં હતાં. અંદર રાજહંસ પક્ષીઓ સ્વછંદ કમલ વિહાર માણી રહ્યાં હતાં, એક સ્થળે બગલા, કાજિયાં અને ફ્લૅમિંગોએ સરોવર ખળભળાવી મુકયું હતું, ઉપર દાંપત્યધર્મની પ્રેમ–ગાથા રચતાં સારસ–જોડલાંઓ ઉડી રહ્યાં હતાં, બહાર ઉગેલાં ચંપકપુષ્પોની મધુરી–સૌરભથી સરોવરનાં જલ

મ્હેકી રહ્યાં હતાં, લીલી કુંજાગાર લત્તાઓનાં સપુષ્પ ઝુંડ કિનારા ઉપર ઝુકી, ધી દેવીને નમી રહ્યાં હતાં. એનું મનોહર દર્શન પ્રિયદર્શનને ચમકાવી રહ્યું હતું. ત્યાંતો દૂરથી સિંહ જેવું પણ એના કરતાં મોટું, શાહુડી જેવાં સિસોળિયાંવાળું એક વિકાળ પશુ એના ઉપર જ ધસી આવતું દેખાયું, તેની મોટી આંખોમાં ખૂની ઝનૂન ટપકતું હતું, એની લાંબી છલાંગ હવામાં ભરાતી જોઇ, પ્રિયદર્શન ઝડપથી સરોવરનાં ઉંડા જલમાં કુદી પડયો, પેલા જંગલી પશુએ પંજો ઉગામી, જડબાં ફાડી, ભંયકર ઘુરકાટ ચાલુ કર્યો, પણ જલશિકરમાં કુદી પડવાની તેની હિંમત ચાલી નહીં, ક્રોધથી ધુંવાકુંવા થઇ હવામાં પૂંછડી વિંઝતું તે ત્યાંજ ઉભું રહ્યું, પણ પ્રિયદર્શન પાણીમાં ઉંડે ડુબકી મારી દૂર નીકળી ગયો. બંને વચ્ચે અર્ધાક માઇલનું છેટું રહી ગયું, પ્રિયદર્શન પાણીમાંથી નીકળી ઝડપથી એનાં સફેદ ગરુડ તરફ પાછો ફર્યો.

દશે દિશાએ ચંદ્રનાં અમૃત ઢોળાંતાં હતાં, વાતવરણમાં જાણે મોગરાની સૌરભ ભરી હતી, સફેદ ગરુડ વેગથી રસ્તો કાપી રહ્યું હતું, આકાશ ચોકખું હોવાથી દૂરથી મહાવિદેહનાં પ્રતિહાર સરીખડાં મેરુનાં ઉત્તુંગ સોનેરી શિખરો દૃષ્ટિએ આવી રહ્યાં હતાં, એની એક લાખ યોજનની ઉંચાઇ, જગતમાં અભૂતપૂર્વ હતી, એનો દેખાવ ખુબજ મનોહર હતો, એનાં લીલાં કુંજાગાર નંદનવનની એકાન્ત સુંદરતામાંતો વાસન્તી પુરેપૂરી ખીલી રહી હતી. છએ સિંહાસનોની રચના અપૂર્વ હતી, નિષધ મુકયા પછી ૩૩૬૮૪ યોજન વિશાળ મહાવિદેહની પુન્યભૂમિ શરૂ થતી હતી, આજે એ આનંદ મસ્ત બની રહ્યો હતો, એની છાતી ગજગજ ફુલતી હતી. અનંત યૌવના મહાવિદેહની પુષ્કલાવતી વિજય ઉપર આજે એ ઉડી રહ્યો હતો, એનું સફેદ ગરુડ પુંડરિગિણિ નગરી ઉપર આંટા મારી રહ્યું હતું, વર્ષોની એની તપશ્ચર્યા આજે ફલીત થતી હતી. એની સ્વપ્ન સૃષ્ટિનાં પાંચસો ધનુષ્ય ઉંચા માનવદેહો નજરે પડી રહ્યા હતા. એની સામેજ પુંડરિગિણિ નગરીનો રત્નમય કોટ ઉગતા સૂર્યનાં કિરણોથી ઝળાહળાં થઇ રહ્યો હતો.

કેવી છે આ મનોહર નગરી ! રાજ્યમહેલથીએ અધિક ભવ્ય પ્રાસાદો, રંગબેરંગી સુમનોથી ભરેલાં વન–ઉપવનો, અપ્રતિમ સૌંદર્યવાળાં સ્ત્રી-પુરુષો, અશાંતિનું નામ નહિ, લોકો આનંદથી વાતો કરી રહ્યાં હતાં, કોઇ રોગી કે અસંતોષી હોય તેમ દેખાયું નહીં. જાણે અલકાપુરી જ જોઇ લ્યોને, પણ આ બધા માણસો કયાં જઈ રહ્યાં છે? અને આ કર્ણમધુર મંજુલસ્વર ક્યાંથી આવે છે? એની ધીરજ ટકી નહી, અવાજની દિશાએ એણે પોતાનું ગરુડ હંકાર્યું.

દુદંભિનો નાદ, રત્નમય સમવસરણ, પ્રકાશમાં ઝળાંઝળાં થતાં મણિ–રત્નો, દેવપ્રતિહાર ચૈત્યવૃક્ષ, ધર્મચક્ર, આકાશમાં ઉંચે સુધી લ્હેરાતો ઇંદ્રધ્વજ, પાદપીઠ સહિત સિંહાસન, અને દેશનાનાં અમૃતવારિ વર્ષાવી રહેલ મહાપ્રતાપવાન ત્રિલોકનાથ શ્રી **સીમંધર** સ્વામીને એણે જોયા, સિદ્ધિનાં અજવાળાં પથરાતાં લાગ્યાં, વિશ્વતેજસ્વી પ્રભુને જોઇ એ ઝડપથી નીચે ઉતર્યો, અને સમવસરણમાં ઉત્તર દ્વારેથી પ્રવેશ કરી, પ્રભુને ભાવપૂર્વક નમન કરી એ પણ પ્રભુનાં પદ–કમળ પાસે બેસી ગયો.

વિશ્વવત્સલ પ્રભુ શ્રી સીમંધર સ્વામીને આપણાં પણ સ્નેહ–ભાવપૂર્વક નમન હો ! નમન હો !!

---

ગ્રાહક બંધુઓએ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવા ચૂકવું નહિ.

# કયુમ્બર

શ્રીચંદ્ર

લગભગ ૫૦૦૦ હજાર પ્રાણીઓને પરમાણુ બોમ્બના અખતરા માટે મધ્ય પેસીફીકના માર્શલ ટાપુઓમાં સંકેત સ્થળે એકઠા કરવામાં આવ્યા છે. જેમાં ઉંદર, બકરાં અને કુક્કર વગેરે છે. [ સફેદ સંસ્કૃતિનું એ કાળું કલંક છે. ! ]

જયપુરમાં પંડિત મોતીલાલ ગુર્તુએ એક નવી વિશ્વભાષા રચી છે. તેઓ જણાવે છે કે, કોઈ પણ જીવંત ભાષા કરતાં તે વધુ સાદી અને અસરકારક છે. ફક્ત એંશી કલાકમાં તે શીખી શકાય છે અને એકવાર શીખ્યા પછી તે કદી ભૂલી જવાય તેમ નથી.

દિવસ ઉગે એક નવા શસ્ત્રની બાતમી બહાર પડે છે. અમેરિકાના વૈજ્ઞાનિકોએ વધુ એક નવા શસ્ત્રની શોધ કરી છે. 'ખાલી ટુથ પેસ્ટ'ની ડબીવડે તે શસ્ત્રનો ઉપયોગ કરી શકાય છે. અણુશક્તિ વાળાં શસ્ત્રોથી લદાએલા વિમાનોને પણ તોડી પાડશે. તેની ગતિ સેકંડે પાંચ માઇલની છે ( તેનો ઉપયોગ રક્ષણમાં થશે કે ભક્ષણમાં ? )

ગાંધીજી પોતાના પાયખાનાને લાઇબ્રેરી કહે છે. નામ આપવાની વાત નથી હકીકત પણ એજ છે. સામાન્ય માણુસ પોતાની આખી જીંદગીમાં યે નહિ વાંચતો હોય તેટલું તેમણે પોતાની લાઈબ્રેરીમાં (પાયખાનામાં) વાંચ્યું છે. જાજરૂની બેઠક પાસે તેમણે પુસ્તકો મૂકવાની એક અભરાઈ પણ રાખી હતી. સામાન્ય માણસ આમ કરે તો મૂર્ખામાં જ લેખાય.

હિંદુસ્તાનના જુદા જુદા વિભાગોમાં થઇને ૪૦ હજાર માઇલમાં રેલ્વે પથરાઈ છે. વિમાનોની દુનિયા થતાં રેલ્વેનું મહત્વ ઘટશે ?

એક પાટાવાળી ગાડીની શરૂઆત થોડા દિવસમાં થવાની છે. ગાઈડ વેઝ નામે ઓળખવામાં આવશે. જામખંભાળીઆ અને જામનગર વચ્ચે અખતરાનો આરંભ થઈ ચૂકયો છે.

હિંદમાંથી મેલેરીઆ રોગથી દરવર્ષે દસ લાખ માણસો મરણને શરણ થાય છે. જેમ જેમ રામબાણ ઈલાજો ઔષધના વધતા ગયા તેમ તેમ રોગોનું જુથ જામતું ગયું.

ચલચિત્રોથી થતા લાભાલાભનો અહેવાલ તૈયાર કરવાને અમેરિકામાં નિમાયેલી સત્તાવાર સમિતીએ ચાર વર્ષ સુધી એ વિષયનું નિરીક્ષણ કરી ઠરાવ્યું છે કે, ચલચિત્રોથી થતા લાભ નજીવા છે જ્યારે દેશમાં વધતાં દૂષણોનો મોટો ભાગ એમને આભારી છે.

પરદેશમાં અખબારી આલમ વધુ વિકાસ પામી છે 'સેટરડે ઇવનીંગ પોષ્ટ' નામનું સામયિકની નકલો ૩૫૦૦૦૦૦ નીકળે છે. હિંદુસ્તાનનાં અખબારોની દશા સુધરી નથી. જુનામાં જુનું હશે પણ તેની નકલો વધુમાં વધુ ૯ થી ૧૦ હજાર નકલ નીકળતી હશે. હિંદુસ્તાનમાં કેવળ હિન્દી **કલ્યાણ**ની કોપી ૬૫૦૦૦ લગભગ નિકળે છે.

હિંન્દુસ્તાનમાં ફક્ત બે માસમાં જ ૫૬૬૨ મોટરો અને ૪૦ હજાર રેડીઓની આયાત થઇ છે. લડાઈ પહેલાનાં વર્ષો કરતાં પણ વધુ આયાત થવા લાગી છે.

પેરેફીનમાંથી માખણ બનાવાય છે. પેરફીન એ કોલસામાંથી બનતી વસ્તુ છે. માખણ બનાવવાનું કારખાનું જર્મનીના રૂહરના પ્રદેશમાં આવેલું છે. અને તે દર મહીને ૩૫૦ ટન માખણ બનાવે છે.

હવે પછી એવી નૌકાઓ તૈયાર થશે કે, જેના સંચાલન સારૂ નૌકાપતિઓની જરૂર રહેશે નહિ.

કિનારાઓ ઉપર રાડર સ્ટેશનો રચાશે એની મદદથી ભવિષ્યમાં નૌકાઓને દિશા સૂચન મળશે.

ગોધાની કિંમત વધારેમાં વધારે તમે કેટલી આંકો છો? આબર્ડીનનો એક ગોધો હમણાં ૭૮૭૫ પાઉંડની કિંમતે વેચાયો. હીયરફોર્ડના ગોધાના ૧૩૧૨૫ પાઉંડ ઉપજ્યા. ત્યારે બીજા એક ગોધાની ૧૪૫૦૦ ગીની ઉપજી છે. માણસો જ ઢબે પીટાય છે.

વિલાયતમાં ૬૦૦ થી ૯૦૦ વર્ષ જુનાં માટીનાં મકાનો સારી સ્થિતિમાં ટકી રહેલાં છે. આ મકાનો જલ્દી ચણી શકાય છે અને વળી અતિ સસ્તાંએ પડે છે. ઈંટોની દિવાલોમાં પાણીનો પ્રવેશ થાય છે, કોન્ક્રીટની દિવાલોમાં પાણી નીતરે છે, પણ માટીની દિવાલો બરાબર સુકાય જાય એટલે તેમાં પાણી પ્રવેશી શકતું નથી. સિમેંટ કરતાં તે સંગીન છે. અસલ તે અસલ બાકી બધું નકલી!

સોવિયટ રશિયા કાગળનું ફર્નિચર બનાવવાનું છે આ માટે કાગળોની ખાસ પ્રક્રિયા થશે. આ ફર્નિચર વજનમાં હળવું છતાં વિશેષ ટકાઉ બનશે. વૈજ્ઞાનિક દુનિયામાં ન બને તેટલું ઓછું!

બ્રિટન અને અમેરિકા એ બન્ને દેશોના મળીને સિનામા ઉદ્યોગમાં લગભગ રૂા. ત્રણ અબજ રોકાયા છે.

કેરોની પોલીસે એક ભિખારીને ગિરફતાર કર્યો છે તે ત્રણ મકાનોનો માલિક છે તેની વાર્ષિક આમદાની રૂા. ૧૦૫૦૦ જેટલી છે તો તેને ભિખારી કેમ કહેવાય?

એવું માનવ યંત્ર શોધાયું છે, જે માનવી એક સો વર્ષે કરી શકે તેટલું અંકગણિતનું કામ માત્ર બે કલાકમાં જ કરી શકે. યંત્રની કિંમત એક લાખ પાઉંડ છે.

---


# સલામતી

બદલાતી રહેતી દુનિયામાં પણ ગ્રેશમ પોલીસીએ વચન આપેલું રક્ષણ અચલ છે.

રૂા. ૧૬,૦૦,૦૦,૦૦૦ ઉપરાંતનું તેનું સદ્ધર અનામત ભંડોળ છે.

મુંબઈમાં આવેલા કંપનીની પોતાની માલિકીના "ગ્રેશમ એશ્યુરન્સ હાઉસ" જેટલો જ આ આંક સદ્ધરતા અને સલામતીનો સુચક છે.

## ગ્રેશમ

## જીંદગીના વીમા ઉતારનારી સોસાયટી લી.

સ્થપાઇ સને ૧૮૪૮ માં

હિંદ, બર્મા અને સીલોન માટેની વડી ઓફીસ—

ગ્રેશમ એશ્યુરન્સ હાઉસ, મુંબઇ.

| નરહરિ એમ. ઓઝા | ડી. એસ. સુરતી |
|---|---|
| સ્પેશ્યલ એજન્ટ | ડીસ્ટ્રીકટ મેનેજર |
| પાલીતાણા. | પો. બો. નં. ૬૦ |
| [કાઠીઆવાડ] | અમદાવાદ. |

# આરાધનાની સફળતા કયારે?

## પૂ. આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.

જૈનશાસનમાં અપૂર્વ પર્વ, પર્યુષણાપર્વ ગણાય છે. આ પર્વ, પાપ પર્વતોને ચૂરવા વજ્ર સમાન છે. શીવરમણીનામંડપમાં પ્રવેશ માટે કમાન છે. આ પર્વ ઉપર માત્ર પરિમીત માણસો જ નહિ પરંતુ સંખ્યાતિત દેવો પણ કુરબાન છે. આ પર્વરૂપ વજ્રધરને પેલા વજ્રધરની જેમ પતનનો ડર નથી કિન્તુ આરોહણને સર કરવાનું બળ મળે છે અને સ્વલ્પ સમયમાં શિવઘરને મેળવે છે, કે જ્યાં જન્મ મરણનો ડર નથી અનંત સુખનો ભર છે. માત્ર આ વજ્ર ઉપર ક્ષમાનું પાણી ચઢાવવું જોઇએ. જો તેવા પાણીનો સંજોગ ન મળે તો એક તરણું સરખું તોડવાને પણ એ સમર્થ નથી. અનંતી વખત આ પર્વની નિકટમાં આવ્યા. દ્રવ્યથી આરાધનાઓ કરી પણ કાંઈ વળ્યું નહિ. જ્યાંસુધી કષાયિત વાતાવરણનું જોર હોય ત્યાં સુધી શ્રેયઃ થવાનો સંભવ નથી. આ પર્વ, જે કાંઈ પારસ્પરિક કલેશનું રૂપક બની ગયું હોય તેને ક્ષમાવવાને અવસર આપે છે. વળી આ પર્વ જૂજ ગણત્રિના દિવસોમાં આવી પહોંચશે તે પહેલાં સદાચારને જગાવો, વૈરાગ્ય ભાવનાની વૃત્તિ જાગે તેવી ધૂન લગાવો, પ્રભુશાસનનાં સુંદર તત્ત્વોને પચાવો અને નવીન કલેશ ન થઇ જાય તે માટે પોતાના આત્માને બચાવો. આત્મભાવનામાંજ વસી આવતા પર્યુષણને સાર્થક નામવાળું બનાવો. જે જે અપરાધો ગણાચાર્ય, ગુરૂભ્રાતા યા લઘુભ્રાતા, સ્વગચ્છીય યા પરગચ્છીયોની સાથે થયા હોય તે સમસ્તને કાગળથી જ નહિ પણ અંતરથી ખમાવજો, તેવી જ રીતે બીજાઓ સાથે તેવું વર્તન થવા પામ્યું હોય તો ખમાવવું ઉચિત છે. પર્વના મર્મને સમજી આપણો સમાજ આ પર્વનો દિલથી આરાધક થાય તો કલેશની જડ ઉખડી જાય. ખમાવવામાં ઉદાયન જેવા થવાય તો આવતી કાલે આપણો ઉદય છે. પ્રતિક્રમણમાં સંગ્રામસિંહ બનાય તો કાલેજ કર્મનો વિલય થાય સાધર્મિક વાત્સલ્યમાં ભરત, દંડવીર્ય, કુમારપાલ, જગડુશાહ જેવી પ્રવૃત્તિવાળા પુણ્યશાળીઓ પાકે તો આપણા સમાજનું અનેરૂં ગૌરવ ઝળકી ઉઠે અને આપણે પણ આપણું કલ્યાણ કરતાં, હજારો બીજાઓનું અનુમોદના, અનુકરણઆદિદ્વારા કલ્યાણ કરી શકીએ, સાથે સાથે આ પર્વમાં અષ્ટમ તપને પણ યાદ રાખવો, ભુલવો નહિ. આ પર્વનો અઠ્ઠમ, જ્ઞાન, દર્શન, ચારિત્રને નિર્મળ કરે છે. મિથ્યાત્વ, માયા, નિદાન એ ત્રણ શલ્યનો નાશ કરે છે. ત્રણ જન્મને પવિત્રતાનું જોમ આપે છે. ત્રણ લોકને પવિત્ર બનાવે છે. અરે! એક જ જન્મનો અઠ્ઠમ, નાગકેતુની જેમ કેવલજ્ઞાન પ્રાપ્ત કરાવી તેજ ભવમાં મોક્ષ આપી શકે છે. આ તપશ્ચર્યા પણ પર્યુષણની આરાધનાનું અંગ છે અને એના રંગમાં કર્મનો ભંગ છે, માટે ભુલાઈ ન જાય તેવી સાવધાનતા રાખવી. એક વાત ખાસ યાદ રાખવાની છે કે, તપમાં કષાય ત્યાગ જરૂર જોઇએ તે સિવાય આપણો તપ સર્વાંગી ફળ આપી શકતો નથી અને કર્મને કાપી શક્તો નથી. બલિહારી જૈનધર્મના તપની કે જેમાં કોઇ જાતનું ફરાળ નથી કે કષાયની વરાળ નથી. આ વાકય લખતાં મને દુઃખ થાય છે કે, ફરાળ નથી એ વાતના અપવાદથી અમારૂં તપ આબાદ બચ્યું છે, પણ કષાયની વરાળથી એ વાક્ય લખતાં મન અચકાય છે. ઘણા ભાગ્યશાળીઓ, આ બન્નેથી અલિપ્ત તપ કરતા હશે અને તેવા તપસ્વીનાં ચરણના અમે સદૈવ દાસ

થવા માગીએ છીએ છતાંય આજે ફરાળથી મુક્ત તપ કરનારા કષાયયુક્ત તપ કરતા હોય છે ત્યારે ખેદ થાય છે કે, ભુજંગ બહાર નિકાલવા રાફડો ફાડતાં, ભુજંગ ઉંડો ઉંડો ઉતરતો જાય છે. અને રાફડો નાહક ફાડી નખાય છે તેમ શરીર રાફડાને ફાડતાં કષાય ભુજંગ ઉંડો ઉતરતો જાય, ક્ષય ન થાય તો તે તપ મુક્તિના માટે થતો નથી છતાંય તપ નિષ્ફળ છે એમ કહેવું તે પણ અજ્ઞાનતા છે; કારણ કે તેવા તપોથી પણ દેવલોકાદિના સુખો તો મળેજ છે, માત્ર મુક્તિ સુખના માટે નિષ્ફલ કહેવાય, છતાંય દેવલોકમાં જતાં અસંખ્યાત વર્ષનું આયુષ્ય મલતાં, અહિં થનારા અસંખ્યાતા મરણોથી તો બચાવે જ છે. પરંતુ સર્વથા મરણાભાવમાં નિમિત્ત થતું નથી માટે ન હોય ફરાળ અને ન હોય કષાયની વરાળ; આવા ઉત્તમ તપને આદર કરાવનારૂં આ પર્વ ઘણાજ ઉચ્ચભાવે સેવનીય–સેવવા લાયક છે. કેટલાક બે ઉપવાસ કરી ત્રીજે ઉપવાસે, તો કેટલાક સાત ઉપવાસ કરી આઠમે ઉપવાસે, તો કેટલાક પંદર ઉપવાસ કરી સોલમે ઉપવાસે, તો કેટલાક ઓગણત્રીસ ઉપવાસ કરી ત્રીસમે ઉપવાસે, તો કોઇક પુણ્યશાલી ઓગણસાઠ ઉપવાસ કરી સાઠમે ઉપવાસે, પર્યુષણ પર્વને ભેટી તેના શરણમાં આરાધના કરશે. આવી આરાધના પુણ્યયોગે સાંપડી છે તેના અર્પક તિર્થંકર ભગવંતો છે. અને ચૈત્યોમાં તેમની જ મૂર્તિઓ બિરાજમાન છે. તે ઉપકારીઓના ઉપકારથી આપણે દબાએલા છીએ માટે અવશ્ય સર્વ ચૈત્યોના દર્શન રૂપ ચૈત્ય પરિપાટી કરવી આ પણ કૃત્ય આ પર્વમાં વિશેષ રૂપે કરવાનું છે. આ પર્વમાં પણ જો પાવન ન થવાય તો તેનાથી વધારે શોચનીય શું હોય ?

૪૧ વર્ષના જુના અને જાણીતા–

**ફોટોગ્રાફર્સ એન્ડ આર્ટીસ્ટસ્**

હાઇકલાસ ફોટોગ્રાફીક, પેઇન્ટીંગ એન્લાર્જમેન્ટ વગેરે કરી આપી ગ્રાહકોનો સંતોષ મેળવવો એ અમારો મુદ્રાલેખ છે

એકાદ કામ આપી ઉત્તમતાની ખાત્રી કરવા ખાસ આગ્રહ કરીએ છીએ

: માલિક :

**અમૃતલાલ ટી. દવે**

**ધી મહેન્દ્ર આર્ટ સ્ટુડીઓ**

બાબુબીલ્ડીંગ—**પાલીતાણા.**

**યાત્રાળુઓને !**

દુધ, દહીં, શીખંડ, દુધપાક તેમજ મોદીખાનું વગેરે મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થળ :–

એક વખત ઓર્ડર આપી અમારા કામની ખાત્રી કરવા આગ્રહ કરીએ છીએ.

**પ્રાગજી મોનજી ઘેટીવાળા**

ખુશાલભુવન સામે—**પાલીતાણા.**



## नारी स्वातंत्र्यः

[ हिंदी कल्याण ]

स्त्री अपने इस प्राकृतिक उत्तरदायित्वसे बच नहीं सकती। जो बचना चाहती हैं, उनमें विकृतरुपसे इसका उदय होता है। विकृतरूपसे होनेवाले कार्यका परिणाम बड़ा भयानक होता है। यूरोपमें नारी-स्वातन्त्र्य है, पर वहाँकी स्त्रियाँ क्या इस प्राकृतिक दायित्वसे बचती हैं? क्या वासनाओंपर उनका काबू है? वे चाहे विवाह न करें या सामाजिक विघटन होनेके कारण चाहे उनके योग्य उम्रमें न होने पावें; परन्तु पुरुष-संसर्ग तो हुए विना रहता नहीं। अभी हालमें इंग्लैंडकी पार्लमिंटकी साधारण सभामें एक प्रश्नके उत्तरमें मजदूरसदस्य श्रीयुत लेजने बतलाया कि 'इंग्लैंडमें २० वर्षकी आयुवाली कुमारियोंमेंसे ४० प्रतिशत विवाहके पहले ही गर्भवती पायी जाती है। और विवाहित स्त्रियोंके प्रथम सन्तानमें चारमें एक अर्थात् २५ प्रतिशत नाजायज ( व्यभिचारजन्य ) होती है।' आपने यह भी कहा कि 'देशका ऐसा नैतिक पतन कभी देखनेमें नहीं आया।' कहते हैं कि अमेरिकाकी स्थिति इससे भी कहीं भयानक है। क्या ऐसा स्त्री-स्वातन्त्र्य भारतीय स्त्री कभी सहन कर सकती है?

आपने लिखा कि 'पाश्चात्य देशोंमें स्त्रियोंकी स्वतन्त्रताके तथा शिक्षाके कारण बड़ी उन्नति हुई है।' मेरी धारणामें यह कथन भ्रमपूर्ण है। उन्नतिका एक उदाहरण तो ऊपर बतलाया जा चुका है। इसके सिवा, यदि ध्यान देकर देखा जाय तो पता लगेगा कि वहाँका पारिवारिक जीवन प्रायः नष्ट हो गया है। सम्मिलित कुटुम्ब—जो दया, प्रेम, स्नेह, परोपकार, जीव-सेवा, संयम और शुद्ध अर्थ-वितरणकी एक महान् संस्था है, जिसमें दादा-दादी, ताऊ-ताई, चाचा-चाची, भाई-भौजाई, देवर-जेठ, सास-पतोहू, मामा-मामी, बूआ-बहिन, मौसी-मौसे, भानजे-भानजी, भतीजे-भतीजी आदिका एक महान् सुशृंखल कुटुम्ब है और जिसके भरण-पोषण तथा पालनमें गृहस्थ अपनेको धन्य और कृतार्थ समझता है—का तो वहाँ नामोनिशान भी नहीं मिलेगा। स्वतन्त्रता तथा समानाधिकारके युद्धने वहाँके सुन्दर घरको मिटा दिया है! इसीसे वहाँ जरा-जरा-सी बातमें कलह, अशान्ति, विवाह-विच्छेद या आत्महत्या हो जाती है। वहाँ स्त्री अब घरकी रानी नहीं है, घरमें उसका शासन नहीं चलता, गृहस्थ-जीवनका परम शोभनीय आदर्श उसकी कल्पनासे बाहरकी वस्तु हो गया है। घरको सुशोभित करनेवाली श्रेष्ठ गृहिणी, पतिके प्रत्येक कार्यमें हृदयसे सहयोग देनेवाली सहधर्मिणी और बच्चोंको हृदयका अमीरस पिलाकर पालनेवाली माताका आदर्श वहाँ नष्ट हुआ जा रहा है। 'व्यक्तिगत स्वातन्त्र्य' और 'स्वतन्त्र प्रेम' के मोहमें वहाँकी नारी आज इतनी अधिक पराधीन हो गयी है कि उसे दर-दर भटककर विभिन्न पुरुषोंकी ठोकरें खानी पड़ती हैं! जगह-जगह प्रेम बेचना पड़ता है! नौकरीके लिये नवे-नवे मालिकोंके दरवाजे खटखटाने पड़ते हैं और no vacancy की सूचना पढ़कर निराश लौटना पडता है। यह कैसी स्वतन्त्रता है और कैसा सुख है?

आप कहती हैं कि 'वहाँकी शिक्षिता स्त्रीयोंमें बहुमुखी विकास हुआ है।' यह सत्य है कि वहाँ अक्षर-ज्ञानसे पर्याप्त विस्तार है।

परन्तु अक्षर-ज्ञानसें हो कोई सुशिक्षित और विकसित हो जाय, ऐसा नहीं माना जा सकता। वास्तवमें शिक्षा यह है जो मनुष्यमें उसके स्वधर्मानुकूल कर्तव्यको जाग्रत करके उसे उस कर्तव्यका पूरा पालन करने योग्य बना दे। यूरोपकी स्त्रीशिक्षाने यह काम नहीं किया। स्त्रीयोंको उनके नैसर्गिक धर्मके अनुकूल शिक्षा मिलती तो बहुत बडा लाभ होता प्रकृतिके विरुद्ध शिक्षासे इसी प्रकार बडी हानि हुई है। इस युगमें स्त्रियोंको जो शिक्षा दी जाती है, क्या उससे सचमुच उनका स्वधर्मोचित विकास हुआ है? क्या इस शिक्षासे स्त्रियाँ अपने कार्यक्षेत्रमें कुशळ बन सकी है? क्या अपने क्षेत्रमें, जो उनको नैसर्गिक स्वतन्त्रता थी, उसकी पूरी रक्षा हुई है? उसका अपहरण तो नहीं हो गया है? सच पूछिये तो सैकडों वर्षोंसे चली आती हुई यूरोपकी शिक्षाने वहाँ कितनी महान् प्रतिभाशालिनी स्वधर्मपरायणा जगत्की नैसर्गिक रक्षा करनेवाली महिलाओंको उत्पन्न किया है? बल्कि यह प्रत्यक्ष है कि इस शिक्षासे वहाँ नारियोंमेंसे गृहिणीत्व तथा मातृत्वका ह्रास हुआ है। अमेरिकामें ७७ प्रतिशत स्त्रियाँ घरके कामोंसें असफल साबित हुई है। ६० प्रतिशत स्त्रियोंने विवाहोचित उम्र बीत जानेके कारण विवाहको योग्यता खो दी है। विवाहकी उम्र वहाँ साधारणत: १६ से २० वर्ष तकको ही मानी जाती है। इसके बाद ज्यों-ज्यों उम्र बडी होती है त्यों-ही-त्यों विवाहकी योग्यता घटतो जाती है। इसका परिणाम है कि वहाँ स्वेच्छाचार, अनाचार, व्यभिचार और अत्याचार बढ़ गया है। अविवाहित माताओंकी संख्या क्रमश: बढ़ो जा रही है। घरका सुख किसीको नहीं। बीमारी तथा बुढ़ापेमें कौन कीसकी सेवा करे? वहाँकी शिक्षिता स्त्रियोंमें लगभग ५० प्रतिशतको कुआँरो रहना पडता है, और बिना ब्याहे हो उन्हें वैधव्यका-सा दुःख भोगना पडता है! यही क्या बहुमुखी विकास है?



## સહશિક્ષણથી થતું અધ:પતન

**( મુંબઇ સમાચાર : સમાજસેવક )**

લખનૌના સમાચાર સાંપડે છે કે, ત્યાંની યુનીવર્સિટી કોર્ટની બેઠકમાં પંડીત ગયાપ્રસાદ શુકલનો લખનૌ યુનીવર્સિટીમાં સહશીક્ષણની પ્રથા સદંતર બંધ કરવાનો ઠરાવ પસાર થયો છે. આ ઠરાવે ત્યાંના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ સારાયે સમાજમાં એક સરખો ખળભળાટ જગાવ્યો છે.

લખનૌ યુનીવર્સિટી કોર્ટની બેઠકમાં પસાર થયેલો એ ઠરાવ જણાવે છે કે, "આ સભાનો મત છે કે, આ યુનીવર્સિટીમાં સ્ત્રી-પુરૂષોના સહશીક્ષણે અને ખાસ કરીને પુરૂષ શિક્ષકોના હાથ તળે ખેદજનક પરીણામ આવ્યાં છે, તેથી ઠરાવવામાં આવે છે કે, બનતી જલ્દીથી એ પ્રથા બંધ કરવા માટે યોગ્ય સત્તાવાળાઓને ભલામણ કરવી; ઉપરાંત ઠરાવવામાં આવે છે કે, મોજુદ સ્ત્રી-સંસ્થાઓમાંથી એકાદને યુનીવર્સિટીએ લઇ લેવી, અથવા એમ ન બની શકે તો પોતાની સ્ત્રી-કોલેજ કાઢવી."

આ અવદશા એક લખનૌનીજ નથી.

મુંબઇ અને એના ઉપનગરોની શાળાઓના શિક્ષકો તેમજ કેટલીક જાહેર સંસ્થાઓના સંચાલકો સંબંધમાં ભૂતકાળમાં કેટલાયે ભોપાળા બહાર પણ આવ્યાં છે અને એ માટે થોડાક દીવસ સુધી ભારે ઉહાપોહ પણ ચાલ્યો છે; અને આખરે એ સારાયે વસ્તુને ભીની સંકેલી પણ દેવાઇ છે.

સહશિક્ષણ આપતી અને પુરૂષ શિક્ષકોવાળી શાળાઓમાં તેમજ સેવાની કહેવાતી જાહેર સંસ્થાઓમાં ચાલતાં ભોપાળા તો હજુયે દીનપ્રતિદીન વધતાંજ રહ્યાં છે અને એ માટે તરેહ-તરેહની અફવાઓ પણ ઉડતીજ રહી છે. ખાનગીમાં પણ ઉઘાડેછોગ ખુલ્લા નામો સાથે ખૂબ ખૂબ વાતો અને ચર્ચાઓ પણ ચાલતી રહે છે. અખબારોના પાને પણ અવારનવાર એ વાતો અને એ ચર્ચાઓ વીજળીની જેમ ચમકી પણ જાય છે અને અખબારનવેશો સીધી કે આડકતરી રીતે મૂળ નામોનો મુદ્દલે નિર્દેશ કર્યા વિના વ્યંગહસ્યાની છોળો પણ ઉડાવતા જણાય છે.

આવી ઉઘાડે છોગ થતી અનીતિમય વાતોથી ઉચ્ચ આદર્શો અને ભવ્ય ભાવનાવાળા તેમજ સ્વચ્છ જીવન જીવવા ઇચ્છિતા માનવીઓને જરૂર માનસિક આઘાત પહોંચે છે. પરંતુ એ નીતિ ભ્રષ્ટતા તો ચોપાસ જોરશોરથી વધતીજ રહી છે અને એ ભ્રષ્ટતાને ભીની સંકેલી લેવાની નીતિ પણ એટલાજ જોરથી અનુસરાઇ રહી છે, અને એથી-તો એમાં ભયંકર પ્રમાણમાં ઘટાડો થવાના બદલે વધારો થઈ રહ્યો છે. સમાજને કોતરી ખાતા એ ઝેરી કીડાઓને સૂર્યનો પ્રકાશ અને ખુલ્લી હવા લીધા વિના વિકસવા દેવા જેવુંજ એ છે.

માનવજાતીનું કલ્યાણ ઈચ્છતી વ્યક્તીઓએ તો આવા ભોપાળાની ખુલ્લી તપાસ કરવા માટેનો આગ્રહ સેવવો જોઇએ છે. રાજદ્વારી વાતાવરણ વિશુદ્ધ રાખવા ખાતર હજારોએ કાળા કારાવાસ વેઠ્યા છે અને સેંકડોએ સ્વાર્પણ સુધાં કર્યાં છે, તો અત્યંત આવશ્યક અને અગત્યના નૈતિક વાતાવરણને વિશુદ્ધ કરવા ખાતર જરૂર પડે થોડાંક સેંકડો લોકો જેલમાં જાય તો કશો વાંધો હોઈ શકે નહીં.

ઈંગ્લાંડની આમની સભામાં તાજેતરમાંજ એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે, ઈંગ્લાંડમાં અત્યારે થતાં લગ્નોમાં-સેંકડે સાઠ ટકા લગ્નોમાં પરણતી યુવતીઓ કુંવારીકાજ નથી અને જો આ કથન સત્ય હોય તો આ વ્યાપક અનીતિને અટકાવવા સરકાર કોઇ પગલાં લેવાનો વીચાર રાખે છે કે?''

વડા પ્રધાને આ પ્રશ્નનો ઉત્તર આપવા પ્રશ્નની હકીકત સત્ય હોવાનું જણાવ્યું હતું અને સરકાર એ બાબત પર પુરતું ધ્યાન આપી રહેલ છે એવી ખાત્રી આપી હતી.

•

## જગતમાં મોટાં પુસ્તકાલયો

**[ પ્રવાસીઃ છોટાલાલ. મા. કામદાર ]**

(૧) **ડી નેશનલ બિબ્લિઓથેકવિયેના—** પહેલાં હોફબિબ્લિઓથેક તરીકે, ઓળખાતું હતું. સ્થાપના ૧૪૯૩. ૧,૨૫૬,૦૦૦ ગ્રંથો; થીએટર સંગ્રહ તથા ફિલ્મની રીબનનો સંગ્રહએ એની વિશિષ્ટતા છે.

(૨) **ડી પ્રયુશીકે સ્ટાટસ બિબ્લિઓથેક, બર્લિન**-૧૬૬૧ માં તેનું નામ કર્ફુર્સ્ટલિક બિબ્લિઓથેક હતું ( ફ્રેડરિક વિલિયમના સમયમાં )-૨,૫૦૦,૦૦૦ ગ્રંથોનો સંગ્રહ છે. પૌર્વાત્ય હસ્તલિખિત પ્રતો એની ખાસ વિશિષ્ટતા છે. તેની સંખ્યા લગભગ ૧૮૮૪૬ ની, છે.

(૩) **(અ) ગોસુડરસ્ટ વેનાજા પબ્લિક નાજા બિબ્લિઓટેકા**-મહાન ક્રેથેરાઇને એની સ્થાપના કરી હતી-છાપેલા ગ્રંથો ૩,૮૩૨,૯૪૮, હસ્તલિખિત પ્રતો ૩૩૧,૧૦૦.

**(બ) લેનિન નેશનલ લાઇબ્રેરી. મોસ્કો**—૧૯૨૭ માં નવા પુસ્તકાલય માટે જમીન મેળવવામાં આવી હતી.-૯,૦૦૦,૦૦૦ પુસ્તકો સમાઇ શકે તેવી ગોઠવણ છે. જગતમાં સૌથી મોટું પુસ્તકાલય.

(૪) **લા બિબ્લિઓટેકા નેઝીઓનલ માદ્રિડ** ૧૭૧૨ માં રાજા પાંચમા ફિલિપના હુકમથી સ્થાપવામાં આવ્યું. ૧૮૩૬ માં રાષ્ટ્રીય થયું-૧,૪૦૦,૦૦૦ ગ્રંથો, ૩૦,૭૧૨ હસ્તલિખિત ૩૦,૦૦૦ સામયિકો છે.

(૫) **લબિબ્લિઓથેક નેશનલ પેરિસ**—યુરોપનું જૂનામાં જૂનું રાષ્ટ્રીય પુસ્તકાલય, અગિયારમા લુઈના વખતનું છે-૪,૦૦૦,૦૦૦ છાપેલાં પુસ્તકો, ૫૦૦,૦૦૦ સામયિકો, ૧૨૫,૦૦૦ હસ્તલિખિત પ્રતો છે.

(૬) **લા રીઅલ બિબ્લિઓટેકા નેઝીઓનેલ સેન્ટ્રલ ફ્લોરેન્સ**-પહેલાં મેગ્લિય, બેકી પુસ્તકાલય ૧૭૪૭ માં જનતા માટે ખુલ્લું મુકાયું. ૧૮૮૫ માં ઇટલિ (શાહી)નું રાષ્ટ્રિય મધ્યવર્તી પુસ્તકાલય થયું-છાપેલાં પુસ્તકો ૮૮૮,૫૨૬, પત્રિકાઓ ૧,૧૮૪,૫૮૪ મુસ્લિમ ૪૪,૧૮૦, હસ્તલિખિત પ્રતો ૨૨,૭૧૫, ૪૨૦,૧૮૬.

(૭) **ધી બ્રિટિશ મ્યુઝિયમ લાઇબ્રેરી લંડન**-સાતમા હેન્રીના વખતથી ચાલે છે ૧૭૦૦માં તેની સોંપણી તાજને કરવામાં આવી-૪,૦૦૦,૦૦૦ ગ્રંથો છે.

(૮) **ઈમ્પિરિયલ લાઇબ્રેરી ઓફ જાપાન, ટોકીયો**-કેળવણી ખાતાએ ૧૮૭૨ માં એની સ્થાપના કરી-૭૭૯,૧૪૭ ગ્રંથો છે.

(૯) **કોંગ્રેસ લાઇબ્રેરી વોશિંગ્ટન** ૧૮૧૪ માં જૂના પુસ્તકાલયનો નાશ થતાં ૧૮૧૮ માં બીજા પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી. પુસ્તકાલયનું મકાન જગતમાં સૌથી મોટું છે-છેલ્લાં ૬૨ વર્ષમાં ૫,૩૪૮,-૨૦૬ ગ્રંથો આવ્યા હતા. ૧૯૩૧ માં ૩,૨૩૯,૭૨૦ ગ્રંથોનો સંગ્રહ હતો.

## બીજાં કેટલાંક પુસ્તકાલયો

(૧) **બેયરીશ સ્ટાટસ બિબ્લિઓથેકા મ્યુનિચ**-બાવેરિયાના પાંચમા આલ્બર્ટો (૧૫૫૦-૭૯) માં સ્થાપેલ એક અગ્રગણ્ય વિદ્વતમંડળનું પુસ્તકાલય. બાંધેલ ગ્રંથો ૧,૫૮૦,૦૦૦, હસ્તલિખિત ૫૦,૦૦૦ હસ્તલિખિત ગ્રંથો તથા વિરલ પુસ્તકો માટે પ્રખ્યાત છે.

(૨) **બોડલિયન લાઇબ્રેરી ઓકસફર્ડ** જગતમાં સૌથી મોટું વિશ્વવિદ્યાલયનું પુસ્તકાલય.

## હિંદનાં પુસ્તકાલયો

### ( ૧૯૩૬-૩૭ )

(૧) અલ્લાહાબાદ યુનિવર્સિટી લાઇબ્રેરી સ્થાપના: ૧૯૧૬-૯૪,૧૭૭ ગ્રંથો

(૨) અન્નમલાઇ યુનિ૰ લાઇબ્રેરી-સ્થાપના ૧૯૨૯-૪૫,૫૨૦ ગ્રંથો.

(૩) વડોદરા સેન્ટ્રલ લાઇબ્રેરી-સ્થા ૧૯૧૦-૧૧૭,૮૪૭ ગ્રંથો

(અ) બંગીય સાહિત્ય પરિષદ-સ્થા૰ ૧૮૯૪-૩૪.૦૦૦ ગ્રંથો તથા હસ્તલિખિત પ્રતો (ફક્ત બંગાળી તથા સંસ્કૃત)

(૪) બનારસ હિંદુ યુનિવર્સિટી લાઇબ્રેરી સ્થા. ૧૯૧૬-૯૨,૮૧૬ ગ્રંથો.

(૫) ભંડારકર ઓરીએન્ટલ રિસર્ચઇન્સ્ટિટયુટ. લાઇબ્રેરી-સ્થા. ૧૯૧૭-૨૯૪૦૦ તેમાં ૨૦,૦૦૦ હસ્તલિખિત પ્રતો.

(૬) મુંબઈ યુનિવર્સિટી લાઇબ્રેરી-સ્થા. ૧૮૬૪-૫૫,૦૪૬ ગ્રંથો.

(૭) કલકત્તા ઇમ્પિરિયલ લાયબ્રેરી સ્થા. ૧૯૦૨-૩૪૦,૦૦૦ છાપેલાં પુસ્તકો તથા હસ્ત પ્રતો.

(૮) કલકત્તા યુનિવર્સિટી લાઇબ્રેરી ૨૦૪,૫૦૦ (૩,૦૦૦ હસ્તપ્રતો સહિત).

(૯) કોઇમ્બતુર એગ્રીકલ્ચરલ કોલેજ લાઇબ્રેરી, સ્થા. ૧૮૭૬-૩૫,૩૦૯ ગ્રંથો.

(૧૦) કોનેયમહા પબ્લિક લાઇબ્રેરી, મદ્રાસ-સ્થા. ૧૮૯૦-૬૨૦૦૦ ગ્રંથો.

(૧૧) ઢાકા યુનિ. લાઇબ્રેરી-સ્થા, ૧૯૨૧ ૯૨,૦૦૦ ગ્રંથો.

(૧૨) ફર્ગ્યુસન કોલેજ લાઇબ્રેરી-સ્થા. ૧૭૮૨ ૫૦,૦૦૦ ગ્રંથો.

(૧૩) જમશેદજી નસરવાનજી પીટીટ ઇન્સ્ટિટયુટ લાઇબ્રેરી-૧૮૫૬ ૫૦,૦૦૦ થી વધારે.

(૧૪) લિટરરી સોસાયટી લાઇબ્રેરી મદ્રાસ સ્થા૰ ૧૮૧૨-૯૭,૭૫૧ ગ્રંથો.

(૧૫) લખનઉ યુની. લાઇબ્રેરી-સ્થા ૧૯૨૧-૫૫,૨૭૧ ગ્રંથો.

(૧૬) મદ્રાસ યુનિવર્સિટી લાઇબ્રેરી સ્થા૰ ૧૯૦૭-૯૨,૬૧૭ ગ્રંથો.

(૧૭) **મુસ્લીમ યુનિવર્સિટી લિટનસ લાઇબ્રેરી અલીગઢ**-સ્થા૰ ૧૮૦૭-૭૬,૦૦૦ (તેમાં ૪૦૦૦ હસ્તલિખિત પ્રતોનો સમાવેશ થાય છે.)

(૧૮) **પંજાબ પબ્લિક લાઇબ્રેરી લાહોર** ૧૮૪૪-૯૭,૪૦૯.

(૧૯) **પંજાબ યુનિવર્સિટી લાઇબ્રેરી**-૧૮૮૨-૯૪,૬૭૯ (તેમાં ૯,૭૬૭ હસ્તલિખિત પ્રતોનો સમાવેશ થાય છે.)

(૨૦) **રોયલ એશિયાટિક સોસાયટી મુંબઇ શાખા**-૧૮૦૪-૧૦,૦૦૦ ગ્રંથો.

(૨૧) સરસ્વતિ મહાલ લાયબ્રેરી, તાંજોર; ખુલ્લી મૂકાઈ ૧૯૧૮-૩૫,૪૫૭ (તેમાં ૨૯,૪૩૩ હસ્તલિખિત પ્રતોનો સમાવેશ થાય છે)

(૨૨) થીઓસોફીકલ સોસાયટી લાઇબ્રેરી (અદ્યાર) મદ્રાસ-૧૮૮૫-૫૬,૬૫૯, તેમ (૧૮,૦૦૮ હસ્તલિખિત પ્રતો છે)

નોટ-વર્ષ આખરે ૫૦,૦૦૦ થી ઓછાં પુસ્તકોવાળાં પુસ્તકાલયોની આમાં ગણતરી કરવામાં આવી નથી; સિવાય કે જ્યાં વિશેષ પ્રકારનો સંગ્રહ હોય.

## શુદ્ધ ઘી અને નકલી ઘી

[ બહુરૂપી..............શ્રી પથિક ]

તેલ કરતાં ઘીનું શ્રેષ્ઠત્વ આપણે હજારો વર્ષોથી માનતા આવ્યા છીએ. તેનું કારણ એ છે કે, તેલ કરતાં ઘીમાં અનેક વધુ જીવનતત્ત્વો રહેલાં છે. દુર્દૈવે આજે હિંદમાં એવી પરિસ્થિતિ નિર્માણ થઇ છે કે, તેથી શરીરપોષણની દૃષ્ટિએ એક મોટું સંકટ ઉદ્‌ભવ્યું છે એમ કહીએ તો ચાલે. બજારમાં જ્યાં ત્યાં શુદ્ધ ઘીને બદલે વનસ્પતિ ઘીના નામે એક નકલી તૈલી પદાર્થ વેચાતો મળે છે, જે ઘીના નામને લાયક નહિ હોવાથી તે એક જાતની ફસામણ બની જાય છે.

દર વર્ષે આ નકલી ઘીનું એક લાખ ટન જેટલું ઉત્પાદન થાય છે અને સરકારી તથા દેશી રાજાઓની મદદથી એક વર્ષમાં ત્રણ લાખ ટન સુધી તેનું ઉત્પાદન કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. રોજ લગભગ ૩૦ ટન વનસ્પતિ ઘી તૈયાર કરનારાં પંદર કારખાનાંઓને પરવાના આપવામાં આવ્યા છે. ગાયોનું રક્ષણ કરીને, તેમનો થતો વધ અટકાવીને, ગોચરો ખોલીને, દુગ્ધાલયો ઉઘાડીને, દેશની શારીરિક ઉન્નતિ કરવાને બદલે આપણા દેશમાં નકલી ઘીનાં કારખાનાંને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે તે ભારે દુઃખદ બીના છે.

વનસ્પતિ 'ઘી' હિંદમાં મુખ્યત્વે કરી ભોંયસીંગના તેલમાંથી તૈયાર કરવામાં આવે છે. પહેલાં તેલને સાફ કરવામાં આવે છે, એટલે કે રસાયણશાસ્ત્રની ભાષામાં કહીએ તો તેલમાંનાં સ્વતંત્ર અમ્લોને મારીને તેનો રંગ અને વાસ દૂર કરવામાં આવે છે. પછી એ તેલને નિકલ ધાતુના બારીક ભૂકાના અથવા નિકલના તારના ગુંચળાંના સંપર્કમાં લાવવામાં આવે છે. આ ધાતુમાં એવી શક્તિ છે કે, તે પોતે પરિવર્તન ન પામતાં પોતાના સંપર્કમાં આવનારી વસ્તુમાં તે રાસાયનિક પરિવર્તન નીપજાવે છે, એ પ્રમાણે મૂળનું તેલ સાફ કર્યા પછી તેલની સાથે હાઇડ્રોજન ગેસનો સંયોગ કરવામાં આવે છે. એથી તેલનો તરલ ભાગ જેને તૈલિક–ગ્લીસરીન યોગ (ઓલેઇક ગ્લીસરાઇડ) કહેવામાં આવે છે તે હાઇડ્રોજન સાથે એકરૂપ થઇને તેનો વાસિક ગ્લીસરીન યોગ (સ્ટીઅરીક ગ્લીસરાઇડ) બને છે અને એથી તે તેલ સ્થૂળ તથા દાણાદાર બને છે. પ્રવાહી તેલને ઘટ્ટ અને દાણાદાર બનાવવાની એ જ ચાવી છે. આ રાસાયનિક ક્રિયા ૧૫૦ થી ૧૮૦ સેંટીગ્રેડ તાપ ઉપર થાય છે. ઘીના જેવો સફેદ રંગ અને દાણાદારપણું એટલે ઘીનું નકલી સ્વરૂપ એ તેલ ઠંડું થયા પછી તેને પ્રાપ્ત થાય છે. પછી એ વનસ્પતિ ઘીમાં નકલી સુગંધી અને શાર્ક માછલીના તેલમાંથી કાઢેલું નકલી વીટામીન ઉમેરવામાં આવે છે. ગરીબ હિંદીજનતાને તો કલ્પના પણ નથી. કે આ નકલી અને સાચા ઘીના તત્ત્વમાં જમીન–આસમાન જેટલું અંતર છે. તેઓ બિચારા એમ સમજે છે કે પોતે ઘી જ ખાય છે, પરંતુ એ માત્ર રંગ કે દેખાવ પૂરતું જ હોય છે! વસ્તુતઃ ઉપર પ્રમાણે તેની અંદર જુદા જુદા વિકારો દાખલ કરવામાં આવ્યા પછીનું પણ એ તેલ જ હોય છે!

આ ઘી સંબંધી મુખ્ય વાત ઘીના પીગળવા અંગેની હોય છે. કેટલી ગરમી લાગવાથી એ ઘી પીગળવું શરૂ થાય એ મુખ્ય પ્રશ્ન છે. શરીરની ગરમી કરતાં જે ઘીને પીગળતાં વધુ ગરમી જોઇએ તે ઘી શરીરમાં કદી પચી શકતું નથી. એટલે કે ૩૭ સેંટીગ્રેટ કરતાં વધુ ગરમી ઘીને પીગળતાં લાગવી જોઇએ નહિ. જે ઘી શરીરમાં પીગળીને પચી શકે નહિ અને બીજા ઉપયોગી પાચક રસોનો પ્રભાવ નિષ્ફળ કરે તે ઘી છેવટે પચ્યા વિના જ શરીરમાંથી બહાર નીકળી જાય છે; હિંદમાંના અનેક ડોકટરોને એ અનુભવ મળેલો છે. જ્યારથી આ વનસ્પતિ ઘી શરૂ થયું ત્યારથી આંતરડાંનો વિકાર અને બંધકોશ ખૂબ વધી ગયા છે.

આ નકલી ઘી બનાવનારાં કારખાનાંઓને પોતાની બનાવટનું દ્રવણબિંદુ (પીગળવા માટેની ગરમીનું માપ) ઊંચું રાખવું જ પડે છે, કારણકે નહિ તો એ નકલી ઘી સાચા ઘીના જેવું સુંદર અને દાણાદાર દેખાય નહિ! અને જો તેમ ન બને તો હિંદની મૂઢ જનતા તેને ઘી માનીને સ્વીકારે નહિ! પંજાબ અને યુક્તપ્રાંત જેવા ગરમ પ્રાંતોમાં વનસ્પતિ ઘીને ઘટ્ટ ને દાણાદાર સ્વરૂપમાં સ્થિર રાખવા માટે તેનું દ્રવણબિંદુ ૪૦ થી ૪૮ સેંટીગ્રેડ જેટલું ઊંચું રાખવું પડે છે, જ્યારે માણસના શરીરનું ઉષ્ણતામાન ૩૭ સેંટીગ્રેડ જેટલું

જ હોય છે. ૪૦ કે ૪૮ સેંટીગ્રેડ જેટલી ગરમીથી પીગળનારૂં ઘી ૩૭ સેંટીગ્રેડ ગરમી ધરાવનાર માણસના શરીરમાં પીગળીને પચે કેવી રીતે?

કેટલાંક લોકો કહે છે કે, યુરોપમાં બનાવટી માખણ (માર્ગેરીન) ખૂબ વપરાય છે, તોપછી આપણે પણ તેમ શા માટે ન કરવું? રાસાયનિક ચર્ચા બાજુએ રાખીએ તો પણ એ ભૂલવું જોઇતું નથી કે, યુરોપમાં પણ કૃત્રિમ માખણને બહુ ઉતરતું સ્થાન આપવામાં આવે છે અને બીજી વાત એ છે કે, નકલી માખણ યુરોપમાં એવી રીતે બનાવાય છે કે, તેનું દ્રવણબિંદુ ૩૦–૩૪ સેંટીગ્રેડથી વધારે હોતું નથી.

એ રીતે વનસ્પતિ ઘી માણસના શરીરમાં ગયા પછી તેની ઉપર કેવી રીતે પાચનક્રિયા થાય છે તેનું સ્પષ્ટિકરણ કરીને એ ઘીથી થતા વિકારો બાબત તો પુષ્કળ કહેવા જેવું છે. સાધારણ માણસો એવી વાતમાં ઊંડા ઊતરતા નથી. એક ડોકટરે ઉંદરો પર પ્રયોગો કરીને સિદ્ધ કર્યું છે કે, વનસ્પતિ ઘી ઉપર રાખેલા ઉંદરો તે ખાઇને રોગી બન્યા છે અને તેમની બીજી પેઢી જન્મથી જ દુર્બળ યકૃતના વિકારવાળી બનેલી માલૂમ પડી છે. એવું જ માણસનું પણ બનવાનું.

એવી પણ ખબર મળી છે કે, હિંદી લશ્કરમાં પહેલાં શુદ્ધ ઘી આપવામાં આવતું હતું. પછી જ્યારે શુદ્ધ ઘી મળવું મુશ્કેલ બન્યું ત્યારે વનસ્પતિ ઘી આપવાનું શરૂ કરવામાં આવ્યું પણ પાચનક્રિયામાં થએલાં દુષ્પરિણામોને લીધે એ ઘી આપવાનું પછીથી બંધ કરવામાં આવ્યું.

આ ઉપરથી જણાઇ આવશે કે, રાસાયનિક દષ્ટિએ કિંવા જીવનવિજ્ઞાનની દષ્ટિએ વિચાર કરતાં આજકાલ બજારમાં વેચાતાં વનસ્પતિ ઘી લાભ કરતાં હાનિ જ વધારે કરે છે એમાં શંકા નથી.

---

# સમાજને ચેતવણી:

## પૂ. આ. વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ.

એક સમયમાં જૈનોનાં ઉદ્ભવ સ્થળો, પદ્માવતી અને ચંદ્રાવતી નગરીયો, ભૂમિ માતાની ગોદમાં પોઢી જ ગયેલી છે. પણ જરૂર કેટલાંક કલામય સ્થાપત્યો અને તુટેલા આલીશાન પાષણો નજર પડે છે. શ્રી અર્બુદાગીરીની ઉપત્યકામાં, આ બે નગરીઓ એક સમયે કેન્દ્ર તરીકે મનાતી હતી. રાજા અને પ્રજા ઉભય જૈનધર્મના પૂજારી હતા; અને પોરવાડોની જાતિનું જન્મ સ્થળ પણ આજ છે; એમ ઐતિહાસકાર કબુલે છે. તેમજ ભિન્નમાલ "શ્રીનગરી" પણ તૂટતી જાય છે. શ્રીમાળીઓની ઉત્પત્તિ નગરી (ભૂમિ) પણ આજ ગણાય છે, વર્તમાનમાં જૈનોના જ્યાં બસો ઘરો, એક મંદિર અને પ્રાચીન અવશેષો પણ છે. ખોદકામ કરતાં કિંમતી ચીજો પણ મળી આવે છે. વર્તમાનમાં ત્રણ ફિરકાઓમાં વિભાજિત થએલા શ્વે. મૂ. પૂ. જૈનો છૂટા છવાયા સ્થળોમાં વસવાટ કરે છે, જ્યાં જૈનોનાં ઓછામાં ઓછાં દસ ઘર હયાતમાં હશે ત્યાં પ્રાયઃ જૈન મંદિર પણ હોય છે જ. જૈનોનું પ્રાચીનતાનું સબલ ચિન્હ પણ જૈન મૂર્તિઓ જ છે. એમ ઐતિહાસિકો કબુલે છે.

વીર પ્રભુના નિર્વાણબાદ પ્રભુની કુંડલી પરના ગ્રહો જોતાં, શાસન પર ભસ્મગ્રહ સંક્રમ્યો હોવાથી ધર્મઅભ્યુદયમાં અનેકધા હાનિઓ થવા પામી છે. પ્રભુ–ધર્મના પ્રચારવાળી વિસ્તૃત બંગાલ ભૂમિમાં, વામપંથીયોના જુલ્મો અને આક્રમણોએ જૈનોને નાબુદ કરવાની મુરાદે, મોતની સજાઓ સહવાના કડવા અનુભવો પણ કરવા પડયા હતા. પણ અંતમાં જૈનો વામ–પંથીયોના પંજાના શીકાર બન્યા, કેટલાક અચલ પણ રહ્યા. બે હજાર વર્ષની અવધવાળા ભસ્મગ્રહે પોતાની કુટિલતાનો ઘેરો ઘાલ્યો, અને બે હજાર વર્ષ પુરાં થતાંની વેંતજ જૈન શાસનમાં ઉત્સૂત્રના ઝેરને વ્યાપક બનાવનાર એક લુંપક નામની વ્યક્તિ ઉત્પન્ન થઇ, જૈનોના પ્રાણસમા જૈન મંદિરો અને મૂર્તિઓની પૂજાનો તેણે નિષેધ કર્યો, તેમજ લવજી નામનો પહેલો રીખ મૂર્તિલોપકોમાં બન્યો; વિષ–કેફ વધતો જાય તેમ આ મત પણ શ્રદ્ધા–પ્રાણને હરણ

કરતો વ્યાપવાજ લાગ્યો. વિના ગુરુએ વિરુદ્ધ વેષ કલ્પી લવજી રીખે અનેક શિષ્યો બનાવ્યા. કપોલકલ્પિત મતને સમાજમાં પ્રસારવો શરુ કરતાં, કાઠીઆવાડમાં થોડા–ઘણા અંશે મૂર્તિપૂજકો લોભાયા અને એ મતમાં જોડાયા.

વધતા જતા અગ્નિના ભડકાને શમાવવા મૂ. પૂજકોએ પુરતો વિરોધ ઉઠાવ્યો. પણ કેટલાકોના ભાગ્યમાં એ મિથ્યામતની જ ઉપાસના સર્જાએલી હતી. એથી તે મતના પુરોગામી બની જ ચૂકયા. ભસ્મગ્રહના ભોગ બનેલા આ સમાજે એક જૂઠ કલ્પના પાછળ હજારો જૂઠાણાં જન્માવ્યાં પણ વજ્રબંધી કિલ્લાવાળી શાસનની શ્રદ્ધા દીવાલો અચલજ રહી. મંદિરો અને તેના ઉપાસકોનો અંત લાવવાની દુષ્ટ ભાવનાઓ નજ ફળી અને ફળેજ કયાંથી ? કારણ કે, વીરશાસન બે હજાર વર્ષતો ચાલ્યું અને હજુ ૧૮૦૦૦ વર્ષ ચાલવાનું છે. એવી ભગવતીજી સૂત્રની વાણી છે. પ્રભુશાસનને બે હજાર વર્ષ થતાં જ આ સમાજે તો શાશન લોપ કર્યો ! નગુરો પંથ વહાવ્યો ! [redacted] જ સુજ્ઞો આ સમાજની નિકટ પણ નથી જ આવતા. પ્રાણસમી મૂર્તિપૂજાઓની ભાવનાઓને આ સમાજે હણી નાખી છે.

આ સમાજના જન્મ પછી થોડા જ સમયમાં જગતગુરુ ત્યાગ અને તપોમૂર્તિ શ્રી હિરસૂરીશ્વરજી મહારાજનો ક્રાન્તિ કાળ આવી લાગતાં સેંકડો સાધુઓ આ સમાજમાંથી સનાતન સત્યપંથના પૂજકો પુનઃ બન્યા; જેમાં મુખ્ય ઉપાધ્યાયજી મેઘવિજયજી મહારાજ હતા. તેમજ હજારો શ્રાવકો પણ પુનર્જીવી બન્યા.

જોકે, આજે જેટલા ઓશવાળ શ્રાવકો નજરે પડે છે તેઓ પ્રાયઃ પ્રાતઃ સ્મરણિય રત્નપ્રભસૂરિજી મહારાજના પ્રતિબોધિત છે તેમજ પોરવાડ અને શ્રીમાળીઓ પણ એજ મહાત્માના ઉપદેશથી જૈન વ્યૂહમાં યોજાયા છે. હવે પ્રભુની ધર્મભૂમિ બંગાળ, મગધ, આદિ દેશોતો હાલ જૈન કોમથી રહિત જ છે. ઉપર્યુક્ત ત્રણ ફીરકાની કોમ જૈન ધર્મને જીવનસૂત્રની જેમ હૈયામાં એકમેક કરીને તન્મય રહેતી દેખાય છે. પોરવાડોની સ્મરણ ભૂમિઓ તો ઘરા રૂપજ છે, બાકી ઓશવાળોની ઉદ્ભવ ભૂમિ 'ઓશીયા' છે, પણ હાલ ત્યાં જૈનોની વસ્તી તો નથી. પણ એક ભવ્ય અને પ્રાચીન લગભગ ૨૪૦૦ વર્ષ પહેલાનું જિન મંદિર છે. જેથી આ ભૂમિ પવિત્ર તીર્થ તરીકે મનાય છે. જૈનોના મેળાઓ ભરાય છે અને યાત્રાળુઓ પણ સેંકડોની સંખ્યામાં આવે છે. આ તીર્થ જોધપુરથી વીશ કોશ દૂર છે. થોડાં વર્ષોથી અહીં જૈન શાળાઓ પણ ચાલે છે. જૈન બાળકો ઠીક લાભ લ્યે છે.

પૂજ્ય યુગપ્રધાન જગતગુરૂ દેવે તો પહેલા જોઈ ગયા એ સમાજની સામે જરૂર ઝુંબેશ ઉઠાવી હતી, પણ સૂર્ય અસ્ત થતાં અંધકાર પુનઃ વ્યાપે છે, તેમ પાછળથી તે સમાજ ઉગ્રતામાં આવ્યો. કેટલોક સમય મારવાડ આદિ પ્રદેશોમાં મૂ. પૂ. સાધુઓનો વિહાર ચારિત્ર શુદ્ધિના સબળ કારણે બંધ થયો હતો. જ્યારે સ્થા. સમાજે ત્યાંજ ધર્મપ્રચાર ઉચિત માન્યો અને કર્યો હતો. હા, એ લોકોએ આ અરસાનો લાભ જરૂર લીધો. મારવાડ, મેવાડ, યુ. પી. આદિ સ્થાનમાંય જ્યાં જ્યાં યતિવર્ગનું જોર હતું ત્યાંથી તો આ પક્ષને હંકારી કાઢયો હતો. જેમ જેશલમેરમાં સ્થા. શ્રમણને પેસવાનો પણ સરકારી હુકમ નથી. મારવાડની પ્રવેશભૂમિનાં લગભગ બસો ગામોમાં પણ આ પંથની બદબો નથી. જોધપુર હદ અને બીકાનેર હદમાં, તેય જ્યાં નિર્બળતા હતી ત્યાં શિકાર સાધ્યો છે; બાકી પ્રત્યેક મોટા શહેરોમાં તો મૂ. પૂ. સમાજે અકમ્પતા જ સેવી, એમ આજના અનુભવો કહે છે. હા, જ્યારથી પુનઃ મુ. પૂ. શ્રમણોનો વિહાર શરૂ થયો ત્યારથી લઘુ કર્મીઓ સત્યમાર્ગ પર ચઢયા.

# શોધકદૃષ્ટિ અને સિદ્ધદૃષ્ટિ

પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મ૦

જ્યેષ્ઠ માસના અંકમાં વૈજ્ઞાનિકો અને જ્ઞાનિઓ વચ્ચેનું આ અંતર સમજાયા પછી હવે એ શંકા નહિ રહે કે, જ્ઞાનિઓની જ્ઞાનદૃષ્ટિ માત્ર શ્રદ્ધા ઉપર જ નિર્ભર હોવાથી તે મનુષ્ય માત્રને આકર્ષી શકતી નથી. આ લોકના માર્ગમાં કે પરલોકના માર્ગમાં શોધકદૃષ્ટિ કરતાં પણ શુદ્ધદૃષ્ટિ વધુ ઉપકારક છે. શોધકદૃષ્ટિ એ અસિદ્ધ છે અને શુદ્ધદૃષ્ટિ એ સિદ્ધ [ Established Truth ] છે. સિદ્ધ કરતાં અસિદ્ધનું મહત્વ અધિક હોઈ શકે, એ ત્રણ કાળમાં બનવા યોગ્ય નથી.

સિદ્ધદૃષ્ટિ એ અધિક ઉપકારક હોવા છતાં તે શ્રદ્ધા અવશ્ય માગે છે અને એ જાતિની શ્રદ્ધા એ દુર્ગુણ નથી પણ સદ્‌ગુણ છે. અપૂર્ણ આત્માને પૂર્ણ ઉપરની શ્રદ્ધા જ એક નવું એવું અવલંબન છે, કે જે તેને પૂર્ણતા સુધી પહોંચાડે, પૂર્ણ પ્રત્યેની શ્રદ્ધા વિના અપૂર્ણ આત્મા કદી પણ આગળ વધી શકે, એ માનવા યોગ્ય નથી. એ કારણે એ જાતિની શ્રદ્ધા કેળવવા માટે ઉત્તમ આત્માઓ કદીપણ ના ખુશ હોતા નથી. જગતના વ્યવહારમાં પણ જ્યારે અપૂર્ણજ્ઞાની અને અશુદ્ધ અંતરવાળાઓ ઉપર શ્રદ્ધા રાખીને જ ચાલવું પડે છે, તો કયો એવો મૂર્ખ હોય કે જે સંપૂર્ણ જ્ઞાની અને પરિશુદ્ધ અંતઃકરણવાળા મહાપુરુષોનાં વચનો ઉપર શ્રદ્ધા રાખવાની હા-ના કાની કરે ?

સંપૂર્ણ અને શુદ્ધના નામે અસંપૂર્ણ અને અશુદ્ધ આત્માઓ પોતાની જાતને શુદ્ધ અને સંપૂર્ણ તરીકે પ્રચારનારા હોય છે અને એટલા જ માટે જો તેઓ અનાદરણીય ઠરે તો એ નિયમનો આ જગતમાં કોઈપણ જગ્યાએ અપવાદ નથી. દરેક ક્ષેત્રમાં, દરેક કાળમાં અને દરેક વિષયમાં એ જાતિનો ભય ઉભો જ છે, છતાં પણ તેટલા ખાતર જ પોતાના ક્ષેત્રમાં પોતાની બુદ્ધિરૂપી કસોટી ઉપર શુદ્ધ થયેલા સારાઓનો પરિત્યાગ કોઈએ પણ કર્યો નથી. જ્યાં શાહુકારો વસે છે, ત્યાં શાહુકારોના વેષમાં જ ચોરો પણ વસે છે. જ્યાં સજ્જનો વસે છે, ત્યાં સજ્જનોના લેબાશમાં દુર્જનો પણ હોય છે. જ્યાં સદાચારી પુરુષો વસે છે, ત્યાં સદાચારી પુરુષોના લેબાશમાં દુરાચારી પુરુષો પણ હોય છે. એટલા ખાતર ચોર, દુર્જન અને દુરાચારીની સાથે શાહુકાર, સજ્જન અને સદાચારીનો પણ શું ત્યાગ કરી દેવો જોઈએ ? શાહુકાર અને ચોરનાં, સજ્જન અને દુર્જનનાં, સદાચારી અને દુરાચારીનાં લક્ષણો છૂપાં રહી શકતાં જ નથી. એ લક્ષણોદ્વારા તેઓને ઓળખી કાઢવા અને બુરાઓને છોડી, સારાઓને સ્વીકારવા, એ તો ન્યાય છે; પરંતુ બુરા છે માટે સારાનો પણ ત્યાગ કરવો, એ તો ન્યાયનું દેવાળું [ Bankruptey ] છે. ધર્મના વિષયમાં પણ સરાગી અને વીતરાગ, અપૂર્ણ અને સંપૂર્ણ, અશુદ્ધ અને શુદ્ધ હોઈ શકે છે. પણ લક્ષણોદ્વારા તેની તુરત જ પરીક્ષા થઈ શકે છે, અને એ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વીતરાગ, સંપૂર્ણ અને શુદ્ધનો સ્વીકાર અને બીજાઓનો અસ્વીકાર પણ થઈ શકે છે. જેઓને શુદ્ધનો જ ખપ છે, તેઓ માટે તેને મેળવવા માટેના માર્ગ આ દુનિયામાં બંધ થઈ ગયેલ નથી, પરંતુ ખુલ્લા છે.

# મહાસાગરનાં મોતી

પૂ૦ આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

જે આત્મા પાપને પાપ તરીકે માનતો નથી; અને જેને પાપનો જરીકે ભય નથી; વળી જે પાપથી ધ્રુજ્યા વિના પાપને કર્યે જાય છે; તે આત્મા ધર્મને માટે લાયક નથી.

ત્યાગીના વેષમાં રહીને ધર્મના બ્હાને અનેકને આરંભ–સમારંભના શિક્ષણદ્વારા ઉન્માર્ગે ચઢાવનારા આત્મનાશક ત્યાગી હોઇ વસ્તુતઃ ત્યાગી નથી.

જ્યારે આત્મા પોતાના ગુણો પ્રગટાવી નિર્મળજીવન જીવશે ત્યારે તેનામાં દુઃખનો લેશ પણ રહેશે નહિ.

જે આત્મા મોક્ષની ઇચ્છાએ ધર્માનુષ્ઠાનોની આરાધના કરવા પ્રેરાય છે. તેનામાં આત્મધર્મની સમજ આવી છે એમ માનવામાં જરાકે હરકત નથી.

જે આત્માને પરલોકનો ખ્યાલ આવે છે, તે સમજે છે કે, સાંસારિક બધી સામગ્રીઓ મૂકીને જવાનું છે. તેને આ લોકનાં સુખો, સુખ તરીકે ભાસતાંજ નથી.

માસક્ષમણને પારણે, માસક્ષમણ કરનાર પણ જો આજ્ઞાભંજક હોય તો તે અનંત સંસારી થાય છે.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા જેના અંતરમાં ઉતરી જાય તેનામાં પરના શ્રેય માટે સર્વસ્વનો ભોગ આપવાની અનુપમ ઉદારતા આવી જાય છે. પણ તે ઉદારતા તેવી તો નજ હોય કે, જેનાથી પોતાનું અને પરનું અહિત થાય.

જે શક્ય પણ ધર્મક્રિયામાં પ્રવૃત્તિ ન કરે અને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો અખંડરાગી ન હોય તે સમ્યગ્દ્રષ્ટિ નથી.

જેના જ્ઞાનમાં ત્યાગ વરેલો નથી, અને જે જ્ઞાનીને ત્યાગ પ્રત્યે સદ્ભાવ વરેલો નથી તે જ્ઞાની, અજ્ઞાની કરતાં પણ વધારે ભયંકર છે.

જેઓએ અર્થ, કામની આસક્તિ તજી પોતાના આત્માને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને આધીન બનાવ્યો; તેઓજ સાચો સુધારો કરી શકે છે.

રાગ ગયા વિના કેવળજ્ઞાન અને મુક્તિ ન મળે એ નિશ્ચિત છે; પણ સાથે એય નિશ્ચિત છે કે, રાગનો નાશ પ્રશસ્ત રાગ પ્રગટયા વિના થવાનો નથી.

ધર્મ એ નથી, કે જે પુદ્ગલ લાલસાને વધારી મૂકે! ધર્મ તો તે છે કે, જે આત્માની સાથે અનાદિ કાળથી ચાલ્યા આવતા પુદ્ગલ યોગના નાશને માર્ગે જ દોરે છે.

વિષયોને તમે આધીન ન બનો, પણ વિષયોને તમારે આધીન બનાવો. વિષયાધિન ડૂબે છે અને વિષયોને આધિન બનાવનાર તરે છે.

સામગ્રીહિન દશામાં સદ્વ્યયની વાતો કરનારાઓમાંથી વિરલ આત્માઓ જ સામગ્રી મળ્યા બાદ સદ્વ્યયશીલ બને છે.

લક્ષ્મીનો સદ્વ્યય કરવાનો ઉપદેશ દેનારા મહાપુરુષોએ જ ફરમાવ્યું છે કે, 'લક્ષ્મી મેળવવાની ઇચ્છા એ પાપ ઇચ્છા છે.'

સંસાર માટે ગમે તેટલું સહો તોય કર્મના બન્ધન વધતાં જ જાય છે. જ્યારે સંયમનું કષ્ટ જેમ જેમ સહાય તેમ તેમ કર્મબન્ધ તૂટતા જાય છે.

ગમે તેવા સંયોગોમાં પણ ઉત્તમ આત્માઓની ઉત્તમતા ઝળક્યા વિના રહેતી નથી.

અપ્રશસ્ત કષાયો હેય છે ત્યારે પ્રશસ્ત કષાયો અપેક્ષાએ ઉપાદેય છે.

# કષાયોનું સ્વરૂપ:

પૂ. આ. વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ

### પ્રશસ્ત અને અપ્રશસ્ત ક્રોધ

અંગત ધનાદિ નિમીત્તે જે જે કલહાદિ થાય અને તેમાં જે ક્રોધ આવે તે અપ્રશસ્ત છે; જ્યારે દુર્વિનિત શિષ્યાદિ પરિવારની હિત શિક્ષામાં જે ક્રોધ આવે તે પ્રશસ્ત છે. અર્થાત્ સારો છે. જેમ પ્રમાદી શિષ્યોના પ્રમાદને દૂર કરવા માટે સૂતા મૂકી ચાલી નિકળનાર પૂ. શ્રી કાલિકાચાર્યજીની માફક.

અહીં આવેશ સિવાય મૂકીને જવાનું નથી બન્યું; પરંતુ પરિણામ હિતનાં હોવાથી તે આવેશ પ્રશસ્ત કહેવાય છે અને ધનાદિક નિમીત્તે થતા કજીયામાં, બીજાનું બુરૂં કરવાની ભાવનાથી જે આવેશ આવે છે તે આવેશ અપ્રશસ્ત છે. એટલે કે, ખરાબ છે, અને દુર્ગતિમાં લઇ જનાર છે. માટે તેનો ત્યાગ કરવો અને પ્રશસ્તનો આદર કરવો.

### અપ્રશસ્ત માન :

વાચક મહાશય ! હવે આવ્યા માનજીભાઇ. નમસ્કારને લાયક એવા ગુર્વાદિને વિષે પણ પત્થરના થાંભલાની જેમ અક્કડ રહેવું તે માન અપ્રશસ્ત છે અને સર્વ અનિષ્ટોનું કારણ છે. દેખો ! જ્યાંસુધી તદ્ભવ મોક્ષગામી એવા પણ શ્રી બાહુબલજીનું અભિમાન ગયું ત્યારે જ કેવળજ્ઞાન થયું. તોપછી બીજાની તો વાત જ શી કરવી ?

### પ્રશસ્ત માન

હવે પ્રશસ્ત માનનું સ્વરૂપ જણાવતાં શાસ્ત્રકાર મહારાજા જણાવે છે કે, સ્વીકાર કરેલ શુભ પ્રતિજ્ઞાનો મરણાંતે પણ ત્યાગ કરવો નહિ, અથવા ઘોર આપત્તિમાં પણ શ્રી હરિચંદ્ર રાજાની જેમ ક્યારેય પણ દિનવૃત્તિ ધારણ કરવી નહિ. મતલબ એ છે કે, આત્મહિતકારક સ્વધર્મના રક્ષણ માટેનું જે અભિમાન છે તે પ્રશસ્ત છે. પ્રશસ્ત માન રાખવાનું છે, અને અપ્રશસ્ત તજવાનું જ છે, ખરેખર, મહાખેદની વાત છે કે, આજે કેટલાય મૂર્ખાઓને જાતિ કુલ, સ્વગ્રામ

---

ખરેખર કમલની ઉપમાને પામી ચૂકેલા વૈરાગ્યની અવગણના કરનારા પામરો, કાદવ અને કમલનો ભેદ સમજી શકતા નથી.

ગમે તેવા ગૃહસ્થ સમક્ષ અર્થ–કામને ઉત્તેજન આપતી કથા કરવી અગર તેજ બાબતોની ખબર–અંતર પૂછવી એ મુનિધર્મમાં અવિહિત વસ્તુ છે.

પાપના માર્ગે જઇ રહેલા આત્માઓને પાપ માર્ગમાંથી બચાવવાને ઉત્તમ આત્માઓ ઇચ્છે અને સત્ય વસ્તુનું ભાન કરાવવાનો પ્રયત્ન કરે, તે પણ પાપાત્માઓથી સહી શકાતું નથી.

જે દેશ અને જે કાળમાં જે વસ્તુ અને જે ક્રિયા વિના ન ચાલે એ ઉપરથી એ પાપ હોય તોયે ત્યાજય ન કહેવું એ કંઇ ચાલે ? નહિ જ.

કેટલાક કહે છે કે, 'શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા માથે તો મૂકીએ પણ તે હૈયે નથી ઉતરતી.' જે હૈયે ન ઉતરે એને માથે મૂકવાની વાતો કરનારો ઢોંગી છે.

જેટલા પ્રાણીઓ જગતમાં છે એ બધા પ્રત્યે પરમાર્થ વૃત્તિથી કોઇ પણ જાતની આકાંક્ષા રાખ્યા વિનાની મૈત્રિ રાખવી એ સુખ પામવાનું બીજું સાધન છે.

જેઓને સત્યાસત્ય તપાસવાની જરૂર નથી, જેઓએ પોતાના માટે પાપનો પણ ભય ત્યજ્યો છે. અને જેઓ સ્વાર્થની સાધનામાં જ સજ્જ છે; તેઓ પાસેથી સત્યના પ્રચારની ઇચ્છા રાખવી તે આકાશકુસુમની આશા રાખવા જેવું છે,

અને સ્વદેશાદિનું અભિમાન છે. પણ આત્મહિતકારક સદ્ધર્મનું અભિમાન નથી, અને એથી જ પોતે સન્માર્ગથી ચૂકે છે અને બીજાઓને ચૂકાવે છે, અને પરિણામે સ્વ અને પરનું અહિત કરે છે, એ ભૂલવા જેવું નથીજ. પુણ્યાત્માઓએ તો શુદ્ધ ધર્મના રક્ષણ કાજે પ્રશસ્ત અભિમાન રાખવાનું જ છે, એ પણ ભૂલવા જેવું નથી. સાથે એ પણ ખ્યાલમાં રાખવું કે, દુષ્ટ અભિમાન તજવાનું જ છે.

**પ્રશસ્ત માયાનું સ્વરૂપ**

ધનાદિકની ઇચ્છાથી પરને ઠગવા તેમાં જે માયા છે તે, તથા પરને ઠગવાની વણિક કલામાં જે માયા છે તે અથવા તો ઇંદ્રજાલીયાદિકની, પારકાને ઠગવામાં કરાતી માયા એ અપ્રશસ્ત માયા છે, અને દુર્ગતિમાં લઇ જનારી છે. માટે તેવી માયાનો ત્યાગ કરવો એ શ્રેયસ્કર છે.

**પ્રશસ્ત માયા :**

હવે પ્રશસ્ત માયાનું સ્વરૂપ આ પ્રકારે છે. જેમકે મૃગલા પાછળ પડેલા પારધીઓની આગળ, મૃગલાને બચાવવા માટે મૃગલો મેં નથી જોયો, એમ નિરૂપાયે કહેવામાં જે માયા છે તે પ્રશસ્ત છે, તથા રોગ દૂર કરવા માટે કડવી દવા આદિનું પાન કરાવવામાં જે માયા છે તે પણ પ્રશસ્ત છે તથા દિક્ષા લેવા માટે તૈયાર થયેલા પુણ્યાત્માઓએ પોતાના પુણ્ય કાર્યમાં વિઘ્ન કરનારા માત-પિતાદિક આગળ કહેવું કે, મેં આજે ખરાબ સ્વપ્ન જોયું છે, આથી મારૂં આયુષ્ય થોડું છે; એમ કહીને પણ સંસારની પ્રપંચજાળથી છૂટવા માટે માયા કરવી એ પ્રશસ્ત છે. અર્થાત એવું સ્વપ્ન ન આવ્યું હોય, છતાં માયાથી કહેવું અને પ્રપંચજાળથી છૂટવું એમાં પણ સ્વ-પર કલ્યાણ છે. અથવા પોતાના પિતાને સમ્યગ્ સાધુ ધર્મના આચાર ગ્રહણ કરાવવા માટે પરમતારક શ્રી આર્યરક્ષિતસૂરિજીની જેમ કરેલી માયા પણ પ્રશસ્ત છે. પ્રશસ્ત માયાથી શુભનો બંધ છે કારણકે, તેમાં બીજાના બૂરાની ભાવના નથી. કિન્તુ હિતની જ ભાવના જ છે.

મતલબ એ છે કે, પરમતારક શ્રી આર્યરક્ષિતસૂરિજીએ માયા કરીને પણ પોતાના પિતાને સાધુ ધર્મના સમ્યગ્ આચારમાં પ્રવર્તાવવા છતાંય તેઓને દુષ્કર્મનો બંધ નથી. કિન્તુ શુભનો જ બંધ છે કારણ કે, તે માયા પ્રશસ્ત છે. આવા પ્રકારની માયા કલ્યાણકામી આત્માઓ ક્યારે જ કરી શકે છે; પરંતુ ધનાદિકના લોભથી કપટી વણીકની જેમ બીજાને ઠગવાની માયા કરવી નહિ.

**અપ્રશસ્ત–પ્રશસ્ત લોભ—**

વાચક મહાશયો ! લોભના પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે ભેદ છે. ધન–ધાન્યાદિકનો લોભ જ્યારે બૂરો છે ત્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય, વૈયાવચ્ચ અને શિષ્યના સંગ્રહાદિમાં જે કલ્યાણ બુદ્ધિએ લોભ છે તે પ્રશસ્ત લોભ છે. જેમ વિવિધ શ્રુત અને અર્થના સંગ્રાહક શ્રી વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજને જે લોભ હતો તે પ્રશસ્ત હતો. આ રીતિએ લોભ કરનારને જ્ઞાનાદિક ગુણોની વૃદ્ધિ થાય છે અને જ્ઞાનાદિક ગુણોની વૃદ્ધિમાંજ આત્માનું કલ્યાણ છે માટે આવો પ્રશસ્તલોભ આવવોજ જોઇએ. જ્યારે ધનાદિકનો લોભ મમ્મણશેઠ આદિની જેમ દુર્ગતિને દેનારો છે માટે તે અપ્રશસ્ત લોભ તજવા યોગ્ય છે.

કષાયો, જીવનના મહા રીપુ છે.

# સુસાધુ દુનિયાનો દીવો છે,

**શ્રી મફતલાલ સંઘવી**

રળીઆમણું રાજગૃહનગર, સમ્રાટ્ શ્રેણિક ત્યાંનો રાજવી. શ્રેણિકનું પ્રજામાં બહુમાન, પ્રજાજનોનો વર્તાવ પણ રાજ્યહિતને શોભાવતો.

રાજગૃહમાં એક ધનિક યુવાન રહે, મેતાર્ય તેનું નામ. યુવાનમાં યુવાનીને છાજતાં સર્વ સુલક્ષણો હતાં, પડછંદ કાયા, ગૌરવોન્નત મસ્તક; શિલાપાટ શી છાતી, વજ્રદંડ શા બાહુ, વટ થડ શા પગ, નિર્મળ લલાટ, તેજસ્વી આંખો, તીનું નાક અને સર્વ મોખરે તરી આવતી ચિંતનશીલ ભમ્મરો.

સુંદર સમાજવ્યવસ્થા, રાષ્ટ્રના પ્રજાકીય બળમાં બહુજ અગત્યનો ફાળો નોંધાવે છે. સમાજવ્યવસ્થા કથળે એટલે માનવસંઘમાં સિંહ–વાઘ ઘટવા માંડે અને કુતરાઓનું બળ વધવા માંડે, સામાજિક નીતિનિયમનો લોપ કરનારને, રાજકીય ગુન્હાને સમાંતર સજા થવી જ જોઇએ.

મેતાર્ય તેજસ્વી યુવાન હતો. વધતી વયે તેનામાં ધૈર્ય અને નીતિના બળ સારી રીતે પ્રગટ થયાં.

રાજા શ્રેણિકના કાને મેતાર્યના ગુણનો પવન અથડાયો. ગુણીના ગુણને પારખવા રાજાએ મેતાર્યને પોતાના રાજભવને તેડાવ્યો. સાદો તથા સખ્ત મેતાર્ય રાજમંદિરે આવ્યો, અદબવાળીને તે રાજા સામે ઊભો રહ્યો.

સ્નેહ–શૌર્યના તખ્તે શોભતા સમ્રાટ્ શ્રેણિકે, એક સર્વગ્રાહી દૃષ્ટિથી મેતાર્યનું નખ-શિખ માપ કાઢી લીધું. નિશ્ચલ મને મેતાર્ય તો ઊભો જ હતો. એક સમ્રાટ્ સામે ઊભતાં, ન્હોતો તેણે રોમાંચ અનુભવ્યો કે ન્હોતો ભય કલ્પ્યો. સાગર તીરે નાવિક શો તે રાજમંદિરે રાજાની સામે દીપતો હતો.

હોઠે આંગળી મૂકી, ભૂત–ભાવિ વાંચતા સમ્રાટે મક્કમ અવાજે મેતાર્યને પૂછ્યું, 'બોલ યુવાન તારે શું જોઈએ ?'

'રાજવી–પિતા જે આપે તે લેવા હું તૈયાર છું.' સહજ માથું નમાવતાં મેતાર્યે ઉત્તર વાળ્યો.

'તમે યુવાન છો, માટેજ નહિ; પરન્તુ તમે યુવાન હોવા ઉપરાંત યુવાનીનો નિર્મળ–પ્રચંડ ઝરો તમારામાં વહે છે માટે તમને હું મારી પુત્રી સોંપુ છું' નિર્ણયાત્મક ઢબે શ્રેણિક રાજા બોલ્યા.

'પવિત્ર–સંસ્કારી મન–વચન–કાયાથી હું તેનો સ્વીકાર કરૂં છું.' નિર્મોહી યુવાન મેતાર્યે જવાબ આપ્યો.

પહેલી પચ્ચીસી પૂરી થતાં મેતાર્યનાં લગ્ન થયાં. રાજા શ્રેણિકનાં સંતાન, સુસંસ્કારી અને પવિત્ર હૃદયનાં હતાં. અભયકુમારની બૌધિક તેજસ્વીતાના અંશ તેની બહેનમાં પણ ચમકતા હતા. સુસંસ્કારી સ્ત્રીના પતિ મેતાર્યનું જીવન પરણ્યા પછી પણ શાંત–સરળ રહ્યું.

અવનવા વૈભવ વચ્ચે પસાર થતો સમય લાંબો હોય, છતાં તે ટુંકો જ જણાય છે. વૈભ-વમાં ભૂલાઈ જવાથી આત્મહિતનો ખ્યાલ પણ ગૌણ ને સામાન્ય બને છે. મનગમતી સઘળી વસ્તુઓ ઓછા પ્રયાસે મળવાથી માનવી ફુલાય છે; પણ મેતાર્યનું જીવન એ ફુલામણીનો ભોગ નહોતું જ બન્યું. સુંદર શરીર, પુરતો વૈભવ, નિર્મળ હૃદયની પત્ની એ સઘળું હોવા છતાં મેતા-ર્યનું માનસ લેશ પણ અસમતોલ ન્હોતું બન્યું.

મેતાર્યની પત્ની, રાજા શ્રેણિકની પુત્રી હતી, જ્યારે મેતાર્ય શ્રેણિકનો પ્રજાજન હતો; છતાં મેતાર્યની પત્નીએ પોતે રાજાની કુંવરી હોવાનું અભિમાન કોઇ દિવસ ન દાખવતી. તે મેતાર્યની સહધર્મચારિણી બનીને જ પોતાનો વિકાસ સાધતી. સ્ત્રી, પુરૂષથી અલગ ન જ પડી શકે. અને જો તે પડવા જાય તો તેની સ્થિર અને વિવેકી દૃષ્ટિ વેરણછેરણ થઈ જાય.

સ્ત્રી–પુત્ર અને ધનમાલના કિલ્લામાં પૂરાઈ રહેતાં મેતાર્યની વય ચાળીસની થઈ. તેણે વિચાર કર્યો; જીવનમાં વિશાળ બનું. વિચારમાં તે રંક હતો જ નહિ; છતાં ક્રિયાની તેની વિશાળતા તેના વિચાર જેટલી વ્યાપક ન્હોતી, ધીમે ધીમે તેણે ધનમાલ ઉપરનો માલિકી ભાવ ત્યજી દીધો, સ્ત્રીને વિશેષ નિર્મળ અને સંયમી જીવન જીવવાની વાત સમજાવી. ત્યાગની આ રીતની પ્રાથમિક તાલીમ લીધા પછી મેતાર્ય સર્વત્યાગી બનવાને તૈયાર થયા.

શુભ દિવસે ને મંગળ પળે મેતાર્યે સંસારીપણાનો ઝબ્ભો ઉતારી નાખ્યો. 'મેતાર્ય' નામને સ્પર્શતાં સ્થુલ-સૂક્ષ્મ સંસારિક બંધનોથી તે મુક્ત થયા. તેમણે સર્વત્યાગની દીક્ષા લીધી. મારા–તારાના ભેદ ભૂલી. મેતાર્ય મહાભાવી બન્યા, મેતાર્ય સાધુ–મુનિરાજ બન્યા.

સાચું સાધુજીવન વિશ્વમય હોય; સાધુને દુનિયાના જીવમાત્ર પ્રત્યે એ જ અસિમ કારુણ્યભાવ અને સ્નેહ હોય, જે સ્નેહ અને કારુણ્યભાવથી એનું શરીર આત્માની સાથે રહીને પવિત્ર કાર્યો કરતું હોય. સાધુ જે બોલે, ચાલે કે વિચારે તે પણ જીવમાત્રના હિતની દૃષ્ટિએ જ. સાચો સાધુ એટલે દુનિયાનો દીવો. સૂરજરૂપી દીવો પ્રકાશ કિરણો ફેંકી વિશ્વ સમસ્તના જીવનમાં સ્વાસ્થ્ય અને શક્તિના અંશો જગવે છે, તે રીતે સાધુરૂપી દીવો દુનિયાના પ્રત્યેક જીવને જીવવાની દિશા બતાવે અને એ જ માર્ગે પોતાનું લાંબુ જીવન ગાળે સાધુ પવન જેવા નિર્મોહી અને નિર્લેપ હોય. જેમના પુનિત દર્શન માત્રથી અંતરમાં સાધુતાનાં ઊર્મીઓ આકાર લે, તે સાચા સાધુચંદનવનમાં જાઓ કે ચન્દ્રમાના શિતળ અજવાળામાં બેસો ત્યાં જે શાંતિ અને સ્વાસ્થ્ય મળશે, તેનાથી અનેકગણી શાંતિ અને સ્ફૂર્તિ સાધુની સમીપમાં રહેતાં મળે.

મેતાર્ય મુનિ રાજગૃહના એકાન્ત નિરવ પ્રદેશમાં જીવનસાધના કરે છે. દુનિયાના તખ્તા પર ભજવાતા ભિન્ન ભિન્ન પ્રકારનાં નાટકો પ્રત્યે તેઓ સદા સમતોલ નજર રાખે છે. કશું તેમને ન્યુન વંચાતું નથી.

સાગર–પ્રશાંત મેતાર્ય મુનિરાજ એક દિવસ રાજગૃહીમાં ગૌચરીએ નીકળ્યા. માર્ગમાં તેઓ એક સોનીની દુકાન પાસેથી પસાર થયા. એરણ પર હથોડો પછાડતો સોની એકદમ થોભ્યો, અને પવિત્ર સાધુરાજને પોતને ઘેર ગૌચરીએ પધારવા વિનવવા લાગ્યો.

મેતાર્ય મુનિ સોનીને ઘેર ગયા. ગૌચરી લઈ, 'ધર્મલાભ' આપી મુનિરાજ માર્ગે પળ્યા.

મુનિરાજનો જોગ મળ્યાથી મનમાં મલકાતો સોની પુનઃ એરણ પાસે આવ્યો, એરણ પર નજર પડતાં તે ચમક્યો. ઘડતાં અધૂરા મૂકેલા સોનાના જવ ત્યાં હતા નહિ. તે વિચારમાં પડ્યો. દુકાનમાં કોઈ આવ્યું નથી છતાં જવલાં જડતાં નથી. છેવટે તેને મુનિરાજ પર વહેમ આવ્યો. ઝડપભેર તે મુનિની દિશામાં ગયો. અવાજ મારીને મેતાર્ય મુનિને ઊભા રાખ્યા

સર્વત્યાગી સાધુરાજ શાંતિ ધારીને ઊભા રહ્યા. સોનીએ તેમને જવ સંબંધી પૂછપરછ કરી, ઉપકારી મુનિરાજ અવાક્ રહ્યા. સોનીનો વહેમ મજબૂત થયો. મુનિને જ જવના ચોર માન્યા. જવલાં આપી દેવાની સોનીએ તેમને ધમકી આપી. ધમકીથી પણ મુનિ ન ડગ્યા. પ્રાણાંત શિક્ષાનો સોનીએ ડર બતાવ્યો. પ્રાણની શિક્ષાથી પણ મહામુનિ મેતાર્ય ન જ ચળ્યા. સોની છેવટે એના સ્વભાવ પર ગયો.

રસ્તામાં પડેલું આળુ ચામડું સોનીએ મેતાર્ય મુનિને માથે બાંધ્યું. ઉનાળાનો દિવસ અને તેમાંયે ખરો બપોર. ચામડાની ગરમીથી મહામુનિનું માથું ઉકળવા માંડયું. તેમની નસો

ઢીલી થવા માંડી. પણ અહિંસક ધ્યાનમાં લીન મુનિ કશાથી ડર્યા વગર શાંત ચિત્તે મૌનમાં ઊભા રહ્યા. ન તેમણે સોની પ્રત્યે વેર દાખવ્યું, કે ન શરીર પ્રત્યે મોહ દર્શાવ્યો. ચામડું સંકોચાતાં મુનિરાજનું માથું તડતડ થવા લાગ્યું. ઉત્કૃષ્ટ અહિંસાના સર્વોચ્ચ શિખરે ઊભેલા મુનિરાજનું ધ્યાન આત્મામાં હતું. તેમનું આખું શરીર પવિત્ર આત્મપ્રકાશથી છલકાવા લાગ્યું. ગરમીનું પ્રમાણ એકદમ વધી જતાં મેતાર્ય મુનિવરની બન્ને આંખો બહાર નીકળી પડી. છતાં સર્વ જીવો પ્રત્યેનો તેમનો દિવ્ય અહિંસાભાવ લેશ પણ ન કરમાયો, આંખો નીકળી પડી કે તરત જ મુનિરાજનું મસ્તક પણ ફાટી ગયું ને તેઓ 'ધબ' કરતા કે જમીનપર ઢળી પડ્યા. અહિંસાનો અમળ આત્મ સૂર સૃષ્ટિના અણુ-અણુમાં ગૂંજી ગયો !

આની બાજુ સોની દુકાને આવ્યો. ગૂમ થયેલા જવ સંબંધી તે વિચાર કરતો હતો. એટલામાં તેની દુકાને એક કઠિયારો કાઠીનો ભારો લઈને આવ્યો. મૂલ્ય ઠેરવી સોનીએ તે કાષ્ઠ ખરીદ્યાં ને કઠિયારાને તે ભારો દુકાનના ઓટલા પર મૂકવાનું કહ્યું. કઠિયારે ભારો પછાડ્યો.

સોનીની દુકાન પાસે એક ઝાડ હતું. તે ઝાડ પર અનેક પંખીઓ બેસતાં-રમતાં. પછડાટ થતાં જ ઘણાં પંખીઓ ત્યાંથી ઉડી ગયાં. બીકનું માર્યું એક પંખી ચરકી ગયું, ચરકમાં બીજું કશું નહિ પણ સોનીના સુવર્ણયવ હતા. સોનીની નજર ચરક તરફ ગઈ. તેમાં તેણે જવ જોયા. ચરકમાંથી તેણે જવ લીધા તે તેના પોતાના જ હતા.

જવ ઠેકાણે મૂકી, તે મેતાર્ય મહામુનિની ક્ષમા માગવા ચાલ્યો. જે સ્થળે મુનિરાજ પ્રથમ ઊભા હતા ત્યાં તે ગયો. ત્યાં મુનિને બદલે તેમની કાયા જ હતી. સોનીને પોતાની ભૂલ માટે દુઃખ થયું. પણ દુઃખી થયે હવે શું વળે તેમ હતું ?

રાજજમાઈનું મારે હાથે ખૂન ! રાજા જાણશે તો મારી શી દશા થશે ? સોની ગભરાયો. મુનિને મેં જ માર્યા. મારવાનું કારણ કેવળ સુવર્ણ હતું ! સુવર્ણે મુનિને મરાવ્યા, હવે હું સુવર્ણને મારૂં. વિચારમાં પગથિયાં ચઢતા સોનીની આંતર્દૃષ્ટિ વ્યાપક અને નિર્મળ બની.

મેતાર્ય મુનિનાં વસ્ત્રો તેણે ઓઢી લીધાં. સોની, સોની મટી સાધુ થયો.

મેતાર્ય મુનિ જે સમયે સોનીને ત્યાં ગૌચરી અર્થે ગયેલા, તે સમયે એરણ પર પડેલા અને ખાવાના જવ માની તેના ઘર પાસેના ઝાડ પર બેઠેલું પક્ષી તે ચણી ગયેલું. મુનિએ આ દૃશ્ય જોયેલું. પણ સોનીને તેમણે કશી વાત ન જ કરી. કારણ કે તેથી પંખીઓની હાનિ થાય તેમ હતી.

પોતાના ભોગે પરને બચાવવાનો સુઅવસર આવે છે ત્યારે મહામુનિઓ હર્ષભેર તે અવસરને વધાવી લે છે, અને ગમે તેવા ભયંકર પરિણામને પણ સગાભાઈની જેમ ભેટી પડે છે.

સર્વમમતાની દીક્ષા અંગીકાર કર્યા પછી, સાધુ પોતાને સર્વ જીવોમાં દેખે છે અને સર્વને પોતાનામાં રમતા દેખે છે. જેમની દૃષ્ટિ મમતાભરી રહે તેઓ સાધુતા ન ખીલવી શકે, જીવનમાં જીવવાનો મોહ હોય તો મારવાની ભાવના નાબૂદ ન થાય, સાધુતા ખીલવવા માટે સર્વ રીતે પવિત્ર-સંયમી અને સત્યવક્તા બનવું પડે.

સુસાધુ દુનિયાનો દીવો છે, અંધારામાં આથડતા જીવોને સુસાધુનો સમાગમ થાય, તો સમજવું કે, 'અમર બનવા અમૃત-જળ મળ્યાં છે.'

# સાધર્મિક વાત્સલ્યનાં જમણો

પૂ. મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ

આજે સાધર્મિક વાત્સલ્યનાં જમણોના મૂળ ઉદ્દેશને જમનારા અને જમાડનારા, બન્ને વર્ગ લગભગ ભૂલતા જાય છે. આ કારણે આપણાં સાધર્મિક જમણોમાં અનેક પ્રકારનાં અનિષ્ટ તત્ત્વો પગપેસારો કરતાં જાય છે.

સાધર્મિક વાત્સલ્યની પ્રવૃત્તિની પાછળનો શાસ્ત્રીય મૂળ ઉદ્દેશ એ છે કે, શ્રી જિનકથિત ધર્મની આરાધના કરવાના કારણે સમાન ધર્મી ગણાતા આત્માઓની શક્તિ મુજબ વાત્સલ્ય ભાવે સેવા કરવી એ જૈન માત્રનું મૂળ કર્તવ્ય છે. વાત્સલ્ય શબ્દ આ કર્તવ્યની વિશિષ્ટ મહત્તાને સમજાવે છે. પ્રેમ, દયા વગેરે શબ્દ કરતાંયે વાત્સલ્ય શબ્દની કિંમત વધારે છે. હાર્દિક ભક્તિભાવ, વિવેકપૂર્વકનો હૃદયનો ઉમળકો અને સાધર્મિક ભાઈઓ તરફની ખૂબ જ મનોગત સ્નેહવૃતિ, આ વસ્તુ વાત્સલ્ય શબ્દથી સૂચિત થાય છે.

આ પ્રકારની વાત્સલ્ય ભાવનાના યોગે સમાન ધર્મી ભાઇઓની સાથે બાહ્ય ઉપચારથી જે કાંઇ પ્રવૃત્તિઓ આચરવામાં આવે છે. તે સર્વે પણ સાધર્મિક વાત્સલ્ય તરીકે ગણવામાં આવે છે. સર્વે પ્રવૃત્તિઓમાં ભોજન એ મૂખ્ય અને મહત્વની સત્કાર રૂપ સાધર્મિક ભક્તિ છે. આ સિવાય સાધર્મિક વાત્સલ્યના બીજા પણ અનેક પ્રકારો છે. સામાને ધર્મની પ્રાપ્તિ, ધર્મમાં સ્થૈર્ય તથા ધર્મમાર્ગમાં ઉત્તેજનના જેટલા પ્રકાર તે સર્વે સાધર્મિક વાત્સલ્યમાં સમાય છે.

સાધર્મિક વાત્સલ્યમાં નાનાં મોટાં સાધર્મિક તરીકેનો વિવેક જરૂર હોય, પણ જે સાધર્મિકો જે વર્ગમાં આવે તેમાં સર્વ પ્રત્યે સમાનતા હોવી જોઇએ. તેમાં ગરીબ કે તવંગર, બુધ કે અલ્પજ્ઞ વગેરે ભેદો જોવાના નથી હોતા.

અનેક પ્રકારનાં શાસ્ત્રવિહીત ધાર્મિક અનુષ્ઠાનોની જેમ, સાધર્મિક વાત્સલ્ય પણ ધાર્મિકક્રિયા છે, તેમાં જે અમુક પ્રકારના આરંભ–સમારંભો થાય છે, તે પણ ધર્મની આરાધનાના મૂળ ઉદ્દેશને અનુરૂપ હોવાને કારણે, ધર્મસાધક છે, અને પરિણામ વિશુદ્ધિના કારણે તે આરંભો, કેવળ સ્વરૂપઆરંભો છે. આવા પ્રકારની ધર્મક્રિયામાંના આરંભોનું અંતિમ પુણ્યાનુબંધિ પુણરૂપે જ પરિણમે છે, અને ક્રમશઃ તે કર્મની નિર્જરાનું કારણ બને છે.

ધર્મ, કર્તવ્ય તરીકેના આવા ભોજન સમારંભો તે કેવળ જમણવાર કે જલસાઓ નથી. સાધર્મિકવાત્સલ્યનું જમણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તે પણ પુણ્યરાશિનો સુયોગ સૂચવે છે, અને જમણોમાં ખાવાના પ્રસંગ મળે તે પણ પુણ્યોદય જ સૂચવે છે. આ કારણે જૈનશાસનમાં બીજી ધાર્મિકક્રિયાઓની જેવી આ સાધર્મિકવાત્સલ્યની ક્રિયા પણ એક મહત્વની જ ક્રિયા છે. દરેક જીવો દરેક દરેક સાધર્મિકક્રિયાઓ, વ્રત, તપ કે જપ આચરી શકે તેવું પ્રાયઃ હોતું નથી. કોઈ આત્માઓ અમુક વિશિષ્ટ પ્રકારની ધર્મક્રિયાઓ આચરે જ્યારે કોઇ આત્માઓ પોતાની સાધન–સામગ્રીઓથી ધર્મક્રિયા કરનાર પુણ્યવાન આત્માઓને અશનાદિ ચારે પ્રકારના આહારથી વાત્સલ્યભાવે ભક્તિ કરે; આ બન્ને કોટીના આત્માઓ પોતપોતાની શક્તિ મુજબ શ્રી જિનકથિત ધર્મની આરાધના કરવાના કારણે આરાધક ગણાય છે.

ભક્તિપૂર્વકના આવા પ્રકારના સાધર્મિક ભાઈઓના ભોજન સમારંભોરૂપ સાધર્મિક-વાત્સલ્યથી સમાનધર્મી આત્માઓની નજીકમાં આવવાનો શુભ પ્રસંગ પ્રાપ્ત થાય છે, વળી ધર્મમય વાતાવરણ વધુ ગૂંજતું થાય છે. સાધર્મિકભાઈઓની વધુ ઓળખ થાય છે,

અને પરસ્પર એક-બીજાની સાધર્મિક તરીકેની સ્થિતિનો સવિશેષ ખ્યાલ આવે છે. આના પરિણામે ધર્મીઆત્માઓ આત્મજાગૃતિને પામી શકે છે. પોતાની શિથિલતાને ખંખેરી શકે છે, અને આના જેવા અન્ય અનેક કારણો, અવાંતર-હેતુઓ, સાધર્મિકવાત્સલ્યના જમણોમાં સમાએલા છે. પીઢ, દીર્ઘદ્રષ્ટા અને શાસ્ત્રીય મર્યાદાને પીછાણનાર આત્માઓ આ કર્તવ્યના આવા પ્રકારના મૂળ ઉદ્દેશને સહેલાઇથી સમજી શકે છે.

સાધન સમ્પન્ન ધર્મી સમાજે; આવા પ્રકારના સાધર્મિકવાત્સલ્યનાં ભોજન-સમારંભોનું આયોજન, કે જે કેવળ ધર્મવૃતિથીજ કરવામાં આવે છે, તેમાં ખૂબજ સાવચેતી રાખવાની હોય છે, જમવા આવનાર મહાનુભાવ ધર્મી આત્માઓનું ઉચિત સન્માન પોતાની જાતે સાચવવું જોઇએ. પોતાના સાધર્મિ ભાઇઓની દરેક પ્રકારની વ્યવસ્થા, મર્યાદા અને વિધિ જળવાઇ રહે તે માટે સાધન-સમ્પન્ન ધર્મી વર્ગે ખડેપગે ઉભા રહેવાની જરૂર છે.

જમણની વેળાયે રીતસરની દરેક વ્યવસ્થાપૂર્વક જમાડનાર સાધન-સમ્પન્ન આગેવાન ગૃહસ્થો ત્યાં રીતસર હાથજોડી સાધર્મિક ભાઇઓના દર્શન કરવા તે જમવાના સ્થાને આવે, કોઈની કોઇ પણ પ્રકારની ગરબડ કે ઘોંઘાટ થતાં જાતે તેની તપાસ કરે, જમતી વેળાયે સૌ સાધર્મિભાઇઓને પોત-પોતાની ફરજ સમજાવે. આ રીતની યોગ્ય વ્યવસ્થા જમાડનાર તરફથી શાસ્ત્રીય વિધિ મુજબની થવી જોઇએ. તોજ યોગ્ય પરિવર્તન આવી શકે. અને તોજ જમવા આવનાર સાધર્મિકોમાં કદાચ ઉતાવળ, અધિરતા વગેરે અવગુણો હશે, તે આવા અવસરે અવશ્ય દબાઈજશે. તેમનામાં લાયકાત પ્રગટશે.

કારણે કે, આવાં ધાર્મિક જમણોમાં જમવા આવનારે સાધર્મિક તરીકે એટલે કે, શ્રી જિનેશ્વરદેવના ધર્મની આરાધના કરનાર તરીકે ત્યાં આવી જમવાનું છે. અને જમાડનાર સાધન-સમ્પન્ન ધર્મીઓએ પોતાના પરમ બાંધવ તરીકે ગણીને તે જમવા આવનાર ભાઇઓની સેવાભાવે ભક્તિ કરવાની છે. હકીકત એ છે કે, જમવા આવનાર અને જમાડનાર આ બન્ને વર્ગો પોત-પોતાની મર્યાદાને, ઔચિત્યતાને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સાચવે તો અત્યારના સાધર્મિકવાત્સલ્યોનાં જમણો ખૂબજ મહત્વના ધર્મ, કર્તવ્ય તરીકે યોગ આત્માઓના જીવનમાં કોઈ અનેરી અસર, નિપજાવી શકે એ નિઃશંક છે.

સાધર્મિકવાત્સલ્યના ભોજન-સમારંભો એ એક શાસ્ત્રી વિહીત ધાર્મિક અનુષ્ઠાનો છે. આવા અનુષ્ઠાનોનું વિધાન કરનાર, મહાપુરૂષોની ધાર્મિક દ્રષ્ટિ, વ્યવહાર બુદ્ધિ, ઉપકાર બુદ્ધિ આવાં પ્રકારના અનુષ્ઠાનોની પાછળ રહેલી છે. જેને ખૂબ વિવેક, ધીરતા અને ગંભીરતાપૂર્વક સમજવી ઘટે.

જે કારણે અકારણ ઉપકારી તે મહાપુરૂષોની નિઃસમ કરૂણા બુદ્ધિ માટે આપણને સ્હેજે બહુમાન ભાવ જાગ્રત થયા વિના રહે નહિ. ધર્મકાર્યને અંગે આજે આપણા સમાજની ચોમેર તદ્દન ભયંકર વાતાવરણ ધીરે ધીરેધીમાં ઝેરની જેમ પ્રચારને પામતું જાય છે.

આ અને આવાં આપણા ઉપકારી પુરૂષોએ વિહીત કરેલાં અનેક સ્વ-પર કલ્યાણકર ધર્માનુષ્ઠાનોની સામેનાં પ્રચારકાર્યનાં ચક્રો, અમુક વર્ગ તરફથી એવી ચાલાકીપૂર્વક ગતિમાન થઈ રહ્યાં છે કે, ભલભલા સમજુ, શ્રદ્ધાળુ આત્માઓ પણ ક્ષણભર વિચારના વમળમાં ઝોકા ખાતાં થઇ જાય છે.

આપણા પ્રયત્નોનું અંતિમ આપણે માટે તેમજ ધર્મરસિક ભવ્ય જનસમાજને માટે અવશ્ય કલ્યાણકર નિવડશે.

# શંકા અને સમાધાન

શં૦ જીવ કેટલા ગુણસ્થાનકે મરણ પામે?

સ૦ ૧લુ, ૨જુ, ૪થુ, ૫મું, છઠ્ઠુ, ૭મુ, ૮મુ, ૯મુ, ૧૦મુ, ૧૧મુ, અને ૧૪મા ગુણ-સ્થાનકે વર્તતો જીવ મરણ પામે છે.

શં૦ ક્યા, ક્યા, ગુણસ્થાનકે જીવ મરણ પામતો નથી?

સ૦ ૩જા, ૧૨મા અને ૧૩મા ગુણસ્થાનકે વર્તતો જીવ મરણ પામતો નથી.

શં૦ જીવ સાથે પરભવમાં ક્યાં ક્યાં ગુણ સ્થાનકો જાય છે?

સ૦ મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરતી-સમ્યગ્ દ્રષ્ટિ ગુણ સ્થાનકો જીવ સાથે પરભવમાં જાય છે.

શં૦ મરણ એટલે શુ?

સ૦ જન્મથી જીવોને પ્રાણોની સાથેનો જે સંબંધ, તે પ્રાણો સાથેનો વિયોગ તે મરણ.

શં૦ જન્મ, મરણનો નિયમ શું છે?

સ૦ જેઓ જન્મે છે તેઓ અવશ્ય મરણ પામે છે. પરન્તુ મોક્ષે ગયા પછી જન્મવાનું હોતું નથી.

શં૦ જીવોનું મરણ શરીરના ક્યા ક્યા ભાગમાંથી થાય છે?

સ૦ પગ, સાથળ, હ્રદય, મસ્તક અને સર્વાંગથી જીવ અંતિમ સમયે બહાર નિકળે છે.

શં૦ એ દરેક જગ્યાએથી નીકળનાર ક્યી ક્યી ગતિમાં જનાર હોય છે?

સ૦ પગમાંથી નિકળનાર નરકગતિમાં જાય છે. સાથળમાંથી નિકળનાર તિર્યંચગતિમાં જાય છે. હ્રદયમાંથી નિકળનાર મનુષ્ય ગતિમાં જાય છે. મસ્તકમાંથી નિકળનાર જીવ દેવગતિમાં જાય છે. સર્વાંગથી નિકળનાર મોક્ષમાં જનાર હોય છે.

શં૦ ક્યા કેવલિ ભગવન્તો સમુદ્ઘાત કરે?

સ૦ છ માસથી અધિક આયુષ્યવાળો જીવ જો કેવલજ્ઞાન પામે તો તે અવશ્ય સમુદ્ઘાત કરે. છ માસથી ઓછા આયુષ્યવાળા કેવલિઓ સમુદ્ઘાત કરે અથવા ન કરે.

શં૦ તિર્થંકર પરમાત્માનું વધારેમાં વધારે કેટલું આયુષ્ય હોય?

સ૦ જ્યારે સામાન્ય મનુષ્યનું આયુષ્ય ક્રોડ પૂર્વનું હોય છે. ત્યારે તીર્થંકરનું વધારેમાં વધારે આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હોય છે. અને તેમનો કેવલીપર્યાય ૧ લાખ પૂર્વ જેટલો લગભગ હોય છે.

શં૦ મિથ્યાત્વના કેટલા પ્રકારો છે?

સ૦ બે પ્રકાર છે. વ્યક્ત અને અવ્યક્ત.

શં૦ વ્યક્ત મિથ્યાત્વ કોને કહેવાય?

સ૦ જિનવચનની અશ્રદ્ધા—વિપરીત શ્રદ્ધા વિપરીત પ્રરૂપણા—સંશય અને અનાદર તે વ્યક્ત મિથ્યાત્વ છે. તે સંજ્ઞિજીવોને હોય છે.

શં૦ અવ્યક્ત મિથ્યાત્વ એટલે શું?

સ૦ મિથ્યાત્વ મોહનીયનાં સંબંધ વાળુ મિથ્યાત્વ તે અવ્યક્ત મિથ્યાત્વ છે. તે અસંજ્ઞિ જીવોને હોય છે.

શં૦ ક્યા મિથ્યાત્વવાળા જીવો (યોગની દ્રષ્ટીથી) પ્રથમ ગુણસ્થાનકે ગણાય?

સ૦ વ્યકત મિથ્યાત્વી.

શ્રી કું. મુ. દોશી.

# રે મહત્ત્વાકાંક્ષા! ત્હારા પાપે–

શ્રી દર્શક.

'આત્મધર્મના પ્રચારને બ્હાને જ્યાં મિથ્યાભિમાન અને મહત્ત્વાકાંક્ષાનું નાટક ભજવાઇ રહ્યું છે'— આવા એક ધર્મ સંપ્રદાયની મુલાકાતના આછા–પાતળા ઉપયોગી સંસ્મરણો લેખક અહિં આપણી આગળ નમ્ર ભાષામાં મૂકે છે.

સૌરાષ્ટ્રની પુણ્યભૂમિ પર કેટ–કેટલાયે મહાન પુરૂષો જન્મ્યા છે. જગતને સાચો કલ્યાણમાર્ગ દર્શાવી સંસારના ઉદ્ધારકો બન્યા છે. તેજ રીતે વિશ્વવંદ્ય શ્રી મહાવીરપ્રભુના મૂળમાર્ગથી ખસી નિત નવા–નવા તુક્કાઓ ઉપજાવી કાઢી, પોતાની વાક્પટુતાથી ભદ્રિકલોકોને ભોળવી પોતાના નામે નવો સંપ્રદાય ઉભો કરવાની નેમવાળા ભેજાઓ પણ, આ સૌરાષ્ટ્રદેશની ધરતીપર જન્મ્યા છે. અને આવા માણસોએ પોતાના નામે નવા–નવા સંપ્રદાયોને, વાડાઓને જન્મ આપી પોતાની છૂપી મહત્ત્વાકાંક્ષાઓને તૃપ્ત કરી છે.

હમણાં આવોજ એક સંપ્રદાય કાઠીયાવાડના પ્રદેશમાં વિસ્તરી રહ્યો છે. જેના સ્થાપક અને પ્રચારક બનવાનું માન શ્રી કાનજીસ્વામીને ફાળે જાય છે. કાનજીસ્વામી પોતે મૂળ સ્થાનકવાસી સંપ્રદાયના છે. હાલ તેઓએ ત્યાંથી ખસી એક નવા 'સનાતન જૈનધર્મ' સંપ્રદાયને ઉભો કર્યો છે. સોનગઢ મુકામે તેઓએ પોતાનો ખાસ આશ્રમ સ્થાપ્યો છે. તેમના અનુયાયીલોકોએ બંગલા બંધાવી, ત્યાં વિશાલ જગ્યા રોકી લીધી છે. સ્વાધ્યાય મંદિર, અતિથિગૃહ, ભોજનશાળા, સમવસરણ, પ્રવચન મંડપ વગેરે મકાનોના બહુરૂપી દ્વારાદ્વારા કાનજીસ્વામીએ મુલાકાતે આવનારા ભોળા આગંતુકોને ફસાવવા માટે પ્રલોભનો ઉભા કર્યાં છે.

આજથી લગભગ ત્રણવર્ષ પર માગશર મહિનામાં મારે સોનગઢ મુકામે અચાનક જવાનું થયું. એટલે કાનજીસ્વામીના આ આશ્રમની મુલાકાત લેવાનું સ્હેજ મને મન થઇ આવ્યું. કેટલાક સાથીદારોની સાથે હું તે આશ્રમને જોવાને નીકલ્યો. દૂર–દૂરથી મેંગલોરી નળીયાઓવાળા કેટલાયે મકાનો દેખાતાં હતાં. વચ્ચે શિખરબંધી દેરાસર જેવું ઘુમ્મટવાળું એક મંદિર જણાતું હતું. થોડીકવારમાં અમે તેની નજીક જઇ પહોંચ્યા. દૂરથી અમને આવતા જોઇને ત્યાં આશ્રમના કેટલાકભાઇઓ અમારા માર્ગની સ્હામે મીટમાંડીને ઉભા હતા, તે લોકોએ અમને આદર આપ્યો.

મેં પૂછ્યું; 'કાનજીસ્વામી ક્યાં છે?' તરતજ તે ભાઇઓ અમને સ્વાધ્યાય મંદિર તરીકે ઓળખાતા એક નાજુક બાંધણીના ભવ્ય મકાનમાં લઇ ગયા, ત્યાં જઇને અમે જોયું તો આ મકાનના મધ્યહોલમાં કોચ જેવી સુંદર ચકચકિત, રંગરોગાનથી સુશોભિત બે બાજૂના ટેકાવાળી તેમજ પાછળ મજબૂત પીઠવાળી પાટ પર કાનજીસ્વામી બેઠા હતા. અમારી સાથેના તે ભાઇઓએ અમને કાનજીસ્વામીની ઓળખાણ પાડી. કાનજીસ્વામીના હાથમાં પુસ્તક હતું. સ્હામે કેટલાકભાઇઓ તેમજ બ્હેનો તેઓના પ્રવચનનું શ્રવણ કરી રહ્યા હતા. ટાઇમ લગભગ બપોરના ૧૨ ઉપર બે વાગ્યાનો સુમાર હશે!

પહેલી નજરે કાનજીસ્વામીને જોતાં એમના વિચિત્ર વેષે અમારા હૃદયમાં ઔર કુતુહલ ઉત્પન્ન કર્યું. સફેદ મૂલ્યવાન કપડો અંગપર હતો, ઉપર ઉનની પશમીનાની કીમતી સુંવાળીકામળ તેઓએ ઓઢી હતી. હાથમાં સ્વચ્છ સુતરાઉ રૂમાલ અને બાજુમાં મોરપીંછી પડી હતી. આ વેષપરથી કાનજીસ્વામીના સંપ્રદાયની ખાસ નવીનતા તરવરતી હતી. નહિ સ્થાનકવાસી સંપ્રદાય, નહિ મૂર્તિપૂજક સંપ્રદાય કે નહિ દિગંબર સંપ્રદાય; કોઈ ઔર ચોથો મિશ્ર સંપ્રદાય કાઢવાનીજ ઈચ્છાથી પોતાના સાધુવેષમાં આ રીતની વિવિધતા તેઓએ ઈરાદાપૂર્વક ઉભી કરી હશે, એમ અમને ચોક્કસપણે જણાયું.

તેમની પાટની બાજુમાં, એક સ્થાનકવાસી સાધુ; મ્હોંઢે મુહપત્તિ બાંધી સ્થાનકવાસી વેષમાં ત્યાં બેઠા હતા. તેમના હાથમાં પણ પુસ્તક હતું. પૂછ–પરછ કરતાં માલુમ પડયું કે, હમણાં 'સમયસાર' નું પ્રવચન ચાલે છે. તે દરમ્યાન અમે હોલમાં થોડીવાર આજુબાજુ ફર્યા; વ્યાખ્યાનની પાટ સ્હામે કાચના

નાજુક મનોહર કબાટો લાઈનબંધ ગોઠવાયેલાં હતાં. કબાટોમાં સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, દ્રવ્યસંગ્રહ વગેરે દિગંબર ગ્રન્થો, ઝીંકના આરી કામથી ભરેલા મખમલના વસ્ત્રોથી મઢેલા હતા. કાનજીસ્વામીના હાથમાં જે પુસ્તક હતું તે પુસ્તક મખમલથી મઢેલું હતું. તે પુસ્તક ઉપર આરીના ભરતકામથી 'સમયસાર' એવું નામ ભરેલું હતું. આ બધું અમે જોયું ત્યારે, આત્મધર્મના પ્રચારકની આ બધી ભભકા ભરી ઠઠારાવાળી જડ રીતભાતનો ભેદ સ્હમજતાં અમને વાર ન લાગી.

જેને ભોળા, ગરજુ અને મહત્ત્વાકાંક્ષી માનવ પ્રાણીઓને ખીંચી-પકડીને પોતાના સંપ્રદાયની સીમા વધારવી હોય, તે લોકોને આવા આડંબરોનો આશરો લીધા વિના છૂટકો જ નથી.

થોડીવાર બાદ કાનજીસ્વામીએ અમારી બાજુ દૃષ્ટિ લંબાવી. ગૌર દેખાવદાર બદનથી, એઓ આવનાર હરકોઇને પહેલી નજરે પોતાની પ્રત્યે ખીંચી શકે તેમ હતા. અમે આ વસ્તુ ત્યાં પ્રત્યક્ષ અનુભવી. મુખપરનું તેજ અને ભવ્ય લલાટ એ, કાનજીસ્વામીની નૈસર્ગિક આકર્ષણ શક્તિના પ્રતીક હતાં એમ કહી શકાય. અમે તેઓની નજીકમાં ગયા એટલે તેમણે અમારી સાથે વાર્તાલાપ શરૂ કર્યો.

થોડીક પરસ્પરની ઓળખાણ વિધિનું કાર્ય પતાવ્યા બાદ, મેં તેઓને પૂછ્યું; 'આ કયું પુસ્તક તમે વાંચો છો ?' તેમણે કહ્યું 'કુંદકુંદ સ્વામીજીનું સમયસાર.' ફરી મેં પૂછ્યુ" 'તમે હાલ ક્યા સંપ્રદાયમાં છો ?' પોતાની જાતને નવા સંપ્રદાયના આદ્યદષ્ટા તરીકેનું ઘમંડ જાણે તેઓના શબ્દોમાં પ્રત્યક્ષ થતું હોય તે રીતની વાક્છટાથી તેમણે જવાબ આપ્યો; 'સનાતન જૈનધર્મ સંપ્રદાય,' નામ સાંભળતાં અમે સ્હમજી શકયા કે; કાનજીસ્વામી પોતાના નવા સંપ્રદાયને સનાતન કહેવડાવવાની બડાઇ મારી રહ્યા છે, જે સંપ્રદાયને હજુ હમણાં જ મરઘીના ઇંડાની જેમ પોતે ઉપજાવી કાઢયો છે. એને 'સનાતન' શબ્દની મોહક જાળથી સંબોધવામાં કાનજીસ્વામીની મહત્ત્વાકાંક્ષા જણાઇ આવતી હતી.

મેં તેમને ફરી પૂછયું, 'વારૂ ! આ સંપ્રદાયના આદ્યપુરૂષ કોણ ?' હસતાં હસતાં તેઓ બોલ્યા. 'ભ૦ શ્રી મહાવીર દેવ' 'તો હાલ તમે આ સંપ્રદાયમાં કોની પરંપરાએ પાટપર આવ્યા છો ?' મારો આ પ્રશ્ન થોડી વાર સુધી હવામાં અથડાયો. તેમણે કેટલોક વિચાર કરી મને જવાબ આપ્યો 'શ્રી કુંદકુંદસ્વામીજીની પાટે' આ બધી વાતોમાં કાનજીસ્વામીનાં મિથ્યાભિમાનની અવધિ આવતી હોય એમ અમને જણાયું. ન્હાના બાળકોને કે ઘેલા ભક્તોને ભોળવતા હોય તે રીતથી વાક્ ચતુરાઈથી તેમણે અમને આ બધું જણાવ્યું. જે શ્રી ભગવાન મહાવીર દેવને નિર્વાણ પામે આજે લગભગ ૨૫૦૦ વર્ષો વીતી ગયાં, અને જે કુંદકુંદસ્વામીને થયે આજે હજારો વર્ષ થઈ ગયાં, એમ તેઓ પ્રચાર કરે છે. તેમની પાટપર સાક્ષાત્ આવનાર તરીકેનાં મિથ્યાભિમાનમાં રાચતા કાનજીસ્વામી, પોતાની જાતને બેશક ઠગી રહ્યા છે. એ હકીકત સ્પષ્ટ દિવા જેવી છે. પણ એમના ભોળા બિચારા અને કેવળ આત્માને ઓળખવાની શુષ્ક વાતો સાંભળી રાજી થતા ભક્તોની સમક્ષ આ બધી ભાંજગડ કરી ઉંડા પાણીમાં ઉતરવાની અમને તે વેળા જરૂર ન જણાઈ,

ત્યારબાદ કુંદકુંદસ્વામી વગેરેને અંગે કેટલીક હકીકતો તેઓએ અમને વિસ્તારથી કહી સંભળાવી. જે કેવળ તેમને માનનારા 'હાજીહા' ની સભામાં શોભી શકે તેવી અસંભાવ્ય હતી. અમને તેમણે પોતાનાં પ્રકાશન ગ્રન્થોની માહિતી આપી. એમના એક ભક્ત જેઓ ત્યાં બેઠા હતા. તેમણે આશ્રમદ્વારા પ્રકાશિત થયેલાં પુસ્તકોનું લીસ્ટ અમને આપ્યું. અમે ત્યાંથી નીકલ્યા તે વેળા તેમણે મોકલેલા પુખ્ત વયના બે-ચાર વિદ્યાર્થીઓ અમને આશ્રમનાં બધાં મકાનો બતાવવા અમારી સાથે આવ્યા.

સ્વાધ્યાય મંદિરમાંથી નીકળતાં, તે મકાનની આજુ બાજુના ખંડોને બારીકાઈથી અમે જોયા. શરૂના ભાગમાં એક ન્હાના ખંડમાં કાનજીસ્વામીનો નિવાસ હતો. જે અમે બ્હારથી જોયો. કોઇ રાજા-રજવાડાના દિવાનેખાસ-ના જેવો ભભકાદાર, કાચના

બારી બારણાવાળો એ આવાસ ખંડ જોઇ અમને આત્મધર્મના આ પ્રચારકની આવી જડ વાતાવરણથી ભરપૂર વૈભવી રીત-ભાત પ્રત્યે ખૂબજ અણુગમો પેદા થયો.

અમારી સાથે આવેલા ભાઇએ અમને બાજુના સમવસરણ મંદિરમાં લઇ ગયા, આરસના સ્વચ્છ મહામૂલ્ય પત્થરોથી તૈયાર કરાવેલું સમવસરણ અમે જોયું. સાથે રહેલા ભાઇઓમાંથી એકભાઇ આની વિશેષ સ્હમજણ અમને આપતા હતા. આ સમવસરણની બધી લાઇનદોરી કાનજીસ્વામીએ આપી હતી.-એ મુજબ તે ભાઇએ અમને કહ્યું. સમવસરણ તદ્દન ઢંગધડા વિનાનું અને અશાસ્ત્રીય ઢબનું હતું. વચ્ચે વચ્ચે રમકડા જેવું કાંઈક ગોઠવેલું હતું. આ બધામાં નવીનતા એ હતી કે, એ સમવસરણની મધ્યમાં એક મ્હોટું કદાવર નગ્ન પુતળું ગોઠવ્યું હતું. જેને 'કુંદકુંદસ્વામી' તરીકે તે ભાઇએ અમને ઓળખાવ્યું સમવસરણમાં ઈંદ્રાદિ દેવોના કદની આગળ કુંદકુંદ સ્વામીનું કદ બારગણું મ્હોટું હતું. જે તદ્દન અશાસ્ત્રીય કહેવાય. 'કુંદકુંદ સ્વામી, શ્રી સીમંધરસ્વામીના સમવસરણમાં જાય છે' એ હકીકતને દર્શાવનારો આ ચમત્કારિક આડંબર કાનજીસ્વામીએ કેવળ પોતાના સંપ્રદાયની મહત્તા સાબીત કરવા માટે ઈરાદા પૂર્વક યોજ્યો છે. એમ કોઇ પણ આવનાર સહૃદય સ્હમજુ જાણી શકે, તે રીતનો એ દેખાવ હતો.

કારણ કે, સ્થાનકવાસી સંપ્રદાયમાં અત્યાર સુધી શ્રદ્ધા ધરાવનારા પોતાના અનુયાયીઓને કાંઈ નવું અને ઠઠારાવાળું આકર્ષણ જો તેઓ ઉભું ન કરે તો સંપ્રદાયની રીતસર જમાવટ થાય કઇ રીતે? આથી જ આ બધી વિચિત્ર લીલાઓનું નાટક આજે તેઓ આચરી રહ્યા છે.

સમવસરણ મંડપમાંથી અમે બ્હાર નીકળ્યા, અને ત્યાંથી બાજુના જિન મંદિરમાં અમને તે ભાઇઓ લઇ ગયા. મંદિર નાનકડું પણ દેખાવમાં સુંદર હતું. પણ ત્યાં આત્માને શુદ્ધ ભાવમાં જોડી શકે તેવું પ્રશસ્ત આલંબન અમને ન જણાયું.

શ્યામ પાષાણની દિગંબર મૂર્તિ તે મંદિરના ગભારામાં ગાદીનશીન કરેલા હતા. પણ એ મૂર્તિને જોઇને ચિત્તમાં આલ્હાદ થાય તેવું કાંઈ હતું નહિ. બ્હાર રંગમંડપમાં કાનજીસ્વામીનીજ કેવળ ભક્તિ દર્શાવનારા તેઓના જુદી જુદી દશાઓના ફોટાઓ મઢાવીને ત્યાં પ્રચારના ઈરાદે ટીંગાવેલા હતા.-જેમાં કાનજીસ્વામી ગોચરી વ્હોરવા જાય છે તેનું દૃશ્ય, કોઈ સ્ત્રીઓનો સમુદાય એ સ્વામીની સ્હામે ગહુંલીઓ કરી રહી છે તેનુ દૃશ્ય તેમજ કાનજીસ્વામી વાસક્ષેપ નાંખી રહ્યા છે તેનું દૃશ્ય, કાનજીસ્વામી ડોલીમાં બેસી ગિરનારજીની યાત્રાર્થે જઈ રહ્યા છે તેનું દૃશ્ય-આવાં-કેટ-કેટલાંયે ખાસ પદ્ધતિપૂર્વક લેવડાવેલાં દૃશ્યો અને નીચે 'કહાન પ્રભુ,' 'કહાન સ્વામી' શબ્દોથી તે તે પ્રસંગોની ઓળખ આપનારા લખાણો; આ બધું અમે બરોબર ધ્યાનપૂર્વક ધરાઇ-ધરાઇને જોઇ લીધું. કાનજીસ્વામીના આ આડંબરની સાથે આત્મધર્મ કે સમયસારનાં નિશ્ચય પ્રધાન પ્રવચનોનો મેળ કઈ રીતે બેસાડવો એમ કોઈક અજાણ્યા માનવને કદાચ પ્રશ્ન ઉઠે! પણ કાનજીસ્વામીના અસંતુષ્ટ હૃદયમાં તુમુલ તોફાન જગાવી રહેલી પેલી સંપ્રદાય સ્થાપક બનવાની મહત્ત્વાકાંક્ષાથી પરિચીત અમારા જેવાને આમાં કાંઇ જ આશ્ચર્ય ન જણાયું.

ત્યારબાદ અમે પાછા વળ્યા, રસ્તામાં અતિથિગૃહ, ભોજનશાલા ઇત્યાદિ સ્થાનોને અમારી દૃષ્ટિ તળેથી પસાર કરી લીધાં. સ્વચ્છ અને આરોગ્યપ્રદ હવાની અનુકૂળતા, ખાવા-પીવાની સગવડ, રહેવાની બધી યથેચ્છ સુવિધા,-આ બધાં ભૌતિક પ્રલોભનોથી ભર્યો ભર્યો જણાતો, આ આશ્રમ કાનજીસ્વામીના અનુયાયી લોકોને માટે હંમેશનું તીર્થધામ બની ગયો છે.

કાનજીસ્વામીનો આ સોનગઢી આશ્રમ જૈન ધર્મના પ્રત્યેક સંપ્રદાયોને ખૂલ્લં ખૂલ્લા ચેતવણી આપી રહ્યો છે કે,

'જુઓ! સંપ્રદાય વધરવો હોય, અનુયાયીઓ એકઠા કરી સંપ્રદાય સ્થાપક બનવું હોય, તો બીજી કાંઇ તપ, ત્યાગ કે વ્રત નિયમોની આડી, અવળી માથાકૂટમાં પડવાની હવે જરૂર રહી નથી; કારણ કે

એ બધા જડ ક્રિયાકાંડોથી આત્માને કાંઇ લાભ નથી થવાનો. અનંતો કાલ થયા આત્મા એ બધું કરતો રહ્યો છે. કેવળ આત્મા, દ્રવ્યાનુયોગ, પંચાસ્તિકાયને લગતા ખાસ ખાસ ગ્રન્થોનો અભ્યાસ કરી લ્યો! શ્રીમાન ભક્તોને આવી આત્મધર્મની નિશ્ચય નય પ્રધાન શુષ્ક વાણીના 'હાજીહા' કરનારા ધર્માત્મા બનાવી દો! ભોજનશાળાઓ તેમજ અતિથિગૃહો ઉઘાડા મૂકી દો! બસ, આ સિવાય અન્ય કાંઈ ભાંજગડ કરવાની જરૂર નથી, સામાન્ય લોકોને આજે આટલું જ જોઇએ છે. હા, આજના યુગને બંધ-બેસતું પ્રચારનું અંગ પ્રેસ અને પત્ર વસાવી લેવું એટલે કામ થઇ જશે!'

કાનજીસ્વામીએ આ હકીકત સ્હમજીને આ બધો દ્દારો ઉભો કર્યો છે. આ આશ્રમ તરફથી 'આત્મધર્મ' માસિકનું સંચાલન પણ આ ઉદ્દેશને અનુલક્ષીને થઇ રહ્યું છે; જે માસિકને આજે લગભગ ત્રણ વર્ષ પૂર્ણ થવા આવશે. આ માસિક એકાંત, નિરપેક્ષ, મનઘડંત તેમજ કેવળ કાનજીસ્વામીના ભેજામાંથી ઉપજાવેલા નવા-નવા તુક્કાઓનું પ્રતિ-નીધિત્વ ધરાવતું સત્તાવાર પત્ર છે.

**આ**માં કાનજીસ્વામીના વ્યક્તિત્વનો જ મુખ્ય પ્રચાર થઇ રહ્યો છે. 'કાનજીસ્વામી એજ સાક્ષાત દેવ તેમજ ગુરૂ છે. અને સમયસાર એજ એક દ્વાદ-શાંગીનો સાર છે, આ સિવાય સંસારમાં બીજે કોઇ સ્થાને ધર્મ જેવું કાંઈ નથી.' આ ધ્વનિ 'આત્મધર્મ' માસિક દ્વારા ભોળા, ભદ્રિકોની સમક્ષ વ્હેતો મૂક-વામાં આવે છે. તદુપરાંત; તપ, ત્યાગ કે ક્રિયાકાંડો જે બીજાઓ કરે છે એ મિથ્યાત્વ છે, જડ છે. જ્યારે આપણા આશ્રમમાં જે થતું હોય તે સમ્યગ્દર્શનની અને આત્મધર્મની ક્રિયા છે. આ પ્રકારનો ઉઘાડો પ્રચાર 'આત્મધર્મ' પત્રમાં કરવામાં આવે છે.

**થો**ડા દિવસ પહેલાં આ માસિકનો એક અંક વાંચવા માટે મને એક ભાઈ તરફથી મલ્યો. હતો, ભાગ્યયોગે એમાં કાનજીસ્વામીના જીવનચરિત્રની હકીકતો હતી. તેનું મથાળું મ્હોટા ટાઇપોમાં આ મુજબ હતું.

**'ભરતક્ષેત્રના ભૂલા પડેલા ભવ્ય આત્મા-ઓને માટે ભગવાને મોકલેલો ભોમીયો'** એટલે કાનજીસ્વામીને મોકલનાર ભગવાન છે, એ જાતનો પ્રચાર આ માસિકદ્વારા ચાલુ થઇ રહ્યો છે. હા! આ જેવી તેવી ધીટ્ટાઈ! કેવું બાલીશ હૃદય! અંધશ્રદ્ધાની છેલ્લી હદ આવી જાય છે.

**મા**સિકના છેલ્લા અંકમાં કાનજીસ્વામીનું સમય-સારનું છેલ્લું પ્રવચન પ્રગટ થયું છે. પોતાના પ્રવચનમાં મર્યાદા મૂકી, કાનજીસ્વામી ખુદ ખુલ્લેખુલ્લાં પોતાનું ઘમંડ છતું કરે છે, તે તેમના અંધ અનુયાયીઓની આંખને પણ ઉઘાડી કરનારૂં અને અંધભક્તોના બહેરા કાનને પણ ટકોરા મારી જાગૃત કરનારૂં છે.

**આત્મધર્મ** વર્ષ ૩, અંક ૯, પેઇજ ૧૬૬ ના પહેલા કોલમના ત્રીજા પેરીગ્રાફમાં કાનજીસ્વામી, સમયસાર પરનાં પોતાના એ પ્રવચનમાં જણાવે છે; 'આ શાસ્ત્રમાં ગંભીર રહસ્ય રહેલા છે, ગુરૂગમ વગર સમજાય તેવું નથી. જયચંદ્રજી પંડિત કહે છે કે, "આ ગ્રન્થનો ગુરૂસંપ્રદાય (ગુરૂપરંપરાનો) વ્યુચ્છેદ થઈ ગયો છે." આ કથન તો ૧૫૦ વર્ષ પહેલાનું છે, પરંતુ અત્યારે તે વ્યુચ્છેદ ફરીને અત્રુટપણે સંધાઇ ગયો છે. શ્રી કુંદકુંદાચાર્યદેવની કૃપાથી, સેવાથી આ **આત્માને** ભાવશ્રુત મલ્યું છે, અને તેથી તેમની કૃપાએ આજે સમયસારની પરંપરા સંધાઇ ગઇ છે. સીમંધરભગવાનની ધ્વનિના લાભથી અને કુંદકુંદ પ્રભુની કૃપાથી તેમજ પોતાની પાત્રતાથી મુમુક્ષુજીવોના મહાભાગ્યે આ સમયસારની પરંપરા ચાલુ થઈ છે, અને આચાર્યશ્રીનો આશય જળવાઇ રહ્યો છે."

[ અક્ષરશઃ ઉતારો ]

કેટ-કેટલું મિથ્યાભિમાન! હદવિનાનું આત્મ-ઘમંડ! સાંભળનાર અને વાંચનાર કેટલા અંધઘેલા હશે વારૂ!

**આ** ઉપરોક્ત લખાણમાં કાનજીસ્વામી છાતી ઠોકીને કહે છે કે, 'મહાવિદેહમાં વિચરતા શ્રી સીમંધરસ્વામીની દેશનાને હું અહીં બેઠો સાંભળું છું, તેમજ કુંદકુંદસ્વામીની કૃપા મારાપર વર્ષી છે. જે આજથી ૧૫૦ વર્ષ પર થયેલા જયચંદ્ર પંડિત પર

# બે રાજકુમારો:

**શ્રી સોમચંદ શાહ**

મંત્રીશ્વરની કુશાગ્ર બુદ્ધિથી બન્ને રાજકુમારોને જીવિતદાન મળ્યું છે. મંત્રીશ્વરના કહેવા મુજબ બન્ને રાજકુમારો વન-વગડામાં ચાલી નીકળે છે. અનેક પ્રકારની દુઃખ-આપત્તિઓને સહિષ્ણુતાપુર્વક વેઠી માર્ગને કાપે છે. એક દિવસ વડલાના ઝાડ તળેથી બે આમ્રફળો મળી આવે છે તે આમ્રફળો કેવાં મહાપ્રભાવિક છે તેનું રહસ્યભર્યું સ્વરૂપદર્શન આ લેખમાં રજુ થાય છે.

[ ૨ ]

પાલ, ગોપાલ બન્ને રાજકુમારો મંત્રીશ્વરની સલાહ મુજબ વન પ્રદેશમાં ચાલી નીકળ્યા. મનમાં અનેક સંકલ્પ-વિકલ્પો સાથે માર્ગ કાપે છે. સૂર્ય અસ્તાચલ ઉપર જઇ રહ્યો છે. અંધકાર પોતાનું સામ્રાજ્ય સ્થાપવાની શરૂઆત કરે છે ત્યારે બન્ને રાજકુમારોએ એક ઘટાટોપ વડના ઝાડ તળે રાત્રિ પસાર કરવાનો નિર્ણય કર્યો. રજની પોતાની સાહેલીઓ સાથે કલ્લોલ કરી રહી હતી. બન્ને રાજપુત્રો અલ્પ નિદ્રામાં સૂતા હતા.

વડલાના ઝાડ પર શુક અને શુકી સ્વભાષામાં વાર્તાલાપ કરી રહ્યાં છે; તે વાર્તાના કલબલાટથી પાલકુમાર જાગી ઉઠયો. શુકીએ શુકને કહ્યું કે,

"આ નીચે પડેલા બે આમ્રફળો ખાવાથી મનુષ્યને શું લાભ થાય?"

"પાકું ફળ ખાનાર ત્વરાથી રાજ્યનો સ્વામી બને અને કાચું ફળ આરોગનારને રાજ્ય મેળવવામાં આપત્તિઓ નડે."

"પણ રાજ્ય તો મળે ને?"

"હા, રાજ્ય તો મળે પણ આપત્તિઓમાંથી પસાર થવું પડે."

"ઠીક ત્યારે, આ બે ફળો કોઇ યોગ્ય આત્માને આપવાથી આપણને પણ પરોપકારનો પ્રસંગ સાંપડશે. આ નીચે સૂતેલા કોઈ બે માનવીઓ આપત્તિમાં સપડાએલા લાગે છે અને કોઈ રાજકુમારો હોય તેમ લાગે છે, તો તેને જ આપીએ તો કેમ?"

"બરાબર છે. એ રાજપુત્રો છે પણ એ કોઈ મહાદુઃખમાં ઘેરાયેલા છે અને એથી જ આ વડલાની નીચે આવી સુતેલા છે."

બન્ને આમ્રફળો રાજકુમારોને આપ્યાં. ગ્રહણ કરતાં પાલે પૂછયું કે,

"આ આમ્રફળ અમને શું ફળ આપશે?" શુકે કહ્યું કે,

"એનો મહિમા અદ્વિતીય છે."

"તમને આ ફળો કયાંથી મળ્યાં?"

"તે ફળોનું મહાત્મ્ય અને અમને કેવી રીતે મળ્યાં તેનું રહસ્ય ભર્યું વર્ણન હું આપને જણાવું છું." આ પ્રમાણે શુકે કહ્યું.

"લવણસમુદ્રમાં સર્વર્તુક નામનો દ્વિપ છે. તેમાં ઉંચાં ગિરિશૃંગોથી શોભનિક શ્રીરંગ નામે પર્વત છે. તે પર્વત ઉપર આમ્રફળોથી લચી રહેલું પ્રભાવિક ઝાડ છે. તે દેવતાઓથી સેવિત છે. પૃથ્વી તળ પર વિહરતા માનવીને દૈવીક પ્રભાવથી પ્રાપ્યકારી છે."

"પણ તમે આ બે ફળોને કેવી રીતે હાથ કર્યાં" પાલે પૂછયું.

"અમે ત્યાં ક્રિડા કરવાને ગયાં હતાં ત્યાં બે વિદ્યાચારણમુનિ બેઠા હતા. નિરવશાંતિ જાણી લઘુમુનિએ વડીલમુનિને પૂછયું કે,"

"આ આમ્રવૃક્ષ કેવા પ્રભાવવાળું છે?"

---

ન્હોતી વરસી, તેમજ **હું જ પાત્ર** છું. જેથી સમયસારની પરંપરા **હું જ** સાધી શકું છું, અને મેં આજે તેને અખંડ રીતે સાંધી છે. બીજા કોઇમાં તે તાકાત નથી, ખુદ ટીકાકાર પંડિત જયચંદ્ર કે અમૃતચંદ્ર કોઇમાં તે શક્તિ નથી. તમારા જેવા મુમુક્ષુઓના મહાભાગ્યે આજે આ ભૂમિપર તમારો ઉદ્ધાર કરવા, અરે કુંદકુંદસ્વામીના સમયસારનો ઉદ્ધાર કરવા મેં અવતાર લીધો છે.' ભલભલા જ્ઞાનીઓને સંયમી મહાપુરૂષોને ઘડીના છઠ્ઠા ભાગમાં ઠેઠ નીચે ગબડાવી પાડનાર માનાભિલાષા તેમજ ઋદ્ધિગારવના ચેપી રોગથી પીડાઈ રહેલા કાનજીસ્વામીનો આત્મા કેટ-કેટલા બાલીશ ખ્યાલોમાં રાચી રહ્યો છે!'

**હા;** પ્રભો! એમને કોઇ બચાવો!

**મહત્ત્વાકાંક્ષા!** તારા પાપે, આજે સમસ્ત સંસારમાં જે અંધાધુંધી ફેલાઇ રહી છે તેનો જ આ એક કમનશીબ નમૂનો નહિ તો બીજું શું?

"પ્રભાવ અચિંત્ય અને અલૌકિક છે." વડીલ મુનિએ કહ્યું.

"કૃપા કરી મને તે જણાવો!"

"સાંભળ ત્યારે! આ આમ્રવૃક્ષનાં પાકાં ફળો ખાનાર પાંચ દિવસમાં રાજ્યનો સ્વામી બને અને અપકવ ફળો ખાનાર પાંચ આપત્તિઓને વેઠ્યાપછી રાજ્યને મેળવે.

"એ આમ્રફળો મળી શકે કે નહિ?"

"મેળવવામાં મોટી મુશ્કેલી છે."

"એવી મોટી શું મુશ્કેલી છે?"

"ધડથી મસ્તકને જુદું કરવું પડે છે."

"માનવી પોતાના મસ્તકને ઉતારી તેનું અર્પણ કરે અને ત્યાર પછી જો ફળ મળતું હોય તો તે શું કામનું?"

"ના, એમ નથી. કોઇ હિંમતથી મસ્તકનું અર્પણ કરે તો તે આમ્રવૃક્ષનાઅધિષ્ઠાયક દેવના દૈવિ પ્રભાવથી ધડ સાથે મસ્તક જોડાઈ જાય છે અને તે દેવ કાચું અને પાકું એમ બે ફળો આપે છે.

આ સંવાદ કોઈ ગુપ્ત વિદ્યાધર સાંભળી ગયો. તેણે વિદ્યાચારણ મુનિના વચન ઉપર શ્રદ્ધા રાખી, હિંમતનો સાથ લઈ પોતાના મસ્તકનું સમર્પણ કર્યું. વૃક્ષના અધિષ્ટાયક દેવે બે આમ્રફળો (એક કાચું અને એક પાકું) બદલામાં આપ્યાં. અને દેવના પ્રભાવથી પોતે હતો તેવો ને તેવો બની ગયો. દેવ અદશ્ય થયો.

વિદ્યાધરને બે ફળોની પ્રાપ્તિ તો થઇ પણ જ્યાં ભાવિના ગર્ભમાં જુદું હોય છે ત્યાં કાંઇ જુદું બનવા પામે છે. વિદ્યાધરનો શત્રુ બીજો કોઈ વિદ્યાધર ત્યાં ચડી આવ્યો. બન્નેનું તુમુલ યુદ્ધ થયું. યુદ્ધમાં બે ફળોને મેળવનાર વિદ્યાધર ખપી ગયો. શત્રુ વિદ્યાધરે શસ્ત્રાદિ ગ્રહણ કરી, ફળોને સમુદ્રમાં ફેંકી દીધાં. તે બન્ને ફળોને અમે ત્યાંથી ઉઠાવી લઇ પરોપકાર બુદ્ધિથી તમને અર્પણ કર્યાં છે આ પ્રમાણે શુકે ફળોનો ઇતિહાસ જણાવી, શુક-શુકી આકાશ માર્ગે ઉડી ગયાં.

પાલે વિચાર કર્યો કે, હજુ વિધાતાની અમારા ઉપર મોટી મહેર છે, જેથી આ બે મહાપ્રભાવિક આમ્રફળો અમને મળ્યાં.

ઉષા પ્રગટવાની તૈયારી હતી. પક્ષીઓ પોતાના આવાશથી ઉડી, દાણો ચણવા માટે તૈયારી કરી રહ્યાં હતાં, સૂર્ય, રશ્મિઓને પૃથ્વી પર પાથરવાની તૈયારી કરતો હતો તે અરસામાં બન્ને બાંધવો ત્યાંથી આગળ વધ્યા. જતાં જતાં એક સરોવરપાસે આવી પહોંચ્યા. શૌચ, સ્નાનાદિથી પરવારી આરામ લેવા ત્યાં બેઠા.

બે ફળો જે પ્રાપ્ત થયાં છે તેમાંથી પકવ ફળ પોતાના ગોપાલ બન્ધુને આપ્યું, પાલ પોતે સ્વાર્થી ન હતો. પોતે જાણતો હતો કે, પકવ ફળ ખાવાથી રાજ્યની જલ્દી પ્રાપ્તિ થશે, છતાં બાંધવ પ્રેમથી આકર્ષાઈ પકવ ફળ પોતાના બન્ધુને આપ્યું અને અપકવ ફળ પોતે આરોગ્યું. વર્તમાન જેવી પરિસ્થિતિ ન હતી કે, પોતાના પેટ-પટારા ભરાવા છતાં પોતાના સગા બન્ધુને દુઃખી જોઇ શકે.

બાંધવ જોડી ફળને આરોગી, ઉપર પાણીનું આચમન કરી ત્યાંથી પણ આગળ વધ્યા. માર્ગ કાપવામાં આખો દિવસ પસાર કર્યો, રાત્રિ પડવાની તૈયારી થવા લાગી, રાત્રિ પસાર કરવા માટે એક મોટા ઝાડની નીચે પડાવ નાંખ્યો. બન્ને સૂતા છે. રાત્રિનો લગભગ એક વાગ્યો હશે, આકસ્મિક રીતે પાલ કોઈ બૂમરાણથી જાગી ઉઠયો, અને મુખમાંથી શબ્દો સરી પડ્યા કે,

"આ શું? વનવગડામાં કોઇ બૂમ પાડતું લાગે છે."

"અરે! મને કોઈ બચાવો! બચાવો!!"

આ શબ્દો સાંભળી પાલકુમાર જે દિશામાંથી શબ્દો આવતા હતા તે દિશા ભણી ચાલ્યો, આગળ જતાં એક સર્પે દેડકાને ગ્રસેલો જોયો, પાલે દેડકાને કહ્યું કે,

"દુઃખી એવા આ દેડકાને તું છોડી દે!"

"હું મારા ભક્ષણને કેમ છોડું?"

"તું કોઈ બીજું ભક્ષણ કરજે. તારી ભૂખ સમાવવા કાજે કોઇ બીજો રસ્તો લેજે."

"મારા માટે બીજો રસ્તો કયો હોય? મારી અમર્યાદિત ભૂખ સમાવવા માટે બીજો કોઇ ઉપાય અહીં નથી."

"તું ઘડીભર ભૂખને સહન કર! પણ આ જીવને તું અભયદાન આપ અને મહાન પુણ્યને મેળવ!"

"આ બધી ડાહી વાતો ભરેલા પેટે થાય છે. પણ **क्षुधार्तो किं न करिष्यति ?**"

"તારી વાત સત્ય હશે પણ દેડકાને અભયદાન આપીશ તો પરલોક તારો સુખી હશે."

"તારૂં કહેવું ઠીક છે પણ મારી ભૂખનું શું થાય?"

"તારી ભૂખને શાંત કરવા કાજે હું મારૂં માંસ આપું છું પણ દેડકાને તું છોડી દે!"

સર્પે દેડકાને છોડી દીધો અને પાલ પાસે ભક્ષણની માંગણી કરી, પાલે પોતાની જાંઘમાંથી માંસ કાપી આપ્યું અને કહ્યું કે,

"લે! તારી ભૂખને સમાવ!"

"પણ આટલેથી મને ભૂખ નહિ મટે!"

"લે! વધારે આપું."

"આટલેથી પણ મને સંતોષ નહિ થાય."

"તો મારૂં આખું શરીર તને અર્પણ કરૂં છું."

દેવે સર્પનું રૂપ લીધું હતું, સર્પનું રૂપ તજી દેવ રૂપે પ્રગટ થયો અને કહ્યું કે,

"પાલ! તને ધન્ય છે.!"

"ધન્ય હોઉં કે ન હોઉં પણ મારી ફરજ હતી કે, આપત્તિમાં આવી પડેલા જીવને પોતાના ભોગે રક્ષણ કરવું."

"મેં તો આપની પરીક્ષા કરવા ખાતર આમ કર્યું હતું."

"તમે ગમે તે કારણસર કર્યું હોય પણ મારે તો મારી આંખ સામે થતી હિંસાને અટકાવવી જોઇએ.

"પાલ! સંકટના સમયે તું મને સંભારજે!"

દેડકાનો જીવ પણ દેવ હતો તેને પણ પોતાનું રૂપ તજી પાલને કહ્યું કે,

"પાલ! ખરેખર તું ગુણી છે. હું તારા પર પ્રસન્ન છું. જરૂર પડે તું મને સંભારજે." આ પ્રમાણે કહી તે દેવ પણ સ્વસ્થાનકે ચાલી જવા અદૃશ્ય થયો.

પાલકુમાર પણ ગોપાલ પાસે આવી પહોંચ્યા. રાત્રિ પણ પુરી થઇ, પ્રભાત થતાં બન્ને બન્ધુઓ ત્યાંથી પણ આગળ વધ્યા. જતાં જતાં એક તામ્રલીપ્તિપુરી નામે નગરી આવી. એક સુંદર ઉદ્યાન હતું ત્યાં પડાવ નાંખ્યો. ક્ષુધાનો સમય પણ થઇ ગયો હતો. પાલ ભોજન મેળવવા માટે શહેરમાં ગયો.

પાલકુંવર જે નગરીમાં ભોજન લેવા ગયો છે, તેજ નગરીનો રાજા મરણ પામ્યો છે. પાછળ કોઈ ગાદી વારસ પુત્ર નથી. એટલે પ્રધાન મંડળે પંચદિવ્ય પ્રગટાવ્યાં. હસ્તિએ ઉદ્યાનમાં આવી, પકવ આમ્રફળ ખાનાર ગોપાલ કુમાર પર કળશનો અભિષેક કર્યો. મંત્રીએ પૂછ્યું કે,

"આપનું નામ શું?" ગોપાલે પોતાનું નામ છૂપાવી પોતાના બાંધવનું નામ આપતાં કહ્યું કે, "મારૂં નામ પાલકુમાર,"

ગોપાલ વિવેકી હતો એટલે સમજતો હતો કે, રાજ્યનો માલિક થવાને મારો વડિલ બાંધવ પાલ જ યોગ્ય છે.

કુમારને હસ્તિ ઉપર બેસાડી, શહેર પ્રવેશ કરાવ્યો. અને રાજ્યની લગામ પોતે હાથમાં લીધી.

આ બાજુ પાલકુમાર ભોજન લઈ ઉદ્યાનમાં આવે છે ત્યાં તો પોતાના બન્ધુનાં દર્શન ન થતાં ચોતરફ તપાસ કરી પણ ઉદ્યાનમાં હોય તો જડેને? હૃદય દુઃખથી ભરાઇ આવ્યું. અરે! મારો ભાઇ ક્યાં ગયો હશે? મને એકલો મૂકીને કેમ ચાલી નીકળ્યો હશે? અથવા તો શું કોઈ ઉપાડી ગયો હશે? એમ વિચાર વમળમાં અટવાયા કરતો, પાલ મૂર્ચ્છાગત થયો. પાલકુમારનો શોર–બકોર સાંભળી ઉદ્યાનનો માળી ત્યાં આવી પહોંચ્યો.

તેણે ચોર માની પાલકુમારને બંધનવડે બાંધ્યો. પાલકુમારે મૂર્ચ્છા ઉતારતાં માળીને પોતાનું દુઃખ વ્યકત કર્યું. માળી પણ સમજ્યો કે, આ ચોર નથી પણ કોઇ વટેમાર્ગુ છે. નાહક મેં હેરાન કર્યો. અપરાધના પ્રાયશ્ચિત તરીકે પાલને માળી પોતાના ઘેર લઈ જઈ સ્વાગત કર્યું. પાલકુમારને પાંચ આપત્તિઓ આવવાની છે તેમાં પહેલી આપત્તિમાંથી પસાર થાય છે. બાકીની આપત્તિઓ કેવા પ્રકારની આવે છે તેના માટે આગામી અંક જુઓ!

# નવી નજરે

### શ્રી નિરીક્ષક

ગંભીર પણ કટાક્ષ ભરી રમુજી શૈલીયે દેશ-પરદેશના બની રહેલા તાજા બનાવોને 'શ્રી નિરીક્ષક' આ મથાળા હેઠળ ટીકા-ટીપ્પણપૂર્વક મૂકે છે.

'દેશભરમાં હડતાલનું મોજું ઉછળી રહ્યું છે. તાર-ટપાલ ખાતાના કામદારોથી માંડી મુંબઇના ઘર ઘાટી અને રસોઇઆ મંડળ પણ હડતાળ પર ઉતરી ચૂક્યા, આંબેડકરવાદી હરિજનો વળી સત્યાગ્રહના નાવે ચઢી ગયા છે. અધુરામાં પુરૂં કેટલાક કામદાર આગેવાનોએ ઉપવાસનું શસ્ત્ર અજમાવવા માંડયું છે.' [ એક ખબર. ]

**महाजनो येन गतः सपन्थाः—** મહાજન જ્યાં જાય એ માર્ગ, એમાં શું ખોટું છે? ગાંધીજીએ આ હડતાળ, ઉપવાસ અને સત્યાગ્રહનો માર્ગ શોધી દેશને દોરવણી આપી એટલે પ્રજા તો મહાજનના માર્ગે જ જાયને?

'મુસ્લીમ લીગના સરનશીન જીણા સાહેબ હવે ૭૦ વર્ષની વયે જેલ જીવનનો અખતરો કરી રહ્યા છે, અને સુંવાળી રજાઇની શય્યા ત્યજી દઇ ભોંયપર ચટાઈ પાથરી સૂઈ રહેવાની ટેવ પાડી રહ્યા છે.' [ ઑરીયેન્ટલ પ્રેસના સમાચાર ]

વાહ, એ દિવસ જો નજીક આવ્યો તો હિંદની આઝાદી હાથમાં જ છે. આઝાદીની વેદી આવા બત્રીશ લક્ષણાની આહુતિ માંગે છે. તે જરૂર હવે આહુતિ મળી જશે. એવા સમાચાર સાંભળવા હિંદમૈયા આતુર છે કે, વતનની ખાતર ઝીણા જેલના સળીયા પાછળ ધકેલાયા તો બસ બ્રિટીશ સામ્રાજ્યને હિંદમાંથી ઉચાળા ભરે જ છૂટકો!

લીગ કાઉન્સીલે લોકપ્રતિનીધિ સભાને છેલ્લી સલામ ભરી દીધી છે. અને ૪૨ ની ચળવળ કરતાં વધુ ઉગ્ર લડતની તૈયારી ગુપ્તપણે ચાલુ થઈ રહી છેઃ—એ. પી.

'પણ આ લડત, સરકારની સ્હામે નહિ હોય પણ કોંગ્રેસ સ્હામે રહેશે' એ હકીકત ગુપ્તપણે જાણવા મલી છે. એટલે જ ગોરી સામ્રાજ્ય શાહીને હજુ હિંદુસ્તાનની ધરતીપર આ બન્નેની લડતને વધુ વેગ આપવા માટે રોકાણ કરવાની કદાચ જરૂર પડે. કારણ કે **परोपकाराय सतां विभूतयः**

'પેરીસમાં મળેલી સુલેહ પરિષદમાં રશિયાના વિદેશ મંત્રી મોં. મોલોટોયે જાહેર કર્યું છે કે, 'હવે સ્પેનની પ્રજાના લોકશાસનવાદની ખાતર આપણે બધાએ સ્પેનના સરમુખત્યાર ફ્રાન્કોની સત્તાને ઉખેડી નાખવી જોઇએ'--રોઇટરનો બાતમીદાર

કેવળ પ્રજાશાસનવાદ માટે લડનારા આ સામ્રાજ્યવાદી મુત્સદ્દી પુરૂષો ધોળે દિવસે જગતની આંખમાં કેટ-કેટલી હુંશીયારીપૂર્વક ધૂળ નાંખી રહ્યા છે; આ લોકોને સામ્રાજ્યવાદ સ્થાપવો છે. અને હીટલરની જ નાઝીવાદી રમતો રમવી છે, માટે તો જીતેલા દેશોની સંપત્તિના શિકારની હજી વ્હેંચણી પૂરી કરી શકતા નથી. ત્યાં તો સ્પેનમાંના શિકાર સ્હામે તેમની નજર બગડી છે. મરેલાના મડદા પર ઉજાણી કરનારા આ ઉજળી સંસ્કૃતિના ઇજારદારો! વાહ ક્રોડો નમસ્તે તમારી સંસ્કૃતિને.

મુંબઇની ધારાસભામાં શ્રીલીલા મુન્શીએ એક પત્નીની હયાતિમાં બીજી પત્ની કરનાર પતિ દેવોને જેલની હવામાં ધકેલવાની જોગવાઇ કરતો ખરડો લાવવાની તૈયારી કરી છે,-મુંબઇ સમાચાર.

પણ વફાદાર પતિ દેવોને રખડતા તેમજ રઝળતા મૂકી મનમાન્યા ઉપપતિની સાથે સુંવાળા સહચાર કરનારી આજની કેળવાયેલી શિક્ષિત સન્નારીઓને (?) માટે કોઈ કાયદો ઘડવાની તૈયારી શ્રીમતી લીલાવતી મુનશી કરવાના છે કે નહિ? એમ આજે પુરૂષ વર્ગ તરફથી પૂછાઇ રહ્યું છે.

**શાહ** એન્ડ મહેતા પ્રોડક્ષન તરફથી શ્રીપાલ ચરિત્રની જે ધાર્મિક ફીલ્મ રજૂ થવાની હતી તે કાર્ય, જૈન જનતાની વ્યાજબી અને પ્રમાણિક લાગણીને માન આપી તેઓએ પડતું મૂકયું છે.

**જૈન** જનતા તરફથી શતશઃ ધન્યવાદ; પણ આપણા શ્રીયુત પરમાણંદ કાપડીયા મહાશય અને પ્રજાબંધુવાળા શ્રી સાહિત્ય પ્રિયને આ માઠા સમાચારથી અનાજનો કોળીયો પેટમાં ઉતરશે કે કેમ? જૈન સંસ્કૃતિના પ્રચારની એમની ઉદ્ધાર (?) ભાવનાઓનું હવે થશે શું?

**નાગપુરની** પ્રાન્તિક કોંગ્રેસ સરકારે, પોતાના મધ્યપ્રાંતમાં શ્રીમહાવીર જયંતિના દિવસને જાહેર તહેવારના દિવસ તરીકે સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કર્યો છે. —મુંબઈ સમાચાર ખબરપત્રી.

હવે આપણી મુંબઈની પ્રાંતિક કોંગ્રેસ સરકારની આગળ મુંબઈ પ્રાંતના મહાસભાવાદી જૈનો મહાવીર પ્રભુની જયંતિના દિવસને જાહેર તહેવાર તરીકે પ્રસિદ્ધ કરવાની કયારે માંગણી મૂકે છે તે જોવાનું રહે છે! એમ કરવામાં કદાચ આપણા ગૂજરાતના ચુસ્ત રાષ્ટ્ર વાદી જૈનોને સંપ્રદાય વાદની ગંધ આવતી હોય તો કોણ જાણે!

'હાલની ફીલ્મી દુનિયા એટલે ઉજળા ઠગોની એક ભ્રામકસૃષ્ટિ છે, અને હાલની ફીલ્મો દેશના યુવાનોના જાહેર દુશ્મન નંબર ૧ ની ગરજ સારે છે. હાલના નૈતિક અધઃપતન તેમજ યુવાનોના માનસની વિકૃતિ માટે ફીલ્મો જ જવાબદાર છે'—સંસ્કાર મંડળના આશ્રયે મળેલી જાહેરસભામાં એડવોકેટ છોટાલાલનું ભાષણ.

આ ગ્રેજ્યુએટ શિક્ષિત અનુભવી એડવોકેટનો સાચો અને નીડર અભિપ્રાય, આજના ફીલ્મી ઘેલા અને પેમી-પ્રેમલાની બારાખડી ગોખનારા રમતીયાળ જુવાનોને નહિ ગમે પણ, આપણા દેશને પાયમાલી તેમજ નીતિ નાશના માર્ગે, આંધળીયા કરી દોરી જનાર જો કોઇ પાપ હોય તો આ ફીલ્મીસ્તાનનો ચેપી રોગચાળો છે.

'હાલના ચલચિત્રો તદ્દન વિકૃત અને જાતીય લાગણીને ગલગલીયા કરનારાં પીટ કલાસ ચિત્રો છે.' —શંકર પંડયા નવીરોશની (મુંબઇ) અઠવાડિકના તંત્રી

પણ આજના કેળવાયેલા યુવાનોને આવી જાતીય લાગણીઓને ઉશ્કેરનારૂં સાહિત્ય અને તેનાં જેવાં દૃશ્યો; આ બધું ગમી ગયું છે. ભારતવર્ષની પવિત્રભૂમિ આજે આટ-આટલી સંકટગ્રસ્ત અને અંધાધૂંધીની ઝેરી હવાથી ગુંગળાતી કેમ બની છે? એ જ કારણ; તે ભૂમિનાં નવ લોહીયા સંતાનો વિલાસ, અનાચાર, દંભ અને અત્યાચારના અનૈતિક માર્ગે ઘસડાઈ રહ્યા છે. હા! આ લોકોને કોઈ બચાવો!

'આજની કોલેજો જેલખાના જેવી છે, જેલખાનાઓ તો મેં ઘણા જોયા, પણ આવા જેલખાનાઓ મેં કયાંએ જોયા નથી, આમાંથી બહાર નીકળનારો ૯૫ ટકા ભાગ એવો હોય છે કે, જેને જોઇને આપણને આપણી મૂડી વેડફાઈ ગયેલી લાગે છે. હાલની કેળવણી,આંખવાળા માણસોને આંધળા બનાવી દેનારી છે' —સરદાર વલ્લભભાઇ

ઉપાશ્રયની ચાર દિવાલની વચ્ચે બેસીને ઉપદેશ આપનારા આપણા જૈન ધર્મગુરૂઓ ગઇકાલ સુધી આવું કહેતા હતા, ત્યારે કહેનાર અને સાંભળનાર બન્નેને ૧૪ મી સદીમાં જીવનારા બાવા આદમના જમાનાના માણસો કહીને હસી કાઢનારા આપણા જૈન ગ્રેજ્યુએટ ભાઈઓના ચરણમાં સાદર સમર્પણ; હિંદી રાષ્ટ્રીય મહાસભાના લોખંડી પુરૂષ તરીકે માન પામનારા દેશનેતા સરદાર વલ્લભભાઈએ તાજેતરમાં તા. ૧૩ મી જુલાઇ ૪૬ ના દિવસે મુંબઈની એક જાહેરસભામાં આજની શિક્ષણ પદ્ધતિને ઉઘાડી કરી, આ રીતે ઓળખાવી દીધી છે. જૈન સમાજના કેળવણી ઘેલા શિક્ષણ પ્રેમીઓની આંખો હવે ઉઘડશે ખરી કે?

બ્રીટનના પાસપોર્ટ અધિકારીએ સત્તાવાર જાહેર કર્યું છે કે, 'જેઓએ પરદેશની દરીઆઇ મુસાફરી કરવી હશે તેઓ પોતાની પત્નીની લેખિત પરવાનગીનો પત્ર બતાવશે તો જ સ્ટીમરમાં બેસવાનો પાસપોર્ટ મળશે. આ અધિકારીએ કારણ તરીકે જણાવ્યું છે; પોતાની અહિંની સ્ત્રીઓને રખડતી મૂકીને બ્રીટનના યુવાનો પરદેશમાં કેવળ નવી સ્ત્રીઓની સાથે પ્રેમ કરવા જાય છે. –રૂટર

**રે ગોરી સભ્યતા! હિંદની પ્રાચીન પ્રજાએ હજુ પણ ચેતી લેવાની જરૂર છે. પાશ્ચાત્ય સંસ્કૃતિની પાસે આ સિવાય બીજું છે શું? કેવળ વિલાસ, સ્વચ્છંદાચાર અને જડવાદ આજ વારસો પશ્ચિમની પ્રજા પાસે છે.**

મુંબઇના એક દવાના વ્યાપારીએ તાજેતરમાં એક ફરિયાદ 'જન્મભૂમિ' પત્રનાં તંત્રીને લખી મોકલી છે જેનો ટુંકમાં સાર આ પ્રમાણે છે. તેઓ જણાવે છે કે,

'હું દરેક જાતની દવા વિલાયતી તેમજ દેશી અને સંતતિ ન થવાના બનાવટી રબરી સાધનો રાખું છું. સંતતિ ન થવાના રબરી સાધનોનો એટલો બધો ખપ થાય છે કે, થોડાક જ વખતમાં માલ ખલાસ થઇ જાય છે. અને આ માલનો ખપ ખાસ કરીને ૯૫ ટકા જેટલો કોલેજમાં ભણતા નવયુવાનો અને યુવતીઓમાં થાય છે. અને કોલેજમાં ભણતાં આ યુવાનો અને યુવતીઓ ખાનદાન ઘરના હોવાનો અમારો અંદાજ છે.'

**કોલેજમાં શિક્ષણ લેતા ખાનદાન કુલના યુવાનો અને યુવતીઓ આજે કયા માર્ગે વળી રહ્યા છે? એનો જવાબ મુંબઇના આ પરગજુ દવાના ભલા વ્યાપારીના નિવેદનમાંથી મલી રહે છે. તો વ્યાપારી દેશની મૂડી ગણાતા યુવક વર્ગની ગંભીર પરિસ્થિતિની ચિંતા કરતાં કહે છે કે, 'આપણા આ કિશોરો અને યુવતિયો અધોગતિના પંથે જતા હોય એવો અમને ભય છે.' પણ એ વ્યાપારી ભાઈ! આપણને જેનો ભય લાગે છે તેને આ લોકો સુધારો માને છે. એટલે આ સુધરેલા સંસારનો સડો કયાં જઈને અટકશે એનો ચોક્કસ જવાબ આજ પછીની આવતી કાલ આપશે. અત્યારે આપણું ડહાપણ શું કરવાનું?**

## નવા વર્ષમાં નવા થયેલા સભ્યો

| રૂા. | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૧) | શેઠ ફુલચંદ પરસોતમદાસ તંબોલી | જામનગર |
| ૧૦૧) | શેઠ ત્ર્યંબકલાલ છગનલાલ | વઢવાણકેમ્પ |
| ૫૧) | ,, શ્રી ચતુરદાસ નગીનદાસ | બેલગામ |
| ૫૧) | ,, ભોગીલાલ બબલદાસ | મહેસાણા |
| ૨૧) | શ્રી દામજીભાઈ પદમશી | દાદર |
| ૨૧) | ,, મોતીચંદ ગીરધરલાલ | મુંબઈ |
| ૨૧) | ડો. લલુભાઈ છગનલાલ | રાજકોટ |
| ૨૧) | શેઠ છોટાલાલ માણેકચંદ | મોરબી |
| ૨૧) | ,, હીરાચંદ પરસોતમદાસ | રાજકોટ |
| ૨૧) | શ્રી સેવા સમાજ વાંચનાલય | ટંકારા |
| ૨૧) | શેઠ માનસંગ મંગળજી | જામનગર |
| ૨૧) | શ્રી ટી. વી. શેઠ | આફ્રીકા |
| ૨૧) | શેઠ કપુરચંદ હિંમતમલ | અમદાવાદ |
| ૨૧) | ,, મનુભાઈ રવચંદ ભાઉ | ,, |
| ૧૧) | શ્રી ચંદુલાલ કાળીદાસ | ધીણોજ |
| ૧૧) | ,, સાંકળચંદ દોલાજી ગાંધી | કોલ્હાપુર |
| ૧૧) | શેઠ હુકમીચંદ ડોંગાજી રાઠોડ | ,, |
| ૧૧) | ,, પોપટલાલ ડાયાભાઇ | લીંચ |
| ૧૧) | ,, અમૃતલાલ કાળીદાસ | ,, |

# લોકકહેવતોમાં સુભાષિતો:

[ ગતાંકથી ચાલુ ]

**सद्गुरुं ये परित्यज्य, भजन्ते कुगिरं गुरुम् ;**
**चिंतामणिं परित्यज्य, काचमाददते जडाः ४३**

સદ્ગુરૂનો ત્યાગ કરીને જે લોકો દુષ્ટ-અશુભ ઉપદેશને દેનારા ગુરૂને આરાધે છે તે લોકો ચિંતામણીનો ત્યાગ કરીને કાચને ગ્રહણ કરે છે. ૪૩

**यद्वचो धर्मनाशाय, तद्वचो वक्तिक सुधीः**
**यत्स्वर्णं कर्णनाशाय, यथा तत्को निषेवते ? ४४**

જે વચન ધર્મના નાશને માટે થાય તેવું વચન કયો બુદ્ધિશાળી પુરૂષ બોલે ? જે સોનું કાનનો નાશ કરે તે કોણ પહેરે ? ૪૪

**लोकहास्य भयात्किम् स्यात्, स्वकीयाचार मोचनम् ?**
**षट्पदीभयतो यद्वच्चीवरस्य, विमोचनम्. ४६**

લોકના હાસ્યથી પોતાનો ઉચિત આચારને શું મુકી દેવો ? આ તો જુના ભયથી વસ્ત્રોને ત્યજી દેવા જેવું કહેવાય ! ૪૫

**सम्यग्दृशां गता शङ्का, परेषां वदतां मिथः,**
**शृंगेण शृंखलोत्तारोऽपरेषां युध्यतां मिथः ४६**

અન્ય મિથ્યાત્વીજીવોની સાથે વાદ કરતાં સમ્યગ્દૃષ્ટિ આત્માઓને શંકા નાશ પામે તો સમજવું કે, બીજાઓની સાથે પરસ્પર લડતાં સીંગડાથી સાંકળ ઉતર્યા જેવું બન્યું. ૪૬

**मिथ्यादृशां क्रिया नैव, श्लाघ्या सम्यक्त्व धारिणाम्,**
**गृह योग्या न यात्रा सा, यथा सन्मार्गगामिनाम् ४७**

સમ્યગ્દૃષ્ટિ આત્માઓ, મિથ્યાત્વી જીવોની પ્રવૃત્તિઓની પ્રશંસા કરતા નથી કારણ કે, સન્માર્ગમાં રહેલાઓને યાત્રા એ કાંઈ ઘર બેઠા થતી નથી. ૪૭

**मर्दयित्वोदरं तेन, शूलमुत्पादितं स्वतः,**
**विधाय संगतिं मूढैः, सम्यक्त्वं मलिनीकृतम्**

જેણે મૂઢલોકોની સાથે સોબત કરીને પોતાના સમ્યકત્વ રત્નને ઈરાદાપૂર્વક મલીન કર્યું છે તેણે પેટચોળીને પોતાની મેળે શૂળની પીડા ઉભી કરી છે. ૪૮

**क्षायिक सम्यग्दृष्टे र्निर्मल वृत्तेश्च मनसि न कदापि,**
**संदेहो जिनवचने भवति श्यामत्वमिव हेम्नि.**

નિર્મળવૃત્તિવાળા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટી જીવને શ્રી જિનેશ્વરદેવનાં વચનમાં કદીપણ સંદેહ હોયજ નહિ. કારણ કે, સોનામાં કાળાશ હોતી નથી. ૪૯

**कुग्रहान्मार्गमुत्सृज्योन्मार्ग गामिनि बोधनम् ,**
**मृतिकाया घटे पक्के, भग्ने कण्ठाधिरोपणम् ५०**

કદાગ્રહથી માર્ગને ત્યજી, જેઓ ઉન્માર્ગ-ગામી માર્ગને જાણવા ઇચ્છે છે, તેઓ સાચે માટીના પાકા ઘડાના ભાંગેલા કાંઠાને ગળે વળગાડે છે (?) ૫૦

**यथा नृपसुताः क्रीडायोग्याः कार्या न दुःखिताः**
**जैन वेषधरा वन्द्या, नैव निन्द्या बुधैस्तथा. ५१**

જૈનસંપ્રદાયના વેષધારણ કરનારા આત્મા-ઓને, ડાહ્યામાણસોએ વંદન કરવું જોઇએ, પણ તેઓની નિંદા કદિ ન કરવી, ક્રિડાયોગ્ય પણ રાજપુત્રો એ અવહીલનાને યોગ્ય નથીજ. ૫૧

**औत्सुक्येन यथा नाम्रफलपाकः कचिद्भवेत् ।**
**चारित्राराधनेनाशु, मोक्षः साक्षात्तथैव च. ५२**

ચારિત્રની આરાધનાથી એકદમ સીધું મોક્ષ મળતું નથી. ઉતાવળ કરવાથી આંબો જલ્દિ ન ફળે ! ૫૨

**संयतासंयतानां च, संयोगो गुणवर्जितः**
**वेश्यादिक्पटयोः सार्थ,इव शोभावहः कथम् ?५३**

અસંયમી અને સંયમી આ બન્નેનો ગુણ-હીન સંયોગ, એ કઈ રીતે શોભા આપનારો બને ? વેશ્યા અને નગ્ન માણસ એ બન્નેનો સાથ શું શોભે ખરો કે ? ૫૩

૫૦ મુનિરાજશ્રી મહિમાવિજયજી મ૦
જૈન ઉપાશ્રય : નંદરબાર

## વર્તમાનયુગમાં બાળ માનસને ધર્મના માર્ગ ભણી વાળવા માટે શું કરવું જોઈએ ?

# ધર્મમાં સ્થિરીકરણ :

પૂ. મુનિરાજશ્રી રૂચકવિજયજી મ૦

આજે ધર્મમાં સ્થિરીકરણની ખૂબ જરૂર છે. આજનો યુગ, આજના યુગનું વાતાવરણ, આજના યુગની હવા એટલા બધા ભયંકર છે કે, આજે આત્મધર્મમાં, આત્મધર્મની ક્રિયામાં અને આત્મધર્મને સાધવાના સુયોગ્ય સ્થાનોમાં આત્માને ટકવું એ બહુ કઠિન છે. જેમણે પોતાના જીવન માટેય આત્મધર્મની જરૂર માની નથી, એટલું જ નહિ પણ જેઓ ધર્મને હંબગ માને-પ્રચારે છે, તેવા જડવાદીઓ, મૂડીવાદીઓ, સામ્યવાદીઓ કે કહેવાતા સ્વાતંત્ર્ય પ્રેમીઓએ, આજના યુગનું વાતાવરણ એટલી હદે વિકૃત કરેલ છે કે, આજના યુગના વાતાવરણમાં બાળમાનસ ધરાવતા પ્રાણીઓને ધર્મના માર્ગમાં ટકવું જ મૂશ્કેલ બને. બાળ-માનસ ધરાવનારા પ્રાણીઓનો એવો સ્વભાવ હોય છે કે, તેઓ પરના આલંબનથી ચાલવાવાળા અને માત્ર બાહ્યઆકાર, સ્થિતિ કે વેષને જોવાવાળા હોય છે. એમની પાસે વિશિષ્ટ કોટિનો વિવેક પણ હોતો નથી. એમની આ સ્થિતિનો લાભ, આજના કહેવાતા યુગવાદીઓએ ખૂબ લેવા માંડયો છે. બાળમાનસ ધરાવતા પ્રાણીઓની એ સ્થિતિનો ખૂબ લાભ લેવામાં નશાખોર જેવા બનેલા યુગવાદીઓ એટલેથી જ અટકે છે એમ નથી, પણ તેઓએ એક ભાંડણનીતિનો આશ્રય પણ લીધો છે. એમની ભાંડણનીતિનો ઉપયોગ એઓ પોતા માટે કરે છે એવું નથી, પણ બાળમાનસ ધરાવતા પ્રાણીઓની સ્થિતિનો લાભ લેવામાં એમને જેઓ કાંટારૂપે લાગે છે એમની સામે કરે છે. એમના અંતરમાંથી એક અવાજ ઉઠે છે કે, જ્યાંસુધી 'ભગવાન શ્રી જિનેશ્વરદેવની કોઈરૂપે પણ હયાતિ, એમનું અર્થરૂપે જણાવેલ અને સૂત્રરૂપે ગૂંથાયેલ શ્રુતજ્ઞાન, એમની કલ્યાણ-કારિણી આજ્ઞા, એમના માર્ગના અનુયાયી

---

**संयमेन वियुक्तस्य, यद्वत्साधोः क्रियाविधिः**
**अधो नग्नस्य मर्त्यस्य, मस्तके मौलिबन्धनम्. ५४**

સંયમના મૂળમાર્ગથી પતિત એવા સાધુના અનુષ્ઠાનો, એ શરીરના નીચલા ભાગથી નગ્ન એવા પુરૂષે માથાપર મુગુટ પહેર્યો હોય તેની જેમ કેવળ વિડંબના રૂપ બને છે. ૫૪

**थूत्कृतेन यथाऽपूपकरणं नहि संमतम् ,**
**विना भावेन वेषस्य, धरणं तद्वदेव हि. ५५**

હૃદયની ભાવ વિના વેષને ધારણ કરવો એ થુંકથી થેપલા કરવા જેવી હકીકત છે. ૫૫

**सूपपूपे यथाऽऽरब्धे, तैलपानस्पृहा पुरा,**
**दीक्षायां गृह्यमाणायां, विशिष्या विषयस्पृहा.५६**

દીક્ષાને ગ્રહણ કરતાંવારજ વિષયોની અત્યંત અભિલાષા એ ઘીનાં પકવાન્ન બનાવતાં પહેલાંજ તેલ પીવાની ઇચ્છા કરવા જેવી મૂર્ખાઈ છે. ૫૬

**भावहीने क्रिया पुंसि, पुण्यहीने सुखस्पृहा,**
**चन्द्र ज्योत्स्ना दिने यद्वच्चूडा मुण्डितमस्तके ५७**

દિવસે જેમ ચંદ્રની કાન્તિ અથવા મૂંડાયેલા માથાપર જેમ ચોટલી શોભા રહિત થાય છે, તેમ ભાવ વિનાના પુરૂષની ધર્મક્રિયા અથવા પુણ્યહીન પુરૂષની સુખની ઇચ્છા એ શોભતી નથી. ૫૭

**कषायविषयैर्येन, संयमः शिथिलीकृतः**
**तेन मुक्ताफलं विद्धं, स्थूलेन मुशलेन किम्? ५८**

જેણે કષાય તેમજ વિષયોને વશ બની, પોતાનું ચારિત્ર શિથિલ બનાવી દીધુ છે, તેણે જાડા સાંબેલાથી કિંમતી મોતીને વીંધી નાખવા જેવી નિંદ્ય આચરણા કરી છે. ૫૮

અને પ્રચારક, આ જગતમાં અસ્તિત્વ ધરાવે છે ત્યાંસુધી જડવાદ, મૂડીવાદ, સામ્યવાદ કે કહેવાતો સ્વાતંત્ર્યવાદ લોકોના મગજમાં ભરી શકાશે નહિ, આથી આપણા આ કાર્યની આડે આવનારા એ તત્ત્વોને યેનકેન નાબુદ કરે જ છૂટકો. આ માટે ભગીરથ પ્રયત્નો કરવા પડે તો કરવા, નાણાં વેરવાં પડે તો વેરવાં, મનુષ્યના દૈહિક જીવનની જરૂરિઆતો પુરી પાડવી પડે તો પુરી પાડવી અને આટલેથી આપણા કાર્યની જો સિદ્ધિ ન થાય તો એ તત્ત્વો સામે ભાંડણનીતિનો ઉપયોગ કરી, એ તત્ત્વો પરની લોકોની શ્રદ્ધાને હચમચાવવી, આવું એ લોકો એટલી સફાઈપૂર્વક કરે છે કે, બાળમાનસ ધરાવનારા પ્રાણીઓના ખ્યાલમાં પણ ન આવે. જેઓ આસ્તિક છે. આત્મા, આત્મધર્મ, આત્મધર્મની ક્રિયા, આત્મધર્મને સાધવાને જરૂરી સુયોગ્ય સ્થાન વિગેરેમાં માનવાવાળા છે અને જગતના પણ આત્મકલ્યાણની જેઓના અંતરમાં ઈચ્છા છે તેવા ભાગ્યશાલી આત્માઓની આજના યુગમાં શી ફરજ છે? એ એમણે પોતે ખૂબ જ વિચારવા જેવું છે. જો કે, યુગ, વાતાવરણ, હવા વિગેરે એટલા ભયંકર છે કે, જેની હદ નથી, પણ ગભરાવાની કે નાહિંમત થવાની જરૂર નથી. ઉત્સાહ રાખો, આત્મકલ્યાણની ભાવનાને મજબૂત બનાવો, લોકોને વિશ્વાસમાં લ્યો, ભગવાન શ્રી જિનેશ્વરદેવની કલ્યાણકારિણી આજ્ઞાની મર્યાદામાં રહી કામ કરો, આપત્તિઓને જાત માટે સમભાવે સહવા તાકાત કેળવો, કોઇ હરકત નહિ આવે. એક વાત યાદ રાખવી ઘટે કે, કહેવાતા એ યુગવાદીઓને એમના જીવનમાં શ્રી જિનેશ્વરદેવની કોઈ આજ્ઞાનું બંધન છે, એમ માનવાની ભૂલ કરવાની જરૂર નથી. એ બધા વાણી સ્વાતંત્ર્યને નામે યથેચ્છ પ્રલાપ કરનારા અને સ્વાતંત્ર્યના યુગને આગળ ધરી યથેચ્છ રીતિએ કામ કરનારા છે. આવા યુગમાં આપણે આત્મકલ્યાણ માટે જો સાવધગીરી ન રાખીએ તો આપણને હાનિ થયા વિના રહે નહિ. આજના યુગમાં લોકો એવી રીતના ઘડાતા જાય છે કે, લોકોના જીવનમાં મર્યાદા, સંયમ, શુદ્ધ નીતિ–રીતિ વિગેરે જોવા મળે નહિ; આજની રાજદ્વારી પણ નીતિ–ન્યાય અને વાતો વિગેરે બહુ ભયંકર છે. આ સ્થિતિમાં આત્મકલ્યાણની ઇચ્છાવાળા આત્માએ કેટલી તકેદારી રાખવી ઘટે એનો સહુએ વિચાર કરવાની જરૂર છે. આજના યુગમાં આત્મકલ્યાણની ભાવનાવાળા સહુ કોઇને પોતાના અને પરને માટે ધર્મમાં સ્થિરીકરણની આવશ્યકતા છે. ધર્મમાં સ્થિરીકરણ એ પણ શ્રીમજ્જૈનશાસનમાં ફરમાવવામાં આવેલ પાંચ આચાર પૈકીના બીજા દર્શનાચારના આઠ ભેદોમાંનો એક ભેદ છે, જેના આચરણથી દર્શનાચારની આરાધના સુંદર બને છે. સુંદર આરાધનાના પરિણામમાં આત્મા પોતાના કલ્યાણને નિઃશંક પામી શકે છે. આજે તો આત્મકલ્યાણની ઇચ્છાવાળા સહુ કોઇએ એવા પ્રયત્નો કરવાની જરૂર છે કે, જેથી પોતાનો આત્મા અને પોતાની સમીપમાં આવતા અન્ય આત્માઓ ભગવાન શ્રી જિનેશ્વરદેવના કલ્યાણકારી શાસનમાં આવે અને સ્થિર બને. છતી શક્તિએ આપણે ધર્મમાં સ્થિરીકરણનો પ્રયત્ન, લોકહેરીમાં પડી અગર ભય પામી ન કરીએ, તો આજના યુગમાં થતા ધર્મશ્રદ્ધાને હચમચાવવાના પાપ કૃત્યનું કારમું કલંક આપણને પણ લાગે. આથી સહુ કોઇ આત્મકલ્યાણની ભાવનાવાળા, ધર્મમાં સ્થિરીકરણનો પ્રયત્ન કરવા ધ્યાન આપશે, એ જ એક અભિલાષા.

સૃષ્ટિ પર માનવ પ્રાણીની માફક અન્ય પ્રાણીઓને પણ જીવવાનો અધિકાર છે.

# અહિંસાનો સાચો ખ્યાલ:

શ્રી વિપમ.

**અહિંસા પરમો ધર્મ:** આ સુત્ર ઘણી ઘણી વાર સાંભળ્યું, ઘણી ઘણી વાર પઢયું પણ તેના પાલનથી અને તેની શુદ્ધ માન્યતાથી પણ દૂર દૂર રહ્યા. આજનો સુધરેલો સમાજ, એના સમાજવાદીઓ પોતાને અહિંસક માને છે, તેને પોતાના જીવનનો મુદ્રાલેખ સ્થાપે છે અને સાચા અહિંસાના ઉપાસક અને પ્રચારક કહેવડાવે છે પણ વસ્તુતઃ અહિંસા ક્યી ?

અહિંસા એટલે હિંસા ન કરવી તેઃ હિંસાના કાળમુખ ડુંગરોથી દૂર દૂર અહિંસક ભાવમાં આવી વસવું તે. હિંસા કોની હોઈ શકે ? જીવની કે અજીવની ? સામાન્ય માનવી પણ સમજી શકશે કે, હિંસા તો જીવની જ હોઇ શકે અને એટલા જ માટે જીવનું સ્વરૂપ અહિંસાનાં સ્વરૂપ કરતાં વધુ મહત્ત્વનું છે જ જીવના ભેદો પ્રભેદો સહિત સ્વરૂપને પિછાન્યા સિવાય અહિંસાવાદી બનાતું નથી. પ્રથમ જીવદયાનો અમર ઝંડો આત્માની ઉંડે પૂર્ણ પ્રકાશિત હોવો જરૂરી જ છે.

જીવોનું સામાન્ય સ્વરૂપ પણ નિહાળતા માલમ પડશે કે, મનુષ્યો જ જીવો નથી, બીજા પણ છે. કેવળ મનુષ્યને જ જીવવાનો અધિકાર નથી, પ્રત્યેક દેહધારી પ્રાણધારીઓને પણ જીવવાનો અધિકાર છે જ. પછી તે હાથી હોય કે કીડી હોય, રાજા હોય કે રંક હોય, ધનવાન હોય કે નિર્ધન હોય, પ્રચંડ દેહધારી હોય કે અલ્પ કાયાધારી હોય પ્રત્યેકને જીવન એ મહામૂલી મૂડી છે, એને લૂંટવાનો—ઝુંટવાનો કે નષ્ટ કરવાનો કોઇને પણ હક્ક નથી. ઈજારો નથી, અધિકાર નથી.

મનુષ્યો ઉચ્ચ કોટીના ગણાય છે, દેવોથી પણ ઉચ્ચ ગણાય છે, એટલા જ માટે કે, ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજી અધિકાધિક પ્રકારે આરાધનાદ્વારા ભવસમુદ્રમાંથી જીવન નાવ પાર પામે છે. પોતાના અલ્પસુખો માટે અન્યોનો નાશ કરે, મરણાંત રીબામણો અર્પે અથવા તો પોતાના ક્ષણભંગુર, વિનાશી દેહની વાસનાના કીડા બની, અન્યોના કાળમુખ બને અને તે પણ અહિંસાના નામે, અહિંસા પરમો ધર્મના ધ્વજ હેઠળ ! બળીઆ આગળ માથું ઝુકાવવું અને નબળાઓની કતલ કરવી એ અહિંસા નહિ પણ અહિંસાના લેબાશમાં પોષાયેલી ઘોર હિંસા જ છે, એ કોણ કબુલ નહિ કરી શકે?

સાચા અહિંસાવાદીઓએ તો પ્રાણીઓ અપરાધી છે કે નહિ તે મુદ્દાને પ્રધાનતા તો ન જ આપવી જોઇએ. અપરાધીઓને પણ ક્ષમા આપવી એમાં જ માનવતા રહેલી છે.

**क्षमा वीरस्य भूषणम्** આ પંક્તિ કેમ હવામાં ઉડાવાય છે ?

બીજી દૃષ્ટિએ વિચારીએ તો માલમ પડશે કે, અન્યો કરતાં મહાપરાધી તો મનુષ્ય જ છે, જે સ્વસુખો માટે અને પોતાના દુઃખમય કંટકો નષ્ટ કરવા માટે અન્યોનો ઘાતક બને છે.

સાચો અહિંસાનો ઉપાસક કે પ્રચારક જ્યાં શાકાહાર વિદ્યમાન હોવા છતાંપણ, વિનાશી દેહનો ટકાવ સારીરીતે થઇ શકતો હોવા છતાં પણ શારીરિક પુષ્ટિ ખાતર યાતો જીભના ચટકાઓ ખાતર 'કોડલીવર ઓઇલ' યાતો ઈંડા મચ્છીનો આહાર કરી કે કરાવી શકે ખરો ? કદાચ ન ખાવા મળતાં ઝેરનો આહાર કરવા ક્યો શાણો પુરુષ તૈયાર થશે? હિંસાના અલ્પ દોષોથી પણ મુક્ત થવા શ્રી વીતરાગ ભાષિત ત્યાગ માર્ગની હજુ અસ્તિત્વતા છે, એ પંચ મહાવ્રતધારીઓ એકેંદ્રિયની પણ સુંદર અહિંસા

પાળી રહ્યા છે. તેઓએ અલ્પ પ્રાણવાનોનો સ્પર્શ પણ વર્જ્યો છે, સાચી અહિંસા તો વસેલી છે. મુખસૂત્રોના ભાષણોથી નહિ, પ્રચારક તરીકે જગમાં ખ્યાતિ મળેથી નહિ પણ સાહૃદયી ક્રિયાના સંગમથી.

મરેલા ઢોરના ચામડાની બનેલી વસ્તુઓને અહિંસક ચીજો આલેખી પ્રચાર કરવો અને બીજી બાજુએ વાંદરાં મારવાનો અને મચ્છી ખાવાનો ઉપદેશ આપવો આમાં અહિંસા કયાં રહી ? નજર ફેરવતાં સ્વાર્થની પિશાચ વૃત્તિઓ સિવાય કાંઇ જ ભાસતું નથી. "ઢોર આપણે ઉપયોગી છે માટે એમને જીવાડવા, બિચારા વાંદરાઓ ઉપદ્રવ કરનાર છે, માટે હણવામાં અહિંસા ધર્મ સચવાય છે" એને અહિંસા કેમ કહેવાય? એ વાંચકજ કલ્પી લે. અન્યોનો પાલક માનવી રક્ષક મટી ભક્ષક બને ત્યારે ( આજના સુધરેલની ) અવસ્થા તો કલ્પવાની જ રહી.

અંતમાં એટલું જ કે, અહિંસાનું સાચું જ્ઞાન મેળવ્યા વિના પ્રચાર મોકુફ રાખવો. ~~ઉપાસક~~ ઉપાસનામાંથી ચૂકે, જ્યારે ઉન્માર્ગી પ્રચારકો પોતે ડૂબી બીજા માટે લોઢાની નાવ સમા બને છે. આરાધના ન થાય તો હરકત નહિ પણ વિરાધનાથી તો અવશ્ય ચેતવું જ જરૂરી છે.

સાચી અહિંસા એ આત્મગુણ સ્ફુરવવાનો મંત્ર છે, મુક્તિ માર્ગની નીસરણી છે. સર્વજ્ઞો ભાષિત વિરતી ધર્મનું પ્રથમ પગથીયું છે. સત્ય માર્ગે સહુ વળે એજ અભ્યર્થના.

## તરૂણ-વીરને—

વીર તરૂણ તું કર તૈયારી, ખુલ્યાં સેવાનાં દ્વાર;
નિદ્રામાંથી જાગૃત થઈ જા, પલ પલ છે પોકાર;
નિસ્વાર્થી સેવાનો ફાલો, ધન, તન, મનના સાટે આલો;
સેવા સુધાનું પાન તું કરી લે, જીવનનો ઉદ્ધાર—વીર૦
સેવી અટવીના ખાડા ટેકરા, વિઘ્ન-વ્યૂહના પહાડ ડુંગરા;
સત્વવંત તું આગળ ધપ જા, ખીલી વસંત બહાર—વીર૦
સમાજજાતિની કુસંપ આગે, શાન્ત કરી કહો જાગો જાગો;
સુસંસ્કારી જીવન બતાવી, વહો ગૌરવ ગુલજાર—વીર૦
જૈનસિદ્ધાંતનું રક્ષણ કરવા, કુયુક્તિથી જાલને હરવા;
મધુર-વાણીથી સત્ય પોકારી, સાધો જન સહકાર—વીર૦
જૈનશાસન-કૌસ્તુભ ચમકાવો, જુઠ દીવાલોને હચમચાવો;
ઉત્સાહી બની ધર્મ ગીતને, ઘર ઘર જઇ લલકાર—વીર૦
સહિષ્ણુતા ભૂમિપર રહીને, જીન આજ્ઞા-ધ્વજ હાથમાં લહીને;
લાખ વિરોધીમાં પણ કરજે, નિડર થઈ પડકાર—વીર૦
મતભેદોમાં ગોથાં ખાતી, મનો ભેદ ખડ્ગે અફડાતી;
બની શુકાની જૈન-સ્ટીમરનો, નાવડીને હંકાર—વીર૦

**શ્રી અજ્ઞેય**

# આપ્તમંડળની યોજના

કલ્યાણની હિતકર પ્રવૃત્તિઓને પહોંચી વળવા કાજે જૈન સમાજના શ્રદ્ધાળુ અને સંસ્કાર રસિકોની પાસે આપ્તમંડળની યોજના રજુ કરી હતી. અમારી ધારણા મુજબ કલ્યાણને આર્થિકતામાં પણ સારો સહકાર મળ્યો છે. સૌ કોઈનો અમે આભાર માનીએ છીએ. **સં.**

## યોજના:

૧. રૂા. **૨૦૧** એકી વેળાએ આપનાર સદ્‌ગૃહસ્થો સંરક્ષક મંડળના આજીવન સભ્ય.

૨. રૂા. **૧૦૧** એકી વેળાયે આપનાર સદ્‌ગૃહસ્થો સહાયક મંડળના આજીવન સભ્ય.

૩. રૂા. **૫૧** એકી વેળાયે આપનાર સદ્‌ગૃહસ્થો શુભેચ્છક મંડળના આજીવન સભ્ય.

૪. રૂા. **૨૧** એકી વેળાયે આપનાર સદ્‌ગૃહસ્થો શુભેચ્છક મંડળના પંચવર્ષીય સભ્ય.

૫. રૂા. **૧૧** એકી વેળાયે આપનાર સદ્‌ગૃહસ્થો શુભેચ્છક મંડળના દ્વિવર્ષીય સભ્ય.

## આપ્તમંડળ

આપ્તમંડળની ઉપરોક્ત યોજનાને આવકારવાપુર્વક, કલ્યાણની શુભપ્રવૃત્તિઓને પોતાનો સહકાર આપવાની ઉદારતા કરી, જેઓએ પોતાનાં શુભ નામો અમારા આપ્તમંડળમાં નોંધાવ્યા છે તે સદ્‌ગૃહસ્થો—

## રૂા. ૨૦૧ આપનાર સંરક્ષક મંડળના આજીવન સભ્યો:

૧ શેઠ શાંતિલાલ મણિલાલ શ્રોફ ખંભાત
૨ શેઠ રમણભાઇ દલસુખભાઇ મુંબઇ
૩ શેઠ કાન્તિલાલ ઉજમશી શ્રોફ ખંભાત
૪ શેઠ બાબુભાઇ છગનલાલ શ્રોફ મુંબઇ
૫ શેઠ કલ્યાણભાઇ છગનલાલ નાણાવટી મુંબઈ

## રૂા. ૧૦૧ આપનાર સહાયક મંડળના આજીવન સભ્યો.

૧ શેઠ જયંતિલાલ બેચરદાસ દોશી મુંબઇ
૨ શેઠ પોપટલાલ પરશોતમદાસ મુંબઇ
૩ શેઠ રમણલાલ વજેચંદ ખંભાત
૪ શેઠ ભોગીલાલ ગીરધરલાલ મુંબઇ
૫ સી. પી. દોશી એન્ડ કું. મુંબઇ
૬ શેઠ ઝવેરચંદ પ્રાગજી ઝવેરી જામનગર
૭ શેઠ રતનલાલ જીવાભાઇ ચોકસી અમદાવાદ
૮ શેઠ છોટાલાલ હેમચંદ રાજકોટ
૯ શેઠ મનુભાઇ લાલભાઇ ચંદુલાલ ઝવેરી અમદાવાદ
૧૦ શેઠ કનુભાઇ લાલભાઇ ચંદુલાલ ,, ,,
૧૧ શેઠ જગજીવનદાસ શેષકરણ જુનાગઢ
૧૨ દોશી સૌભાગ્યચંદ કુંદનમલ મુંબઇ
૧૩ શેઠ રમણલાલ ડાહ્યાભાઇ ઝવેરી અમદાવાદ

## રૂા. ૫૧ આપનાર શુભેચ્છક મંડળના આજીવન સભ્યો.

૧ શ્રી શાંતિભુવન જૈન સંઘ જામનગર
૨ શેઠ માણેકચંદ પુંજાભાઇ મુંબઇ
૩ શેઠ કેશવલાલ વજેચંદ કાપડીઆ ખંભાત
૪ શેઠ મૂળચંદ ડાહ્યાભાઇ દલાલ ખંભાત
૫ વોરા ઉમેદચંદ કાલીદાસ હ. હેમકોરએન જામનગર
૬ શેઠ હીરાલાલ ઉમેદચંદ ખંભાત
૭ શેઠ અમરચંદ મંગુભાઇ ખંભાત
૮ શેઠ કેશવલાલ છોટાલાલ ખંભાત
૯ સીપોર જૈન સંઘ સીપોર
૧૦ શેઠ વાડીલાલ છોટાલાલ વીસનગર
૧૧ શેઠ મોહનલાલ સખારામ પુના સીટી
૧૨ શેઠ કાન્તિલાલ હંસરાજ રાજકોટ
૧૩ શેઠ મફતલાલ મોહનલાલ અંધેરી
૧૪ સંગીતરત્ન હીરાલાલ દેવીદાસ અમદાવાદ
૧૫ શેઠ ગુલાબચંદ ગફલભાઇ હળવદ
૧૬ શેઠ મણિલાલ ડોસાભાઇ ખાંડવાળા હા. નિર્મળા બ્હેન પાટણ
૧૭ કાશીપરા જૈન ઉપાશ્રય બોરસદ

## રૂા. ૨૧ આપનાર શુભેચ્છક મંડળના પંચવર્ષીય સભ્યો.

૧ શાહ નેમચંદ માણેકચંદ મુંબઈ
૨ શેઠ ગીરધરલાલ અમીચંદ કૂંડલા
૩ શાહ બાલચંદ ઇશ્વરલાલ મુંબઇ
૪ શાહ વરજીવનદાસ અભેચંદ મુંબઇ
૫ ઝવેરી શાંતિલાલ ખેતસી જામનગર
૬ શાહ તલકચંદ નાનચંદ દાદર
૭ દોશી લાલચંદ મુલચંદ જામનગર
૮ શાહ છોટાલાલ માણેકચંદ ,,
૯ ઝવેરી કપુરચંદ અજરામર ,,
૧૦ જૈન લાઇબ્રેરી સીરસાલા
૧૧ શા. શાંતિલાલ ઉમેદચંદ ખંભાત
૧૨ શા. સોમચંદ પાનાચંદ ખંભાત
૧૩ સંઘવી ફીરચંદ સુંદરજી મોરબી
૧૪ મકીમ વેલજી કચરાભાઇ જામનગર
૧૫ શ્રી સરદારપુર જૈન સંઘ સરદારપુર
૧૬ પારેખ નારણજી હીરજીભાઈ જામનગર
૧૭ શાહ ચંપકલાલ છોટાલાલ સુતરીઆ સુરત
૧૮ શાહ નટવરલાલ ભોગીલાલ વડનગર
૧૯ શાહ ભાઇચંદ ફુલચંદ મોરબી
૨૦ મહેતા માધવજી હીરજીભાઇ ધોરાજી
૨૧ શાહ નરભેરામ હંસરાજ જામનગર
૨૨ શાહ વાડીલાલ ફકીરચંદ ખંભાત
૨૩ શેઠ પ્રેમચંદ કચરાણી ભાણવડ
૨૪ ગાંધી મોનજી ધનજી આરામડા
૨૫ શા. ત્રિભોવનદાસ હીરજી શીવા
૨૬ શાહ બાબુલાલ નેમચંદ મુંબઇ
૨૭ શ્રી આગલોડ જૈન સંઘ
૨૮ નંદરબાર જૈન પેઢી
૨૯ ઝવેરી અમૃતલાલ કપુરચંદ મુંબઇ
૩૦ રાધનપુર જૈનશાળા સંઘ
૩૧ શાહ કાંતિલાલ મહાદેવ કચ્છ—માંડવી
૩૨ શેઠ ચૂનીલાલ કમળશી જોરાવરનગર
૩૩ શેઠ સાકરચંદ પાનાચંદ જામવણથલી
૩૪ શાહ વીરપાળ હીરાલાલ જામનગર
૩૫ શાહ રમણલાલ ચૂનીલાલ મુંબઈ
૩૬ શાહ રામચંદ દેવરાજ જામનગર
૩૭ શાહ બાબુલાલ પરશોતમ તંબોલી રાજકોટ
૩૮ શાહ મગનલાલ પાનાચંદ રાજકોટ
૩૯ શાહ વીરચંદ લખમીચંદ અમદાવાદ
૪૦ શાહ રીખવાજી મનાલાલ મુંબઈ
૪૧ શાન્તાબેન રમણલાલ ઝવેરી અમદાવાદ
૪૨ બાબુભાઈ ભગવાનજી દાદર
૪૩ શાહ પોપટલાલ નરશીદાસ મુંબઈ
૪૪ શાહ ઠાકરશી હીરજીભાઇ દાદર
૪૫ શાહ અમૃતલાલ જેશીંગલાલ અમદાવાદ
૪૬ શાહ પ્રેમચંદ ગુલાબચંદ મુંબઈ
૪૭ શ્રી જવાહિર સ્ટોર્સ દાદર
૪૮ શા. કાનજીભાઇ રતનશી દાદર

## રૂા. ૧૧ આપનાર શુભેચ્છક મંડળના દ્વિવર્ષીય સભ્યો.

૧ વોરા લાલચંદ વેલચંદ વઢવાણ શહેર
૨ શાહ મણિલાલ ચુનીલાલ ,, ,,
૩ દોશી સવચંદ જેઠાભાઇ ,, ,,
૪ દોશી ફુલચંદ લાલચંદ ,, ,,
૫ શાહ શાંતિલાલ ત્રીકમલાલ ,, ,,
૬ શ્રી જિતરાજજી હિંદુમલજી કોલ્હાપુર
૭ શાહ બાલચંદભાઇ ભીખાભાઇ ખંભાત
૮ શાહ ફુલચંદ રણછોડદાસ ,,
૯ શાહ અમરચંદ કસલચંદ ,,
૧૦ શાહ ભોગીલાલ દલસુખભાઇ ,,
૧૧ પા. મગનલાલ લલ્લુભાઇ ,,
૧૨ શાહ વાડીલાલ ચુનીલાલ દંતારા ,,
૧૩ શાહ નેમચંદ પાનાચંદ ,,
૧૪ શાહ ઠાકરશીભાઇ ધરમચંદ ,,
૧૫ શાહ ભીખાભાઇ ચુનીલાલ ભગત ,,
૧૬ શાહ હીરાચંદ ફીલાભાઈ ,,
૧૭ શાહ ન્યાલચંદ રતનચંદ ,,
૧૮ શેઠ ભોગીલાલ બબલદાસ મુંબઈ
૧૯ ઝવેરી માણેકલાલ ચુનીલાલ સુરત
૨૦ ડૉ વલ્લભદાસ નેણશીભાઇ મોરબી
૨૧ શાહ વરવાલાલ અમૃતલાલ ખાવડ
૨૨ શ્રી લાડોલ જૈન સંઘ [વિજાપુર]
૨૩ શાહ સુંદરલાલ ચુનીલાલ વડોદરા
૨૪ શાહ ભીખાભાઈ ઝવેરચંદ ખંભાત
૨૫ શાહ પરશોતમદાસ છગનલાલ ,,
૨૬ શાહ જીવાભાઈ મોતીલાલ ,,
૨૭ શાહ નગીનદાસ આશાલાલ ,,
૨૮ શાહ ભોગીલાલ ચુનીલાલ ,,
૨૯ શાહ ગુલાબચંદ કેપુરચંદ ,,
૩૦ શાહ મનુભાઈ કચરાભાઈ ,,
૩૧ શાહ રતનલાલ છગનલાલ ,,
૩૨ પા. અમૃતલાલ મનસુખભાઈ ,,
૩૩ શાહ કેશવલાલ મૂળચંદ ,,
૩૪ શાહ નાનાલાલ જેઠાભાઈ ,,
૩૫ શાહ ભીખાભાઈ મોહનલાલ ,,
૩૬ શાહ નાથાલાલ મોહનલાલ મહેસાણા
૩૭ મેઘજી ટોકરશીભાઈ હ. પ્રેમજીભાઈ મુંબઈ
૩૮ શ્રી જૈન શ્વેતામ્બર પાઠશાળા ઈડર
૩૯ શ્રી ચીમનલાલ જી. શાહ મુંબઈ
૪૦ શાહ લાલજી કેશવજી ચીનાઈ મુંબઇ
૪૧ શાહ ચંદુલાલ ભોગીલાલ અમદાવાદ
૪૨ ઝવેરી મંગળદાસ નથ્થુભાઇ વિજાપુર
૪૩ ઝવેરી ભોગીલાલ નથ્થુભાઇ મુંબઈ
૪૪ શેઠ ભોગીલાલ હાલાભાઇ પાટણ
૪૫ શાહ તેજરાજ કસ્તૂરચંદ જામખંડી
૪૬ શાહ બાબુલાલ પ્રેમચંદ મુંબઇ
૪૭ શાંતિચંદ્ર ઝવેરચંદ ઝવેરી મુંબઇ
૪૮ ભાઇચંદ તારાચંદ કાપડીઆ સુરત

### ગ્રાહકોને અગત્યનું—

જે અંકે આપનું લવાજમ પૂરું થાય છે તેની ખબર આપને પોષ્ટદ્વારા આપવામાં આવે છે, છતાં કેટલાક ગ્રાહકબન્ધુઓ લવાજમ ભરતા નથી અને પત્રથી ગ્રાહક ન રહેવાની સૂચના પણ આપતા નથી. રાહ જોઇ જ્યારે વી. પી. કરવામાં આવે છે ત્યારે વી. પી. પાછું મોકલે છે, તો નાહક સંસ્થાને ખોટા ખર્ચમાં નહિ ઉતારતાં ત્રણ પૈસાના કાર્ડથી ખબર આપવા મહેરબાની કરવી યોગ્ય છે.

જ્યારે તમારા સીરનામાની ફેર બદલી થાય ત્યારે સંસ્થામાં ગ્રાહકે જણાવવું જોઇએ. કેટલાક ગ્રાહકોની પાછળથી બૂમ આવે છે, પણ તે તેમની જ ભૂલ છે, ફેરબદલીનું સીરનામું ન જણાવવામાં આવે ત્યાંસુધી મૂળ સીરનામે અંકો જાય છે. ગેરવલ્લે જાય તેના જવાબદાર અમે રહેતા નથી અને ફરી અંકો મોકલવામાં આવશે નહિ.

# ઉદ્દેશ અને નિયમો

૧ કલ્યાણનો મુખ્ય ઉદ્દેશઃ 'દેશ અને સમાજના વાતાવરણને અનુલક્ષીને જૈન સંસ્કૃતિનો સંદેશઃ સરળ, ભાવવાહી અને સંસ્કારી ભાષાના લેખો દ્વારા જૈન-જૈનેતર સમાજના સંસ્કાર-વાંચ્છુ વર્ગની સમક્ષ રજૂ કરવો'.

૨ જૈન તત્ત્વજ્ઞાન, શિક્ષણ, ઇતિહાસ, સાહિત્ય, તીર્થ પ્રવાસ, કથા કે ધર્મોપદેશ ઇત્યાદિ કોઇપિણ વિષયને સ્પર્શીને ટુકમાં મુદ્દાસરનું લખાણ કે, જે હળવી શિષ્ટ અને સરળ ભાષામાં લખાયેલું હોય તેવું લખાણ પ્રગટ કરવું.

૩ આવેલા લેખોમાં આવશ્યક જણાય તે ફેરફાર કરવાનો અધિકાર સંપાદકને રહેશે.

૪ લેખોની પસંદગીનું કાર્ય સંપાદકની ઇચ્છા ઉપર રહેશે પસંદગીનું ધોરણ બેશક નિષ્પક્ષ રીતે સચવાશે. કોઇને પણ અન્યાય નહિ થાય, તેની પૂરતી કાળજી રહેશે પણ પ્રાચીન સંશોધન જૈન તત્ત્વજ્ઞાન કે અદ્યતન શૈલીએ રજૂ થતી ઐતિહાસિક કથા અથવા તીર્થયાત્રા અને ધાર્મિક કે સામાજિક પ્રશ્નોની જૈન સંસ્કૃતિની દૃષ્ટિયે સમાલોચના;ઇત્યાદિ વિષયોના ટૂંક,મર્મ-સ્પર્શી અને રોચક ભાષાવાળા લેખોને પહેલું સ્થાન મળશે.

૫ કોઇપણ કારણસર અપ્રગટ થયેલ લેખ પાછો મંગાવનારને મંગાવનારના ખર્ચે તે લેખ પાછો મોકલવામાં આવશે; પણ પ્રસિદ્ધ ન કરવાનાં કારણો જણાવવાને સંપાદક જવાબદાર નહિ રહે. અપ્રસિદ્ધ લેખ, અંક પ્રગટ થયા પછી એક મહિના પછી નહિ મળી શકે.

૬ અવલોકનાર્થે મોકલાવાતાં પુસ્તકો, સામયિકો કે પ્રકાશનોનું નિષ્પક્ષ અવલોકન પ્રગટ થતું રહેશે.

૭ લેખ વધારેમાં વધારે ફુલ્સકેપ બે પેજથી અધિક ન હોવો જોઇએ, લખાણ કાગળની એકજ બાજૂ અને શાહીથી સ્પષ્ટ અક્ષરોમાં લખી મોકલવું.

૮ જે અંકમાં લેખ લેવામાં આવ્યો હશે તેજ અંક લેખકને ફ્રી મોકલવામાં આવશે. લેખકે પોતાનુ પુરૂં સીરનામું લખી મોકલવું.


## રોજના માત્ર બે પાઇના ખર્ચમાં સંસ્કાર, સાહિત્ય અને ધર્મનો સંદેશ

ઘેર બેઠાં મેળવવા ઇચ્છતા હો તો જૈન સંસ્કૃતિના સંદેશવાહક **'કલ્યાણ'** ના ગ્રાહક આજેજ થવું જરૂરી છે.

જેમાં 'ઇતિહાસનાં વહેતાં વ્હેણો' દ્વારા ભૂતકાલીન તેમજ વર્તમાનના ઐતિહાસિક બનાવોની માર્મિક ટુંક નોંધ, જ્ઞાનગોચરીમાં નવું જાણવા જેવું, આધુનિક શૈલીયે ધાર્મિક કથા, ઔપદેશિક લેખો, તત્ત્વજ્ઞાન; શંકા સમાધાન, હળવી કલમોમાં પ્રાસંગિક નોંધો. આ બધું વિવિધ રસપ્રદ વાંચન મળે છે. આકર્ષક ગેટ અપ, ગ્લેજ સફેદ કાગળપર સ્વચ્છ છાપકામ, છતાં વાર્ષિક લવાજમ ભેટ પુસ્તક સાથે રૂા. ૪-૦-૦

**સોમચંદ ડી, શાહ**
કલ્યાણ પ્રકાશન મંદિર
**પાલીતાણા.** (કાઠિયાવાડ)

# નીચેના સ્થળોએ લવાજમ ભરી શકાશે

૧ શા. નેમચંદ માણેકચંદ
ઠે૦ ૨૯૨, મસીદ બંદરરોડ તૈયબમંઝીલ
ઈમ્પીરીયલ બેંક સામે **મુંબઇ ૩**

૨ શેઠ જયંતિલાલ બહેચરદાસ
ઠે૦ મીરઝાસ્ટ્રીટ વ્યંકટેશભુવન બીજે માળે
**મુંબઈ ૩**

૩ શા. તલકચંદ નાનચંદ
ઠે૦ શેઠ મગનલાલ ડાયાભાઇની ચાલ
દાદર ૧૪ (**મુંબઈ**)
બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વે

૪ શા. સુખલાલ ઓઘડભાઈ
લોખંડના વેપારી ઠે૦ બજારમાં
**વઢવાણશહેર** (કાઠિઆવાડ)

૫ શા. નેમચંદ વીરજીભાઈ
ઠે૦ શ્રી કપુરચંદ અજરામર ઝવેરી
**જામનગર** (કાઠિઆવાડ)

૬ ફુલચંદ એમ. શાહ
ઠે૦ મેસર્સ નાગરદાસ ખેતસી
અમદાવાદી બજાર **નડીઆદ** (ગુજરાત)

૭ શેઠ જીવાભાઇ કેશવલાલ
ઠે૦. દીલીપકુમાર રમણલાલની કું.
ઠે. મસ્કતી માર્કીટ **અમદાવાદ**

૮ શ્રી મહોદય પ્રીં. પ્રેસ
ઠે. દાણાપીઠ **ભાવનગર** (કાઠિઆવાડ)

૯ શાહ હીરાલાલ રણછોડદાસ
ઠે૦ ગોપીપુરા **સુરત**

૧૦ નટવરલાલ ભોગીલાલ કાપડીઆ
ઠે૦ બજારમાં વાયા, મહેસાણા **વડનગર**

૧૧ પં. શીવલાલ નેમચંદ શાહ
ઠે૦ શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
**મહેસાણા** (ઉ. ગુજરાત)

૧૨ પં. છબીલદાસ કેશરીચંદ
ઠે૦ દાદાસાહેબની વાડી
**ખંભાત** (ગુજરાત)

૧૩ શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ઠે૦ પાયધુની ગોડીજીની ચાલ
પહેલે માળે **મુંબઈ ૩**

૧૪ સુંદરલાલ ચુનીલાલ શાહ
ઠે૦ ઘડીઆળી પોળ કોલાખાડી
ધન્યનિવાસ **વડોદરા** (ગુજરાત)

૧૫ મંગળદાસ ઉમેદચંદ શાહ
વાયા નવાડીસા **બાપલા**

---

**નોટઃ**—લવાજમ ભરનારે લવાજમ ભર્યાની ખબર પાલીતાણા ખાતે આપવી.

**એક રૂપીઓ બાર આનામાં**

૧ પૂણ્યનો સિતારો
૨ હૃદયના તાર
૩ વિનાશનાં વમળ
૪ પવિત્રતાને પંથે
૫ સુસીમા
૬ વીર રણસીંહ
૭ દેવપાલ
૮ પ્રાર્થના
૯ પિયુષપ્રવાહ
૧૦ વેરાયેલાં ફુલો

લખો—
**શા. ઉમેદચંદ રાયચંદ**
**ગારીઆધર** ( કાઠિઆવાડ )

**ત્રાપજનો મીઠો માવો અને કેશરીયા પેંડા મેળવવાનું વિશ્વાસ પાત્ર અમારા ઘરનું ઠેકાણું**
**શા. લક્ષ્મીચંદ રાયચંદ ત્રાપજકર**
ઠે૦ મામાની છીપર, ગોડીપાર્શ્વનાથના દહેરાસર પાસે
**પાલીતાણા.**

**મંદિરો ઉપયોગી—**

ધાતુની પ્રતિમાઓ, પરિકરો, સિંહાસનો, રથ, ઇંદ્રધ્વજા, ત્રિગડાંઓ વગેરે લાકડા ઉપર નકસીદાર કામ બનાવી સોના, ચાંદી, પિત્તળ, જર્મન વગેરે ધાતુઓથી મઢી આપનાર—

**વ્રજલાલ રામનાથ મિસ્ત્રી**
ઠે૦ છેલ્લી ગેઇટ પાસે **પાલીતાણા**

**પુસ્તકો ક્યાંથી ખરીદશો ?**

જૈનધર્મનાં પુસ્તકો, સાપડા, નવકારવાળીઓ, ફોટાઓ વગેરે અમારે ત્યાંથી વ્યાજબી ભાવે મળશે.

લખો યા મળો—
**શા રતનશી જીવરામ વીરપાણી**
ઠે૦ માળીના મંદિર સામે **પાલીતાણા.**

**“ કલ્યાણ ” માં જાહેરખબર આપવાના ભાવ**

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
|---|---|---|---|---|
| આખું પેજ | રૂા. ૧૫ | ૩૫ | ૬૦ | ૧૦૦ |
| અડધું પેજ | રૂા. ૯ | ૨૦ | ૩૫ | ૬૦ |
| પા પેજ | રૂા. ૫ | ૧૨ | ૨૦ | ૩૫ |

કવર પેજ ત્રીજું રૂા. ૨૦ — કવર પેજ ચોથું રૂા. ૨૫

**કલ્યાણ**—હજારો વાચકોના હાથમાં જાય છે. આપના માલની જાહેરખબર આપી એક વખત ખાત્રી કરવા અમારી આપને ભલામણ છે.

લખો:—
**શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર**
**પાલીતાણા** ( કાઠિઆવાડ )

**તા. ક.** આટલા સસ્તા દરોથી
ભાગ્યે જ કોઇ જા+ખ લેતું હશે.

# —પાઠશાળા, પ્રભાવના અને લાઈબ્રેરી ઉપયોગી પ્રકાશનો—

| | | | | | |
|---|---|---|---|---|---|
| બે પ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૩૫—૦—૦ | નિત્યનોંધ | ૧૦૦ ના | ૧૨—૦—૦ |
| બે પ્રતિક્રમણ સાર્થ | ૧૦૦ ના | ૧૩૫—૦—૦ | સ્નાત્રપૂજા | ૧૦૦ ના | ૧૮—૦—૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૧૩૫—૦—૦ | રત્નાકરપચ્ચીસી | ૧૦૦ ના | ૧૫—૦—૦ |
| પંચ પ્રતિક્રમણ સાર્થ | ૧ ના | ૩—૮—૦ | નેમનાથનો શ્લોકો | ૧૦૦ ના | ૧૨—૦—૦ |
| જીવવિચાર સાર્થ | ... ... | ૦—૯—૦ | નવસ્મરણ | ૧૦૦ ના | ૫૦—૦—૦ |
| નવતત્ત્વ સાર્થ ... | ... .... | ૧—૦—૦ | સ્તવકર્ણિકા (સ્તવનાવલી) | ૧૦૦ ના | ૨૫—૦—૦ |
| દંડકસંગ્રહણી સાર્થ | ... ... | ૧—૨—૦ | સુધારસ સ્તવનાવલી | ૧૦૦ ના | ૪૫—૦—૦ |
| અનુપૂર્વિ મોટી ( જયપુર ) | ... | ૨—૦—૦ | ગહુંલીસંગ્રહ | ૧૦૦ ના | ૨૦—૦—૦ |
| દર્શનચોવીસી નાની | ... ... | ૦-૧૦-૦ | દેવવંદનમાલા | ૧ ના | ૨—૦—૦ |
| કર્મગ્રંથ ભાગ ૨ | ... ... | ૨—૪—૦ | વિવિધપૂજા સંગ્રહ | ... ... | ૩—૮—૦ |
| સંવાદ સંગ્રહ ... | ... ... | ૦-૧૨-૦ | સિન્દુર પ્રકર ... | ... ... | ૦—૬—૦ |
| પંચ પ્રતિક્રમણ શાસ્ત્રી ... | ... | ૧—૮—૦ | ગુર્જરસાહિત્ય ભાગ ૧ ... | .... | ૨—૦—૦ |
| સજ્ઝાયમાલા ... | ... ... | ૨—૦—૦ | ગુર્જરસાહિત્ય ભાગ ૨ ... | ... | ૧—૪—૦ |
| અભક્ષ્ય અનંતકાય | ... ... | ૧—૦—૦ | ચંદરાજાનો રાસ | ... ... | ૪—૦—૦ |
| શ્રમણ વંશવૃક્ષ ... | ... ... | ૦-૧૨-૦ | શ્રીપાળરાજાનો રાસ | ... ... | ૨—૮—૦ |
| આદિનાથ ચરિત્ર | ... ... | ૫—૦—૦ | ભામાશાહ ... | ... ... | ૨—૪—૦ |
| મહાવીરસ્વામી ચરિત્ર | ... ... | ૪—૦—૦ | સુકૃતસાગર ... | ... ... | ૧—૪—૦ |
| વાસુપૂજ્ય ચરિત્ર | ... ... | ૩—૮—૦ | સુરસુંદરી ... | ... ... | ૨—૪—૦ |
| ચંદ્રપ્રભુ ચરિત્ર ... | ... ... | ૨—૮—૦ | ગુણવર્મા ... | ... ... | ૦-૧૨-૦ |
| વિમળનાથ ચરિત્ર ... | ... ... | ૨—૮—૦ | તરંગવતી ... | ... ... | ૦-૧૨-૦ |
| પ્રભાવક ચરિત્ર ... | ... ... | ૩—૦—૦ | કીર્તિશાળી કોચર | ... ... | ૦-૧૨-૦ |
| દાનપ્રદીપ ... | ... ... | ૩—૮—૦ | કચ્છ—ગીરનારની યાત્રા ... | ... | ૧—૪—૦ |
| સામાયિકસૂત્ર | ૧૦૦ ના | ૧૦—૦—૦ | નવીન સ્તવન મંજરી ... | ... | ૦—૬—૦ |

**સાપડા, નવકારવાળીઓ ફોટાઓ**
**અને સંસ્કારી ધાર્મિક પ્રકાશનો**
**માટે અમને પૂછો;**

**સોમચંદ ડી. શાહ**
ઠે૦ જીવનનિવાસ સામે
**પાલીતાણા** ( કાઠિઆવાડ )

# 'કલ્યાણ' ને મળેલો સત્કાર

ઉદ્દેશ આ સામયિકના સંપાદકે સ્પષ્ટ કર્યો છે, અને જે લેખો આ અંકમાં નજરે પડે છે તે લેખો આ ઉદ્દેશને વધારે સ્પષ્ટ કરે છે. એટલુંજ નહિ પણ આ ઉદ્દેશના પોષક છે.

**કલમ કિતાબ** [જન્મભૂમિ]

એના આ પ્રથમ અંકનું ધોરણ હંમેશ માટે જાળવી રાખવાનો પ્રયાસ કરવામાં આવે તો ઉદાર દૃષ્ટિએ ચાલતું આ 'કલ્યાણ' સ્વ. મણીલાલ નથુભાઇના **સુદર્શન**નું સ્થાન યોગ્યતાપુર્વક લઇ શકે.

**પ્રજાબન્ધુ**

એકંદર આ કલ્યાણ જૈન ભાઇઓ, બહેનો તેમજ ઇતર સંપ્રદાયોને પણ ઉપયુક્ત નિવડે તેવું છે.

**ગુજરાતી**

જૈન ધર્મના વિદ્વાન લેખકોના લેખો હોઇને કેટલાક તો જૈનેતરોને પણ જ્ઞાન સાથે એ ધર્મની સંસ્કૃતિદર્શક સારી માહિતી પણ મળે તેમ છે.

**પુસ્તકાલય**

મનનીય લેખો વાંચવા જેવા છે, તેમજ આ 'કલ્યાણ' ને ઉત્તેજન આપવાની આવશ્યકતા જોઇએ છીએ. **આત્માનન્દ પ્રકાશ**

કલ્યાણના લેખો સુંદર હતા, નિહાળી આનંદ.

**પૂ. આ. વિજયલબ્ધિસૂરિજી મ.**

ઇચ્છું છું કે, તમારી સેવાઓ, તમારી અંતરની ધગશ પ્રમાણે સ્વપરના ઉત્કર્ષની પરાકાષ્ટાને સાધનારી નિવડો. **પૂ. આ. વિજયજંબૂસૂરિજી મ૦**

વર્તમાનના ઝેરી વાતાવરણમાં કલ્યાણકામી આત્માઓ માટે આ કલ્યાણકારક **કલ્યાણ** પત્ર અતિ ઉપયોગી છે. **પૂ. આ. વિજયામૃતસૂરિજી મ.**

ભાવવાહીને હૃદયવેધક લેખોને અવલોકતાં અસીમ હર્ષ. **પૂ. આ. વિજયભુવનતિલકસૂરિજી મ.**

વીતરાગ દેવના શાસનને ફેલાવનાર બને એમાં અમારી પૂર્ણ સહાનુભૂતિ છે.

**પૂ. ઉ૦ ભુવનવિજયજી ગણિવર**

ગારૂડી મંત્રનું કામ કરી તેના 'કલ્યાણ' નામની સાર્થકતા કરી શાસન સેવામાં કટીબદ્ધ રહો.

**પૂ. પં. પ્રવિણવિજયજી મ.**

"કલ્યાણ" દ્વારા જૈન સંસ્કૃતિનો સંદેશ પ્રચાર પામે એ ઇચ્છનીય છે.

**પૂ. મુ. કનકવિજયજી મ.**

અંક મળ્યો છે, વાંચી ઘણો આનંદ થયો છે.

**પૂ. મુ. મુક્તિવિજયજી મ.**

જૈનોને જાણવા જેવા ઘણા વિષયોથી ખંડો ભરેલા છે. **દિ.બ. કૃષ્ણાલાલ મોહનલાલ ઝવેરી**

આપની આ પ્રવૃત્તિ ઘણી આવકારદાયક ને સ્તુતિપાત્ર છે.

**મગનલાલ દોશી** સી. પી. દોશી એન્ડ કું.

કલ્યાણદ્વારા શાસન અને સમાજને ભવિષ્યમાં સારો લાભ થઇ શકશે.

**શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી**

જૈન દર્શન અને જૈન સંસ્કૃતિ તેમજ જૈન સાહિત્યને લગતા તેમાંના લેખો વાંચતાં ઘણા સુંદર અને મનનીય માલુમ પડયા છે.

**શ્રી રણછોડલાલ પી. કોઠારી**
ચીફ મ્યુની. ઓ. નવાનગર સ્ટેટ

શ્રી જૈન શાસન અનુસાર આ કલ્યાણનો પ્રયાસ ખરેખર સ્તુત્ય અને અનુમોદનીય છે.

**શ્રી સુંદરલાલ ચુનીલાલ** M.A.

# એ દિવ્ય આત્મા.

**સં.** ૨૦૦૨ ના આષાડ સુ. ૪ મંગળવાર તા. ૨-૭-૪૬ ના કરાલ દિવસે સાંજે પાંચ વાગ્યાના સુમારે પાદરામાં બાલબ્રહ્મચારી મુનિરાજશ્રી **બાહુવિજયજી** મહારાજના કાળધર્મ પામ્યાના સમાચારે જૈનસમાજમાં શોકની એક ઘેરી છાયા પ્રસરાવી દીધી છે. તેઓશ્રી ગોધાવીના શેઠ **ચીમનલાલ** લલ્લુભાઇને ત્યાં સં. ૧૯૭૨ ના મહા સુ. ૧૧ જન્મ્યા હતા. તેમનું સંસારીનામ **વિમળભાઇ** હતું. તેમણે મેટ્રીક સુધી અભ્યાસ કર્યો હતો. સં. ૧૯૯૧ માં વૈશાખ સુ. ૬ ને દિવસે પરમગુરૂદેવ આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના વરદ હસ્તે પાટણમાં તેમણે ભાગવતી દીક્ષા લીધી હતી. પૂ. આચાર્યદેવશ્રી **વિજયજંબૂસૂરીશ્વરજી** મહારાજના તેઓ શિષ્ય થયા હતા. તેમણે સંસ્કૃત, પ્રાકૃત, પ્રકરણ, કાવ્ય, કોષ, ન્યાય, ધર્મશાસ્ત્ર વિગેરેનો સારો અભ્યાસ કર્યો હતો. લેખન અને વક્તૃત્વશક્તિ પણ સારી કેળવી હતી. સ્વભાવના તેઓ શાંત ભદ્ર પરિણામી હતા.

**સં.** ૧૯૯૫ માં તેઓના શરીરમાં ટી. બી. રોગનાં ચિન્હ માલુમ પડયાં હતાં. તાત્કાલિક ઔષધોપચારથી આરામ થયો હતો પણ વ્યાધિએ ફરીથી ઉથલો માર્યો, હવા પૂરાવવાઆદિકની છેલ્લામાં છેલ્લી ડૉકટરી તેમજ આયુર્વેદીક ટ્રીટમેન્ટો અવિશ્રાન્તપણે કરાવવા છતાં કર્મની ગહનગતિ આગળ કોઇ ઉપાય કારગત થઇ શકયો નહિ. જગતમાં જન્મે છે તે જાય છે જરૂર, પણ પંડિત મરણથી જનાર કોઇક જ હોય છે, આપણા આ મહાત્મા પંડિત મરણ સાધી ગયા છે. તેઓશ્રીની શુદ્ધ, સમાધિ છેક સુધી ઘણી સારી રહી હતી. પોતાના શારીરિક વ્યાધિને તેઓએ ખૂબ શાંતિથી સહન કર્યો હતો 'ચલો મહાવિદેહમાં, અ-શરીરિ થવું છે, ચાલો આપણે ત્યા જઇએ,' આ હતા તેમના છેલ્લા ઉદ્દ્ગારો 'અરિહંત અરિહંત,' કરતા તેમણે પોતાનો જીવનદિપક સંકેલ્યો હતો. તેમના પૂજ્ય ગુરૂજી અને ગુરૂભાઇઓ આદિ, તેમની સેવા સુશ્રૂષા તથા આરાધના કરાવવામાં પહેલેથી આખર સુધી કશીયે ખામી રાખ્યા વિના ખડે પગે તત્પર રહ્યા હતા.

જૈનશાસનના ઉન્નતિક્રમમાં સારી આશા આપતા પૂ. **મુનિવર્યશ્રી બાહુવિજયજી** જેવા એક સાધુરત્ન ત્રીશવર્ષની યુવાનવયમાં પરલોકવાસી બને છે, એ ખરેખર ખેદજનક છે, તેમણે અગીયારવર્ષ ચારિત્રપર્યાય પાળ્યો છે. તેમાં લગભગ પાંચવર્ષ સતત બીમારી ભોગવી છે. છતાં ટુંક સમયમાં તેઓ સ્વગુરૂનિશ્રામાં રહીને જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને તપોમય દિવ્યજીવન જીવી ગયા છે. તેઓ પોતાની શ્રીચતુર્વિધસંઘમાંથી લાખોના સ્વાધ્યાય, સેંકડો ઉપવાસ, આંબેલ, એકાસણાં, બેસણાં, પૌષધ, સામાયિક. જીવદયા, તથા પૂજા, પ્રભાવના, આદિકની આરાધના ખુબ અનુપમ પામી ગયેલ છે. તેઓશ્રીની શ્મશાનયાત્રા ઝરિયાન પાલખીમાં ભવ્ય કાઢવામાં આવી હતી. આખા ગામે પાખી પાળી હતી. પાદરા શ્રીસંઘે ગુરૂભક્તિ અચ્છિ બજાવી છે. આ નિમિત્તે અષાડ સુ. ૧૦ થી પાદરાના બન્ને જિનાલયે બે અઠ્ઠાઈ મહોત્સવો કરવામાં આવ્યા છે, તેમના બે સંસારી બહેનોએ પણ પૂ. સાધ્વી **તિલક**શ્રીના સમુદાયમાં પૂ. સાધ્વી **રંજનશ્રી** પાસે દીક્ષા લીધેલી છે, તેમનાં નામ ;પૂ. સાધ્વી **રેવતીશ્રી** અને **રોહિતાશ્રી** છે. સદ્ગતના આત્માને આપણે શાંતિ પ્રાર્થીશું અને તેમના ખાલી પડેલા સ્થાનને પુરવાની આપણામાં શક્તિ જાગે તેમ ઇચ્છીશું [ મળેલું ]

# લાઇબ્રેરીના શણગાર.

| | | | |
|---|---|---|---|
| આદિનાથ ચરિત્ર | ... | .... | ૫-૮-૦ |
| મહાવીરસ્વામી ચરિત્ર | | ... | ૪-૦-૦ |
| વાસુપૂજ્ય ચરિત્ર | .... | .... | ૩-૮-૦ |
| વિમળનાથ ચરિત્ર | .... | .... | ૨-૪-૦ |
| ચંદ્રપ્રભુ ચરિત્ર | ... | .... | ૨-૪-૦ |
| ભામાશાહ | .... | .... | ૨-૪-૦ |
| સુકૃતસાગર | ... | .... | ૧-૪-૦ |
| સૂરીશ્વર અને સમ્રાટ | | ... | ૪-૦-૦ |
| જયાનન્દ કેવળીચરિત્ર | | .... | ૪-૦-૦ |
| કલીંગનું યુદ્ધ | .... | .... | ૧-૪-૦ |
| કનકાવતી | .... | .... | ૧-૮-૦ |
| સેનપ્રશ્ન ભાષાંતર | ... | .... | ૩-૮-૦ |
| ધર્મબિન્દુ | .... | .... | ૨-૮-૦ |
| ચંદરાજાનો રાસ | .... | .... | ૪-૦-૦ |
| પ્રભાવક ચરિત્ર | .... | .... | ૩-૦-૦ |
| દાનપ્રદીપ | .... | .... | ૩-૮-૦ |
| સજ્જન સન્મીત્ર | .... | .... | ૫-૦-૦ |
| અધ્યાત્મ કલ્પદ્રુમ | .... | .... | ૩-૦-૦ |

આ સિવાય પાઠશાળા તેમજ પ્રભાવના માટે જોઇતાં પુસ્તકોનું લીષ્ટ મંગાવો!

**સોમચંદ ડી. શાહ**

જીવનનિવાસ સામે—પાલીતાણા.


બી. પી. પ્રેસ—પાલીતાણા.